દાખલ થયા તારીખ : ૨૫/૦૯/૨૦૧૩
રજીસ્ટરે લીધા તારીખ : ૨૫/૦૯/૨૦૧૩
નિકાલ થયા તારીખ : ૦૮/૦૧ /૨૦૧૯
સમય : વ. મા. દિ.
**૦૫ ૦૩ ૧૪**

સુરેન્દ્રનગરના મહે.એડીશનલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
મું. સુરેન્દ્રનગર.

નવો સે. કેસ નં.૫૩/૨૦૧૪
જુનો સે.કે.નં. ૪૬/૨૦૧૩
આંક :૧૬૨

**ધી સ્ટેટ ઓફ ગુજરાત ................. ફરીયાદી**

**( થાનગઢ પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં.૩૬/૨૦૧૩)**

**<u>વિરુઘ્ઘ</u>**

૧. ભવાનભાઈ પ્રેમજીભાઈ વાઘેલા ઉ.વ.૩૮,
૨. હરીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા ઉ.વ.૩૫,
૩. શાંતીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા ઉ.વ.૨૫,
૪. બોઘાભાઈ ઉર્ફે મુન્નો પ્રેમજીભાઈ વાઘેલા ઉ.વ.૨૨,
૫. ભરતભાઈ હીરાભાઈ વાઘેલા ઉ.વ.૩૧
રહે. નં.૧,૨,૩,૫ વઢવાણ :ફુલચોક જી. સુરેન્દ્રનગર
આરોપી નં.૪ રહે. સાયલા દલીતવાસ ...............**આરોપીઓ**

ગુન્હો : ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૫૦૪,૫૦૬(૨)
૧૨૦ બી, ૩૪મુજબ.

................................................

**ફરીયાદ પક્ષ તરફે વિ.ડી.જી.પી.એમ.પી.સભાણી**
**આરોપીઓ નં.૧થી૪ તરફે વિ.વ.શ્રી જે.એચ.ગોંડલીયા**
**આરોપી નં. ૫ તરફે વિ.વ.શ્રી ડી.પી. પાઠક**

................................................

**:: <u>ચુ કા દો</u> ::**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી મુળજીભાઈ ઉર્ફે ભીમ સ.ઓ. રાજાભાઈ કરશનભાઈ મકવાણા રહે. થાનગઢ, જી.સુરેનદ્રનગરનાએ તા.૧૩/૬/૧૩ ના રોજ આપેલ ફરીયાદી હકીકત મુજબ" ગઈ કાલ તા.૧૨/૬/૧૩ ના રોજ અમો બધા અમારા ઘરે હાજર હતા ત્યારે સવારના સાડા અગ્યારેક વાગ્યાના અરસામાં મારો ભાણેજ કનુભાઈ હીરાભાઈ વાઘેલા રહે. વઢવાણ વાળો અમારા ઘરે આવેલ અને મને મારા ભાણેજે વાત કરેલ કે મારે ચોટીલા ચાંમુડા માતાજીની માનતા હતી તે માનતા કરીને અહી આવેલ છુ તેમ વાત કરેલી અને બપોરના અમો બધા ભેગા ખાવા બેઠેલા અને ખાઈને અમારા ઘરે હાજર હતા અને સાંજના છ એક વાગ્યાના અરસામાં હું તથા મારો ભાણેજ કનુ અમો બંને જણા ફાટક બાજુ દાઢી કરાવવા માટે ગયેલ ત્યારે રસ્તામાં મારા ભાણેજે મને વાત કેરલ કે પરમ દિવસે રાત્રીના મારા કુટુબી ભાઈ ભવાનભાઈ

પ્રેમજી ભાઈ વાઘેલા મને વઢવાણ રોહીદાસ વાસની ચાલીમાં ભેગા થઈ ગયેલ તેઓએ મને કહેલ કે તુ મારા બાંધકામ કોન્ટ્રાકમાં કેમ વચ્ચે પડે છે. જેથી મે તેઓને કહેલ કે હું તમારા બાંધકકામ કોન્ટ્રાકમાં કયાંય વચ્ચે પડતો નથી ત્યારે ભાવનભાઈએ મને ઉશ્કેરાઈ જઈ બે લાફા મારેલ અને કહેલ કે તુ અહીયા જ ઉભો રહે હું હમણા ઘરેથી છરી લઈને આવુ છુ અને તને પુરો કરી નાખુ છુ જેથી હું ગભરાઈ ગયેલ અને બીકના કારણે ઘરેથી નીકળી ગયેલ છુ અને આજે ચોટીલા માતાજીના દર્શન કરી અહી આવેલ છુ તેમ મારા ભાણેજ કનુએ વાત કરેલ અને દાઢી કરાવી અમો મામો ભાણેજ અમારા ઘરે આવતા રહેલ જેથી મે મારા ભાણેજને કહેલ કે હમણા નહી રોકાઈ જા તેમ કહેતા અમારા ઘરે રોકાયેલ હતો અને સાંજના આઠેક વાગ્યે ખાઈને અમારી ઓસરીમાં બેઠા બેઠા કામ ધંધા વિશે વાતો કરેલી અને મોડી રાત્રે અમારા ઘરનુ ઓસરીનુ પતરાનુ બારણુ બંધ થતુ ન હોય આડુ કરી હું તથા મારો ભાણેજ કનુ તથા હિંમતભાઈ તથા ભત્રીજો મેહુલ ઓસરીમાં ચારેય ખાટલા નાખી સુઈ ગયેલ અને ઓસરીની લાઈટ રાખેલ હતી અને મારી મા તથા ભત્રીજી ઘરમાં સુતા હતા અને આજરોજ વહેલી સવારે સાડા ત્રણેથી ચાર વાગ્યાના અરસામાં અમારી ઓસરીનુ બારણુ કોઈએ જોરથી ખેચતા અવાજ થતા હું જાગી ગયેલ અને બારણાની સામે જ મારો ભાણેજ સુતો ત્યાં વઢવાણ દલીત વાસમા રહેતા ભાવાનભાઈ પ્રેમજીભાઈ વાઘેલા જેના હાથમાં છરી હતી અને હરીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા તથા શાંતીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા તથા ભવાનભાઈ પ્રેમજીભાઈનો સાળો બોઘા પમાભાઈ સાયલા વાળો તથા ભરતભાઈ હીરાભાઈ વાઘેલા લાકડીઓ સાથે આવેલ અને સીધા જ મારા ભાણેજ ઉપર હુમલો કરેલ અને ભગવાનભાઈએ કહેલ કે કનુ મારા બાંધકામ કોન્ટ્રાકમાં દખલગીરી કરતો હતો પરંતુ હવે કયારેય દખલગીરી નહી કરી શકે તેમ કહી છરીનો ઘા છાતીની ડાબી બાજુ જોરથી કરેલ તે વખતે કનુ ઉભો થવા જતા સાથેના હીરાભાઈ તથા શાંતીભાઈ, બોઘા પેમાભાઈએ હાથ પગ પકડી રાખેલ અને ભવાનભાઈએ છરીના ઉપરા છાપરી ઘા મારા ભાણેજ કનુ ઉપર કરેલ અને મારો ભાણેજ ભરત લાકડી લઈ બારણા આગળ ઉભો હતો આ વખતે મે દેકારો કરતા મારો ભત્રીજો તથા મારો ભાઈ તથા મારી મા જાગી ગયેલ અને હું છોડવવા વચ્ચે પડતા ભવાનભાઈએ મને ડાબા હાથ ઉપર છરીનો ઘા મારી આ પાંચેય જણા ઓસરીમાંથી નીકળી રોડ તરફ ભાગવા લાગેલ જેથી હું પાછળ ગયેલ અને આ પાંચય જણા સફેદ બોલેરો ગાડી નં. જીજે ૧૩ સીસી ૮૮૫૦ વાળીમાં બેસી ગયેલા તે વખતે મને ભંવાનભાઈએ ધમકી આપેલ કે અમારા બધાના નામ લખાવી ફરીયાદ કરીશ તો તાારા ભાણાને મારેલ તેમ તમો બધાને સુતા મારી નાખશુ તેમ કહી ગાળો બોલી નવાગામ બાય પાસ બાજુ જતા રહેલ ત્યાર પછી હું મારા ઘરે આવેલ અને ઓસરીમાં જોયુ તો લાકડી તથા છરી મારવા વાળા નાખી ગયેલ તે પડેલ હતી ત્યાર બાદ મે મારા મોટા બેન હીરાબેનને વઢવાણ ફોન કરી બનાવ અંગે વાત કરેલ અને થોડીવાર પછી ૧૦૮ આવેલ અને ૧૦૮માં પંચર પડતા બીજી એમ્બ્યુલન્સ આવતા કનુભાઈને સુવડાવી હું તથા મારા પડોશી ભરતભાઈ તથા કલ્યાણભાઈ તથા મારો ભત્રીજો મેહુલભાઈ વિગેરે બધા થાનગઢ સરકારી દવાખાને સારવાર માટે લાવેલા અને સરકારી દવાખાનાના ફરજ પરના ડોકટર સાહેબે મારા ભાણેજ કનુભાઈને મરણ ગયેલાનુ જણાવેલ.બનાવ બનવાનુ કારણ મારો ભાણેજ કનુ હીરાભાઈ તથા ભવાનભાઈ પ્રેમજીભાઈ બંને જણા બાંધકામના કોન્ટ્રાકટ રાખતા હોય બંને વચ્ચે ધંધા બાબતે મનદુ:ખ હોય જેના કારણે વઢવાણ દલીત વાસ ગામના ભગવાનભાઈ પ્રેમજીભાઈ દલીત તથા હરીભાઈ પ્રેમજીભાઈ ,શાંતીભાઈ તથા બોઘાભાઈ પમાભાઈ,ભરતભાઈ

હીરાભાઈ પાંચયે જણા એક સંપ કરી મારા ભાણેજને મારી નાખવા માટે પ્રથમથી જ કાવતરુ રચી પોતાનો ઈરાદો પાર પાડવા માટે બોલેરો ગાડી નં. જીજે ૧૩ સીસી ૮૮૫૦ વાળી લઈ થાનગઢ આવી ભવાનભાઈ પ્રેમજી ભાઈએ છરી તથા લાકડી જેવા તીક્ષ્ણ હથિયારો સાથે અમારા ઘરની ઓસરીમાં પ્રવેશ કરી મારા ભાણેજ કનુભાઈ સુતા હતા તે દરમ્યાન ભવાનભાઈ પ્રેમજીભાઈએ છરીના ઘા કરી તથા બીજા માણસોએ મારા ભાણેજને પકડી રાખી જીવલેણ ઈજાઓ કરી મોત નીપજાવેલ હોય મને પણ છરીથી ઈજા કરેલ હોય તેઓના સામે ધોરણસર થવા ફરીયાદ છે. આ ફરીયાદ ફરીયાદીએ થાનગઢ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રુબરુ તા.૧૩/૬/૧૩ ના રોજ કલાક ૧૨–૩૦ વાગે નોંધાવ્યા બાદ પોલીસે હાલના આરોપીઓસામે થાનગઢ પો.સ્ટે.ફ. ગુ.ર.નં.૩૬/૨૦૧૩ થી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૨૦ બી, ૩૪ મુજબનો સજાને પાત્ર ગુન્હો નોંધેલ છે.

**(૨)** ફરીયાદીની ફરીયાદના આધારે થાનગઢ પોલીસે આ કામનો ગુનો દફતરે નોંધ્યા બાદઆ કામની તપાસ ત.ક.અમલદારે સંભાળી ફરીયાદીએ બનાવવાળી જગ્યા બતાવતા પંચો રુબરુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ,આરોપી ભરતભાઈ હીરાભાઈને અટક કરેલા, બનાવમાં ઉપયોગમાં લીધેલ બોલેરો ગાડી જીજે ૧૩ સીસી ૮૮૫૦ પંચો રુબરુ પંચનામુ કરી કબજે કરેલી.ફરીયાદીએ બનાવ સમયે પહેરેલ કપડા પંચો રુબરુ પંચનામુ કરી કબજે કરેલા.બનાવમાં મરણ જનારે બનાવ સમયે પહેરેલ કપડા પી.એમ. કરતા સમયે મેડીકલ ઓફિસરે કાઢેલ તે એ.એસ.આઈ.એ રજુ કરતા પંચો રુબરુ પંચનામુ કરી કબજે કરેલા. આરોપી ભરતે બનાવમાં ઉપયોગમાં લીધેલ લાકડી કાઢી આપતા પંચો રુબરુ ડીસ્કવરી પંચનામુ કરી કબજે કરેલી.તા.૧૫/૬/૧૩ ના રોજ આરોપી ભવાનભાઈ, હીરાભાઈ, શાંતીભાઈ અને બોધાભાઈ ઉર્ફેમુનો મળી આવતા પંચો રુબરુ પંચનામુ કરી અટક કરેલા.અટક કરવામાં આવેલ ચારેય આરોપીઓએ બનાવ સમયે પેહેરેલ કપડા તથા મોબાઈલ પંચો રુબરુ પંચનામુ કરી કબજે લીધેલા.આરોપી શાંતીભાઈતથા બોધાભાઈએ લાકડી કાઢી બતાવતા તે રજુ કરતા પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરેલ, આરોપીઓએ બનાવમાં ઉપયોગમા લીધેલ બોલેરો ગાડીના અલગ અલગ જગ્યાના નમુના પંચો રુબરુ પંચનામાનુ કરી કબજે કરેલા,લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ કામમાં સામેલ રાખેલા.તપાસના કામે કબજે કરેલ હથિયારો,કપડા મોબાઈલ એફ.એસ.એલ. તપાસણી અર્થે મોકલી આપેલ એફ.એસ.એલ.નો અભિપ્રાય આવતા તપાસના કામે સામેલ રાખેલ કબજે કરવામાં આવેલ સેમ્પલ સીરોલોજીકલ અર્થે મોકલેલ જે રીપોર્ટ આવી જતા તપાસના કામે સામેલ રાખેલ. બનાવવાળી જગ્યાનો નકશો સર્કલ ઓફિસર દ્રારા તૈયાર કરાવેલ, મરણજનારનુ પી.એમ. કરવામાં આવેલ જે પી.એમ. રીપોર્ટ તપાસના કામે સામેલ રાખેલ,ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટી આવતા તપાસના કામે સામેલ રાખેલ મરણજનારની લાશને પી.એમ. અર્થે મોકલતી વખતે પોલીસ રીપોર્ટ મોકલાવેલ જે મેળવી કામમાં સામેલ રાખેલ.મરણજનારનુ પી.એમ. કર્યા અંગેનો દાખલો મેળવેલો, મુદ્દામાલ કબજે કરેલો,આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ દાખલ કરેલુ. જે લીબડી કોર્ટમાં સે.કે.નં. ૪૬/૧૩ થી રજીસ્ટરે લેવામાં આવેલો ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૨૮(૧)મુજબ આંક–૨૨ થી તા.૭/૭/૧૪ના રોજ આરોપી ઓ સામે તહોમતનામું ઘડીને વાંચી સંભળાવ્યા બાદ તેઓનું ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૨૨૮(૨) મુજબ આંક–૨૩ થી આંક ૨૭ સુધીના નિવેદન નોંધતાં

અને તેમાં તેઓએ તેની સામેના આક્ષેપોનો ઈન્કાર કરતાં હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે. ત્યાર બાદ સદર કામમાં હકુમત બદલાતા સદરહું કેસ લીબડીથી સુરેન્દ્રનગર ખાતે ડી. કોર્ટના કચેરી હુકમ નં. ૪૫૩૦/૧૪ તા.૨૮/૮/૧૪ ના હુકમ મુજબ સુરેન્દ્રનગર ખાતે તબદીલ થતા સે.કે.નં. ૫૩/૧૪ થી રજીસ્ટરે લેવા માં આવેલો. સદર કામ ચુકાદાના સ્ટેજે હતુ ત્યારે સરકારી વકીલશ્રીએ આંક ૧૫૩ થી પ્રોસીકયુશન નો પુરાવાનો હકક ખોલી આપવાની અરજી કરેલી જે ઉપર બચાવપક્ષના વિ.વ.શ્રીએ વાંધો નથી તેવો શેરો કરેલ છે જેથી ફરીયાદપક્ષનો પુરાવાનો હકક ખુલ્લો કરવામાં આવેલો ફરીયાદપક્ષે આંક ૧૫૪ થી તહોમતનામુ આંક ૨૨ થી ફરમાવેલ તેમા આરોપી નં. ૪ ના નામમાં ટાઈપ મીસ્ટીકના કારણે ભુલ રહી જવા પામેલી તે સુધારો કરવા માટેની અરજી આપેલી જેના ઉપર બચાવપક્ષના વકીલશ્રીએ વાંધો નથી તેવો શેરો કરેલ છે અને આંક ૧૫૫ થી સદર કામે તહોમતદનામુ ફરમાવવામાં આવેલુ અને આંક ૧૫૬ થી આંક ૧૬૦ સુધી આરોપીઓના નિવેદન લેવા માં આવેલ છે તથા આંક ૧૬૧ થી ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની પુરસીસ આપવામાં આવેલી છે.

(૩) ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે :–

**(૩–એ )મૌખિક પુરાવા :–**

| | | |
|---|---|---|
| ૧. | પંચ જેઠાભાઈ લાલજીભાઈ સોલંકી | આંક–૨૮ |
| ૨. | પંચ અજાભાઈ પ્રભુભાઈ ધોળકીયા | આંક–૩૦ |
| ૩. | પંચ ચતુરભાઈ કાળાભાઈ સારદીયા | આંક–૩૩ |
| ૪. | પંચ છનાભાઈ માવજીભાઈ વાણીયા | આંક–૩૪ |
| ૫. | પંચ અનીલભાઈ બાબુભાઈ | આંક–૩૫ |
| ૬. | પંચ મુકેશભાઈ ગણપતભાઈ સોલંકી | આંક–૩૭ |
| ૭. | પંચ મનસુખભાઈ રણછોડભાઈ | આંક–૩૯ |
| ૮. | પંચ રમેશભાઈ વિઠ્ઠલભાઈ | આંક–૪૧ |
| ૯. | પંચ રાજેન્દ્રસિંહ હનુભા ઝાલા | આંક–૪૨ |
| ૧૦. | પંચ જયપાલસિંહ મહેન્દ્રસિંહ ઝાલા | આંક–૪૫ |
| ૧૧. | પંચ પ્રવિણભાઈ બહાદુરભાઈ સાંતોલા | આંક–૪૬ |
| ૧૨. | ડૉ. શૈલેષભાઈ ધનજીભાઈ ભુવા | આંક–૪૮ |
| ૧૩. | પંચ રમેશભાઈ રાજાભાઈ | આંક–૫૫ |
| ૧૪. | પંચ દિપકભાઈ જશમતભાઈ | આંક–૫૭ |
| ૧૫. | પંચ બાબુભાઈ ધીરુભાઈ | આંક–૫૮ |
| ૧૬. | પંચ અશોકભાઈ જીલાભાઈ | આંક–૬૦ |
| ૧૭. | સાહેદ નાનુબેન રાજાભાઈ મકવાણા | આંક–૯૬ |
| ૧૮. | સાહેદ ઈલાબેન હીમતભાઈ મકવાણા | આંક–૧૦૪ |
| ૧૯. | સાહેદ હીરાબેન ઉર્ફે કચનબેન હીરાભાઈ વાઘેલા | આંક–૧૦૫ |

| | | |
|---|---|---|
| ૨૦. | સાહેદ હેતલબેન હીરાભાઈ વાઘેલા | આંક–૧૦૬ |
| ૨૧. | સાહેદ હીરાભાઈ ધનજીભાઈ ઉર્ફે ધનાભાઈ વાઘેલા | આંક–૧૦૭ |
| ૨૨. | સાહેદ નાનજીભાઈ ધનાભાઈ વાઘેલા | આંક–૧૦૮ |
| ૨૩. | સાહેદ મેહુલભાઈ હીમતભાઈ મકવાણા | આંક–૧૧૦ |
| ૨૪. | સાહેદ કલ્યાણભાઈ માવજીભાઈ વાણીયા | આંક–૧૧૨ |
| ૨૫. | સાહેદ પરષોતમભાઈ આલજીભાઈ મકવાણા | આંક–૧૧૩ |
| ૨૬. | સાહેદ ભવાનભાઈ ભલાભાઈ પરમાર | આંક–૧૧૪ |
| ૨૭. | સાહેદ જીવણભાઈ ડુંગરભાઈ ચીહલા | આંક–૧૧૫ |
| ૨૮. | સાહેદ દીલીપભાઈ બ્રીજલાલભાઈ વળવી | આંક–૧૧૮ |
| ૨૯. | સાહેદ રમણભાઈ કચરાભાઈ પરમાર | આંક–૧૨૦ |
| ૩૦. | સાહેદ પ્રફુલાબેન પ્રફુલચંદ્ર મકવાણા | આંક–૧૨૩. |
| ૩૧. | ત.ક.અ. કુલદીપદાન અજીતદાન ગઢવી | આંક–૧૨૯ |
| ૩૨. | સાહેદ ગગાભાઈ દલાભાઈ પારધી | આંક–૧૪૧ |

**(૩–બી)<u>દસ્તાવેજી પુરાવા :–</u>**

| | | |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | આંક–૨૯ |
| ૨. | આરોપી ભરતનુ અટક પંચનામુ | આંક–૩૧ |
| ૩. | મરણજનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | આંક–૩૨ |
| ૪. | બોલેરો ગાડી કબજે કર્યાનુ પંચનામુ | આંક–૩૬ |
| ૫. | મરણજનારની લાશનુ ઈન્કવેસ્ટ પંચનામુ | આંક–૩૮ |
| ૬. | મરણજનારના કપડા કબજે કર્યાનુ પંચનામુ | આંક–૪૦ |
| ૭. | મુદ્દામાલ લાકડી કબજે કર્યાના પંચનામા | આંક–૪૩,૪૪ |
| ૮. | મુદ્દામાલ આર્ટી.નં.૧૭ થી ૨૩કબજે કર્યાનુ પંચનામુ | આંક–૪૭ |
| ૯. | પત્ર તથાયાદી,ઈન્ક.પંચનામુ,મરણોતર ફોર્મ, | આંક–૪૯ થી ૫૩ |
| ૧૦. | મરણજનારની પી.અમે.નોટ. | આંક–૫૪ |
| ૧૧. | આરોપીઓનુ શરીર સ્થિતિનુ પંચનામુ | આંક–૫૬ |
| ૧૨. | બનાવવાળી જગ્યાએ બોલેરો ગાડીમાંથી નમુના કબજે કર્યાનુ પંચનામુ | આંક–૫૯ |
| ૧૩. | મુદ્દામાલ પરીક્ષણ માટે એફ.એસ.એલ. રાજકોટને મોકલ્યા અંગેનો મુદ્દામાલ લીસ્ટ સાથેનો પત્ર | આંક–૬૩ |
| ૧૪. | નકશો બનાવવા અંગેને યાદી | આંક–૧૧૬ |
| ૧૫. | બનાવવાળી જગ્યાનો નકશો | આંક–૧૧૭ |
| ૧૬. | એફ.એસ.એલ.ઈન્વે.વાન સુરેન્દ્રનગરનો રીપોર્ટ તથા અહેવાલ | આંક–૧૨૧,૧૨૨ |
| ૧૭. | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મોકલ્યા અંગેની યાદી | આંક–૧૨૪ |

| | | |
|---|---|---|
| ૧૮. | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યા અંગેની પાવતી | આંક–૧૨૫ |
| ૧૯. | મુદ્દામાલ પરીક્ષણ અહેવાલ | આંક–૧૨૬ |
| ૨૦. | સીરોલોજીકલ વિભાગનો અહેવાલ | આંક–૧૨૭ |
| ૨૧. | કન્ટેન્ડલ રેકર્ડ પર લેવા વિકલ્પે રેકર્ડ દુર કરવાની અરજી | આંક–૧૩૦ |
| ૨૨. | ફાઈનલ કોઝ ઓડ ડેથનુ સર્ટીફિકેટ | આંક–૧૩૮ |
| ૨૩. | મરણજનારની લાશનુ પી.એમ. વખતે મોકલેલ રીપોર્ટ | આંક–૧૩૯ |
| ૨૪. | પી.એમ. સમયે ડૉકટર ધ્વારા આપવામાં આવેલ દાખલો | આંક–૧૪૦ |
| ૨૫. | સ્ટે.ડાયરી એન્ટ્રીનો ઉતારો | આંક–૧૪૨ |
| ૨૬. | સી.આર.પી.સી. કલમ ૧૫૪નુ ફોર્મ (ટેન્ટેટીવ આંક) | આંક–૧૪૩ |
| ૨૭. | ગુનો રજી. થવા બાબતનો રીપોર્ટ તથા ડેપ્યુટ હુકમ | આંક–૧૪૪ |

**(૪)** ફરીયાદ પક્ષનાં પુરાવાનાં અંતે વિ.એ.પી.પી.શ્રી તરફથી આંક–૧૪૬ તથા આંક ૧૬૧ થી પુરશીશ રજુ કરીને ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવ્યા બાદ આરોપીઓનું તા.૭/૮/૧૮ ના રોજ ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતાં અને તેમાં તેઓનો મુખ્યત્વે બચાવ ગુનાનાં ઈન્કારનો છે. વધુમાં તેઓએ પોતાના વિશેષ નિવેદનમાં એવું જણાવેલ છે કે, રોડ રસ્તાના કારણ વાળો તદ્દન ખોટો બનાવ ઉભો કરી ખોટો કેસ કરેલ છે અને ફરીયાદપક્ષે ખોટી રીતે સંડોવવા પ્રયત્ન કરેલ નથી અન્ય કોઈ ધ્વારા બનેલ બનાવમાં આરોપીઓ ઉપર ઓઢાડવા પ્રયત્ન કરેલ છે તેમ જણાવી તેઓ આ કામે જાતે સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી કે બચાવના સાહેદો તપાસવા માંગતા નથી.ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.ડી.જી.પી.એમ.પી.સભાણી અને બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી જે.એચ. ગોંડલીયાની દલીલો સાંભળવામાં આવેલી છે તે ધ્યાને લીધી.

**દલીલોઃ–**

**(૪.૧)** સરકાર તરફે વિ. ડી.જી.પી.શ્રીએ દલીલ કરેલી છે કે,આરોપીઓ સામે જે ગુનાના તત્વ આક્ષેપાયેલા છે તે સાબીત કરવા ફરીયાદપક્ષે જે સાહેદોનો પુરાવો રજુ કરેલ છે તે જોતા તેમજ ફરીયાદી એ જે ફરીયાદ આપેલી છે તે ફરીયાદી ભા.દંડ સહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૫૦૪, ૫૦૬(૨),૧૨૦ બી, ૩૪ મુજબની ફરીયાદ આપેલી છે અને સદર કામે જે ફરીયાદ છે તે હકીકત જોતા સદર કામમાં પાંચય આરોપીઓની હાજરી સ્થળ ઉપર હોય તેવુ માલુમ પડે છે તથા સાહેદોએ પણ આરોપીઓની હાજરી સ્થળ ઉપર હોવાનુ જણાવેલ છે જેથી ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૪,૫૦૪,૫૦૬(૨) ૧૨૦ બી, ૩૪ તત્વો સંતોષાય છે તેમજ સદર કામમાં જે મેડીકલ પુરાવો છે તે જોતા સદર કામમાં ડો.શ્રીનો પુરાવો કે જેમાં ગુજ.ને જે ઈજા થયેલી તે અંગેનો જે પુરાવો છે તે નહી માનવાને કારણે રહે નહી તેમજ ફરીયાદી ગુજરનારને છોડાવવા વચ્ચે પડતા આરોપી ભાવાન પ્રેમજી એ તેમને પણ ડાબા હાથે ઈજા કરેલી છે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલી છે એટલે સદર કામે ભા. દંડ સહીતાની કલમ ૩૨૪ ના આવશ્યક તત્વ પુરવાર થાય છે સદર કામે જે બનાવ બનવાનુ કારણ છે તેમાં આરોપી ભવાન પ્રેમજી વિ. બાંધકામનો કોન્ટ્રાકટરનો ધંધોં કરતા હોય અને મરણજનાર પણ બાંધકામનો કોન્ટ્રાક કરતા હોય તે ધંધા બાબતનુ

મનદુઃખ રાખી કાવત્રુ રચી રાત્રે ૩–૩૦ વાગ્યે વઢવાણથી ચોટીલા આવી ગુજ. કનુભાઈ સુતા હતા તેમને ભવાન પ્રેમજી એ ચાકુના ધા મારેલા હોય અને બાકીના આરોપીઓએ પકડી રાખેલ હોય તે લોકોના હાથમાં પણ લાકડી હોય તેમજ પોલીસ તપાસ દરમ્યાન મુદ્દામાલ ચપ્પુ તથા લાકડીઓ કબજે કરેલ છે. સાહેદ હીરાભાઈ ધનજીભાઈ વાધેલાની જુબાની જોતા મરનાર કનુભાઈએ સાહેદને આરોપીઓ ભવાન પ્રેમજી સાથે બોલાચાલી થયેલી હોય અને તેને મારવા ફરે છે તેવુ જણાવેલુ તેમજ પરસોતમભાઈ આલજીભાઈ મકવાણાની જુબાની જોતા પણ સદર સાહેદે શાંતીલાલે ફોન કરી કહેલ કે ભડવાને કાઢી મુકજો નહીતર ટાટીયા ભાંગી નાખીશુ જેથી કનુને આ બાબતની વાત કરેલી ત્યારે કનુએ કહેલ કે મારે કોન્ટ્રાક બાબતે મનદુઃખ ચાલે છે જેથી હું જતો રહુ નહીતર અહી આવી બબાલ કરેશે જેથી કનુ ઘરેથી નીકળી ગયેલો એટલે સદર સાહેદની જુબાની જોતા કાવત્રુ આરોપીઓએ રચેલુ હોય અને આરોપીઓએ પોતાનો ઈરાદો પાર પાડવા માટે વઢવાણથી બોલેરો ગાડીમાં જઈ ફરીયાદીના ઘરમાં પ્રવેશી ગુજ. સાહેદ કનુભાઈ સુતેલ હતા તેને આરોપી નં. ૨થી ૪ નાએ પકડી રાખી આરોપી નં.૫ ના પણ લાકડી લઈને બારણે ઉભા રહેલા હોય તેવુ માલુમ પડે છે એટલે સદર કામે જે સાહેદો તપાસેલા છે તેમનો પુરાવો જોતાો આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે સાબીત કરેલ હોય આરોપી ઓને તકસીરવાર ઠરાવી યોગ્ય તે નશ્યત કરવા માટે વિનંતી કરેલી છે.

**(૪.૨)** આરોપીઓ નં. ૧ થી ૪ તરફે વિ.વ.શ્રી જે.એચ. ગોંડલીયાએ તેમની દલીલમાં જણાવેલ છે કે આરોપીઓ સામે જે ફરીયાદ આપવામાં આવેલ તે જોતા અને ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ સાબીત કરવા માટે જે સાહેદો તપાસેલા છે તે સાહેદોની જુબાની જોવામાં આવે તો તમામ સાહેદોની જુબાનીમાં એકરુપતા જણાય આવતા નથી સદર કામમાં એક સાહેદ અલગ કહે છે બીજા સાહેદ અલગ કહે છે. તેમજ સદર કામમાં જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તે મુદ્દામાલ રીકવરીના પંચો તેવી રીકવરી મુદ્દામાલની કરેલી હોય તો તેનો ઈન્કાર કરેલ છે તેમજ સદર કામમાં આરોપીઓ અને ગુજ. વચ્ચે બાંધકામના કોન્ટ્રાક અંગેની અદાવતના કારણે હાલનો બનાવ બનેલ હોય તેવો જે કેસ લઈને આવેલ છે તે અંગેનો કોઈ પ્રત્યક્ષ પુરાવો સદર કામમાં રજુ થયેલો નથી. હાલના કામે ફરીયાદીએ જે ફરીયાદ આપેલી છે તે ફરીયાદ અંગે સદર કામમાં ફરીયાદી ને તપાસવામાં આવે તે અગાઉ કુદરતી રીતે મૃત્યુ પામેલ છે એટલે ફરીયાદમં જે કથનો કરેલા છે તે કથનો અંગે કોન્ટ્રાડીકશન કે તેમની ઉલટ તપાસ થયેલ નથી અને નામ. ગુજ. હાઈકોર્ટના ચુકાદા મુજબ ભા. પુરાવા અધિ.ની કલમ ૩૨ ના સિધ્ધાંત મુજબ પણ સદરહું ફરીયાદના કન્ટેન્શને રેકર્ડ ઉપર લાવી શકાય નહી તેમજ સાહેદોએ ફરીયાદીએ તેમને જે વિગત જણાવેલી હોય તેવી કોઈ વિગત પણ ઉલટ તપાસથી સાબીત થયેલી નથી તેમજ સદર કામમાં આરોપી નં.૨ થી ૪ નાએ ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીઓએ લાકડીઓ સાથે હુમલો કરેલો હોય તેવુ જણાવેલ છે જયારે અમુક સાહેદ આરોપીઓએ મરણજનારને પકડી રાખેલાનુ જણાવેલ છે એટલે સદર કામે સાહેદોનો પુરાવો વિશ્વસનીય ન હોય ત્યારે આરોપીઓ સામેનો કેસ સાબીત થયેલો માની શકાય નહી. આરોપીઓ તરફે નીચે મુજબના ચુકાદા તેમની દલીલના સમર્થમાં રજુ રાખેલ છે.

૧ ૨૦૧૪ એ.આઈ.આર. સુ.કો. એસ.સી. ડબલ્યુ ૨૩૯૭ સ્ટેટ ઓફ હીમાચલપ્રદેશ વિ. રાજકુમાર

૨.૨૦૧૪ એ.આઈ.આર. એસ.સી. ડબલ્યુ ૨૪૪૦ નરલા બોથુ રમોલુ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ નો ચુકાદો રજુ કરેલ છે તેમજ

૩.૨૦૧૪ વો. ૬ સ્કેલ પા. ૭૮૫ નાગેશ્વર વિ. સ્ટેટ છતીસગઢનો ચુકાદો તેમજ

૪.ગણેશદત વિ. સ્ટેટ ઓફ ઉત્તરાખંડ

૫.૨૦૧૪ સુ.કો. એ.આઈ.આર. એસ.સી. ડબલ્યુ પા. ૫૫૭,

૬. સ્ટેટ ઓફ ગુજ. વિ. કીશનભાઈ અને બીજાઓનો ચુકોદો રજુ કરેલ છે અને દલીલ કરેલ છે કે સદર ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી જેથી આરેપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

આરોપી નં. ૫ તરફે વિ.વ.શ્રી ડી.પી. પાઠકે તેમની દલીલમાં આરોપી નં.૫ સામે કોઈ પુરાવો આવેલ નથી તેમજ આરોપીનો ગુનાના કામે કોઈ ભાગ ભજવેલ હોય તેવુ માલુમ પડતુ નથી જેથી સદર કામમાં આરોપી નં.૫ ને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા વિનતી કરેલી છે.

**(૫)** ઉપરોકત હકીકતે હાલના કેસના મારા નિર્ણય માટે, નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ પૈકી આરોપી નં.૧ ભવાનભાઈ બાંધકામનો કોન્ટ્રાકટ હોય અને મરણ જનાર કનુભાઈ પણ બાંધકામના કોન્ટ્રાકટર હોય બંને વચ્ચે ધંધા બાબતે મનદુઃખ હોય જેની અદાવત રાખી આરોપીઓએ એક સંપ કરી સોહદ કનુભાઈને મારી નાખવા માટેનુ પ્રથમ થી જ કાવતરુ રચી મારી નાખવાનો ઈરાદો પાર પાડવા માટે વઢવાણ મુકામેથી બોલેરો ગાડી નં. જીજે ૧૩ સીસી ૮૮૫૦ વાળીમાં હથિયારો સાથે થાનગઢ ગામે તા. ૧૩/૬/૧૩ ના કલાક ૩–૩૦ થી ૪–૦૦ ના અરસામાં આવી આરોપીઓએ છરી તથા લાકડીઓ જેવા તીક્ષ્ણ અને જીવલેણ હથિયારો સાથે ફરીયાદીના ઘરની ઓસરીમાં પ્રવેશ કરી સાહેદ કનુભાઈ સુતેલ હતા તેને આરોપી નં.ર થી ૪ નાએ પકડી રાખી, આરોપી નં.૧ નાએ ઉપરા છાપરી ડાબા પડખાના ભાગે તથા જમણા હાથે કોણી તથા જમણા હાથે બાવડા પર છરીના ઘા મારી જીવલેણ અને ગંભીર ઈજાઓ કરી સાહેદનુ મોત નીપજાવી આરોપી નં.૫ ના ફરીયાદીના બારણા પાસે ઉભા રહેલ અને ફરીયાદી છોડાવવા વચ્ચે પડતા આરોપી નં.૧ નાએ છરી વડે ડાબા હાથે ઈજા કરી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમ કરી આરોપીઓએ ભા.દંડ સહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૨૦ બી, ૩૪મુજબનો શિક્ષા પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલો છે ?

(૨) છેવટનો શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો, નીચે જણાવેલ કારણોસર, નીચે મુજબ છે :–

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૭) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

(૮) આ કામમાં ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવા આંક ૯૬ થી સાહેદ નાનુબેન રાજાભાઈ મકવાણાને તપાસેલા છે સદર સાહેદે તેઓના પુરાવામાં જણાવેલ છે કે,આ બનાવ ચાર વર્ષ અગાઉ બનેલો

વખતે સાહેદ તથા તેનો દીકરો મુળજીભાઈ તથા જેઠાભાઈ તથા પૌત્ર મેહુલ તથા પૌત્રી ઈલા વીગેરે માણસો તેમના ઘરે હતા.ત્યારે રાત્રીના સાડા ત્રણ વાગ્યે અમારા ઘરે ઓસંરીમા તેમનો દીકરો મુળજી તથા જેઠો કે જે મંદબુધીનો છે જેઓ ઓસંરીમા સુતા હતા અને તેઓ ઘરમા સાહેદે તથા ઈલા તેમની પૌત્રી સુતા હતા ત્યારે ભવાનભાઈ પ્રેમજીભાઈ, તેનો ભાઈ કાન્તીભાઈ,તથા બોઘાભાઈ પ્રેમજીભાઈ ચારેય તેમના ઘરમાં આવેલ અને ભવાન પ્રેમજી પાસે છરી હતી જેણે કનુભાઈ હીરાભાઈને આખા શરીરે છરીના ઘા મારેલા તથા ભવાનભાઈ પ્રેમજીભાઈના બીજા નંબરના ભાઈએ ધોકો માથામા કનુભાઈ હીરાભાઈને મારેલ તેમજ કાન્તીભાઈના હાથમા છરી હતી જેણે પણ કનુભાઈ હીરાભાઈ પર ઘા કરેલ અને બોલતા હતા કે મારો મારો અને મારીને આ લોકો ભાગવા લાગેલ ત્યારે અમોએ તેઓને કહેલ કે તમો સગા થાવ છો શા માટે આવુ કરો છો તો ભવાન પ્રેમજીએ મુળજીભાઈને એવુ કહેલ કે જો કેસ કરશો તો જેમ કનુનુ મર્ડર કરેલ છે તેનાથી ભુંડી રીતે તારુ મર્ડર થશે.આ દરમ્યાન ભરતભાઈ હીરાભાઈ સામે મળેલ અને કહેલ કે તુ ગાડીમા બેસી જા તારા ભાઈની લાશ હાથમા આવેલ પરંતુ તારી તો લાશ પણ હાથમાં નહી આવવા દઉ.ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ. આ બનાવમાં એવી હકીકત છે કે ભવાન પ્રેમજી સીસી રોડનુ કામ રાખતો હોય અને મારો ભાણેજ કનુભાઈ કામ રાખવા ગયેલ તેનુ મનદુખ હશે.પોલીસે મારો જવાબ લીધેલો. આરોપી નં.૧ થી૪અનુક્રમે ભવાનભાઈ પ્રેમજીભાઈ(૨)હરીભાઈ પ્રેમજીભાઈ (૩)શાંતીલાલ પ્રેમજીભાઈ (૪) બોઘાભાઈ પ્રેમજીભાઈ જે આજે નામ.કોર્ટમા હાજર છે જેને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.આરોપી નં.૫ ભરતભાઈ હીરાભાઈ સ્થળ પર હાજર ન હતા તેવુ જણાવે છે મુદામાલ આર્ટી. નં. ૪ ની છરી જોઈને ઓળખી બતાવેલ છે જે છરી ભવાનભાઈ પ્રેમજીભાઈ પાસે હતી. સાહેદને મુદામાલના તમામ હથીયાર બતાવામા તેમાંથી આર્ટી.નં.૫નો ધોકો ઓળખી બતાવલ છે જે ધોકો આરોપી નં.૪ બોઘાભાઈ પ્રેમજી ભાઈના હાથમા હતો.જે આજુબાજુ કાળા તથા સોનેરી પટાવાળો છે તે તે જ છે.

સાહેદે આરોપી નં. ૫ તરફેની ઉલટ તપાસમાં સાહેદે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ભરતભાઈ હીરાભાઈ બનાવ સમયે હાજર હતા નહી અને તેઓએ આ ગુનામા કોઈ ભાગ ભજવેલ નથી. પોલીસને જે જવાબ લખાવેલ તેમા પણ ભરતભાઈ બનાવ સ્થળે હાજર હતા નહી તેવુ જ લખાવેલ.

સાહેદે આરોપી નં. ૧ થી ૪ની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે ગુજરી જનાર કનુભાઈ હીરાભાઈ અને આરોપી ભરતભાઈ હીરાભાઈ બન્ને મારા ભાણેજ છે.

એ વાતનો ઈન્કાર કરેલ છે કે મે મારા સરતપાસમાં જણાવેલ હકીકત કે, " આ વખતે હું તથા મારો દીકરો મુળજીભાઈ તથા જેઠાભાઈ તથા પૌત્ર મેહુલ તથા પોત્રી ઈલા વિગેરે માણસો અમારા ઘરે હતા ત્યારે રાત્રી ના સાડા ત્રણેક વાગ્યે અમારા ઘરે ઓસરીમાં મારો દીકરો મુળજી તથા જેઠો કે જે મંદબુધ્ધીનો છે. જેઓ ઓસરીમાં સુતા હતા અને અમો ઘરમાં હું તથા ઈલા મારી પોત્રી સુતા હતા ત્યારે ભગવાનભાઈ પ્રેમજીભાઈ, તેનો ભાઈ કાન્તીભાઈ, તથા બોધાભાઈ પ્રેમજીભાઈ ચારેય અમારા ઘરમાં આવેલ અને ભવાન પ્રેમજી પાસે છરી હતી જેણે કનુભાઈ હીરાભાઈને આખા શરીરે છરીના ઘા મારેલા તથા ભવાનભાઈ પ્રેમજીભાઈના બીજા નંબરના ભાઈએ ધોકો માથામાં કનુભાઈ હીરાભાઈને મારેલ તેમજ કાન્તીભાઈના હાથમાં છરી હતી જેણે પણ કનુભાઈ હીરાભાઈ પર ઘા કરેલ અને બોલતા હતા કે મારો મારો અને મારીને આ લોકો ભાગવા લાગેલ ત્યારે અમોએ તેઓને કહેલ કે તમે સગા થાવ છો શા માટે આવુ કરો છો તો ભવાન પ્રેમજીએ મુળજીભાઈને એવુ કહેલ કે કેસ કરશો તો જેમ કનુનુ મર્ડર કરેલ છે. તેનાથી ભુંડી રીતે તારુ મર્ડર થશે. આ દરમ્યાન ભરતભાઈ

હીરાભાઈ સામે મળેલ અને કહેલ કે તુ ગાડીમાં બેસી જા તારા ભાઈની લાશ હાથમાં આવેલ પરંતુ તારી તો લાશ પણ હાથમાં નહી આવવા દઉ, ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ હશે." તે હું ખોટુ જણાવુ છું. એ વાત ખરી નથી કે મે મારા સરતપાસમાં જણાવેલ હકીકત કે, "ભવાન પ્રેમજી સીસી રોડનું કામ રાખતો હોય અને મારો ભાણેજ કનુભાઈ કામ રાખવા ગયેલ તેનુ મનદુઃખ હશે." તે હું ખોટુ જણાવું છુ. એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ લીધેલો, તે હું ખોટુ જણાવુ છુ.એ વાત ખરી નથી કે મે આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે. એ વાત ખરી નથી કે મુદામાલ આર્ટી ન–૪ ભવાનભાઈ ખીમજીભાઈ પાસે હતી તેમજ મુદ્દામાલ નંબર–૫ વાળો ધોકો આરોપી બોઘાભાઈ પ્રેમજીભાઈના હાથમાં હતો જે આજુબાજુ કાળા તથા સોનેરી પટ્ટાવાળો હોવાનુ ખોટુ જણાવું છુ.એ વાતનો ઈન્કાર કરેલ છે કે મુદ્દામાલ આર્ટીકલ–૪ તથા મુદ્દામાલ આર્ટીકલ–૫ ના હથીયારો મે કોઈ વખત જોયેલ નહી પરંતુ ખોટી રીતે ઓળખી બતાવેલ છે.એ વાતનો ઈન્કર કરેલ છે કે, મે પોલીસને આવા કોઈ હથીયારો વિશે જણાવેલ નથી, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે મે ભવાનભાઈ પ્રેમજી ભાઈ પાસે છરી જોઈ તેમજ બોઘાભાઈ પ્રેમજીભાઈના હાથમાં લાકડાનો ઘોકો હતો. તે વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં બોઘાભાઈ પ્રેમજીભાઈનું નામ લખાવેલ નથી, પોલીસને મે એવુ લખાવેલ છે કે મે કોઈના હાથમાં છરી કે ઘોકો જોયેલ નથી, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે" આ વખતે હું તથા મારો દીકરો મુળજીભાઈ તથા જેઠાભાઈ તથા પૌત્ર મેહુલ તથા પોત્રી ઈલા વિગેરે માણસો અમારા ઘરે હતા ત્યારે રાત્રીના સાડા ત્રણેક વાગ્યે અમારા ઘરે ઓસરીમાં મારો દીકરો મુળજી તથા જેઠો કે જે મંદબુધ્ધીનો છે. જેઓ ઓસરીમાં સુતા હતા અને અમો ઘરમાં હું તથા ઈલા મારી પોત્રી સુતા હતા ત્યારે ભગવાનભાઈ પ્રેમજી ભાઈ, તેનો ભાઈ કાન્તીભાઈ, તથા બોધાભાઈ પ્રેમજીભાઈ ચારેય અમારા ઘરમાં આવેલ અને ભવાન પ્રેમજી પાસે છરી હતી જેણે કનુભાઈ હીરાભાઈને આખા શરીરે છરીના ઘા મારેલા તથા ભવાનભાઈ પ્રેમજીભાઈના બીજા નંબરના ભાઈએ ધોકો માથામાં કનુભાઈ હીરાભાઈને મારેલ તેમજ કાન્તીભાઈના હાથમાં છરી હતી જેણે પણ કનુભાઈ હીરાભાઈ પર ઘા કરેલ અને બોલતા હતા કે મારો મારો અને મારીને આ લોકો ભાગવા લાગેલ ત્યારે અમોએ તેઓને કહેલ કે તમે સગા થાવ છો શા માટે આવુ કરો છો તો ભવાન પ્રેમજીએ મુળજીભાઈને એવુ કહેલ કે કેસ કરશો તો જેમ કનુનુ મર્ડર કરેલ છે. તેનાથી ભુંડી રીતે તારુ મર્ડર થશે. આ દરમ્યાન ભરતભાઈ હીરાભાઈ સામે મળેલ અને કહેલ કે તુ ગાડીમાં બેસી જા તારા ભાઈની લાશ હાથમાં આવેલ પરંતુ તારી તો લાશ પણ હાથમાં નહી આવવા દઉ, ત્યારબાદ આ લોકો ભાગી ગયેલ. ભવાન પ્રેમજી સીસી રોડનું કામ રાખતો હોય અને મારો ભાણેજ કનુભાઈ કામ રાખવા ગયેલ તેનુ મનદુઃખ હશે."એ વાત ખરી નથી કે, ભવાનભાઈ પ્રેમજી ભાઈએ કનુભાઈ હીરાભાઈને આખા શરીરે છરીના ઘા મારેલ અને તેના બીજા નંબરના ભાઈએ કનુભાઈ માથામાં ધોકો મારેલો અને કાંતીભાઈના હાથમાં છરી હતી જેણે પણ કનુભાઈ હીરાભાઈ પર ઘા કરેલાનું મે નજરે જોયેલાનું ખોટુ જણાવું છુ.એ વાત ખરી નથી કે, મે પોલીસને એવુ લખાવેલ નથી કે કનુભાઈ હીરાભાઈને ભવાનભાઈ પ્રેમજીભાઈએ આખા શરીરે છરીના ઘા મારેલા અને તેના બીજા નંબરના ભાઈએ કનુભાઈ માથામાં ધોકો મારેલો અને કાંતીભાઈના હાથમાં છરી હતી જેણે પણ કનુભાઈ હીરાભાઈ પર ઘા કરેલા જે મે નજરે જોયેલુ.એ વાત ખરી નથી કે મે પોલીસને તેવુ જણાવેલ નથી મે બનાવ નજરે જોયેલ નથી પરંતુ બનાવની મને જાણ કરવામાં આવેલી.એ વાત ખરી નથી કે હું આરોપીઓને ખોટી રીતે સંડોવવા ખોટો પુરાવો આપુ છુ.

(૯) ફરીયાદપક્ષે આંક ૧૦૪ થી સાહેદ ઈલાબેન હીમતભાઈ મકવાણાને તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં ફરીયાદી તથા તેમના સગા સંબંધીનુ વર્ણન આપેલુ છે સાહેદે વધુમાં જણાવેલ છે કે, બનાવ આજથી આશરે ચાર વર્ષ પહેલા બનેલો, બનાવનો સમય રાતે સાડા ત્રણ વાગ્યે બનેલો, બનાવ વખતે સાહેદ અને તેના દાદી થાન મુકામે આવેલા તેઓના ઘરમાં અંદર સુતા હતા, તેમના કાકા મુળજીભાઈ તથા જેઠાબાપા, મેહુલભાઈ અને કનુભાઈ એમ ચાર જણા બહાર સુતા હતા. તે સમયે હાલ કોર્ટમાં હાજર છે તે ચાર જણા, ભવાનભાઈ, હરીભાઈ, બોધાભાઈ, શાંતીલાલ તે બધાએ મારા ભાઈ કનુભાઈને મારી નાખ્યો, જેમા ભવાનભાઈ ના હાથમાં છરી હતી, હરીભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી અને બોધા પ્રેમજીના હાથમા ધોકો હતો. મારા કાકા મુળજીભાઈએ મારા ભાઈ કનુભાઈને બચાવવાનો પ્રયત્ન કર્યો તો તે વખતે તેમના હાથે આ લોકોએ છરી મારેલી અને આઠ ટાંકા આવેલા, બનાવ વખતે મારા કાકા બહાર રાડો નાખતા હતા અને કનુભાઈ પાણી ભરેલ બેડા સાથે અથડાયેલ જેથી અવાજ થતા અમો ઘરની બહાર આવેલ અને આ ચારેયને ખુન કરતા જોઈ જેથી અમો પકડવા દોડેલ તો આ બધા ભાગી ગયેલ, મારા ભાઈ કનુભાઈને છાતીના ભાગે, પડખામા અને જમણા હાથે છરીઓ વાગેલી અને બધે માસના લોચા નીકળી ગયેલા, આ લોકો કોઈ હાથમાં આવેલ નહી પરંતુ અમોએ ચહેરા ઓળખી લીધેલા, અમારા ભાઈને દવાખાને લઈ જતા મરણ પામેલા,મારો ભાઈ કનુભાઈ રોડનુ કામ રાખતા હતા જેથી ધંધા બાબતે આરોપીઓ સાથે દુશમની હોય મારી નાખેલ, પોલીસે બનાવ સબંધે મારુ નીવેદન લીધેલ, મને બનાવ બાબતે મને બીજા કોઈએ વાત કરેલ નથી,સાહેદે મુદામાલ આર્ટીકલ નંબર–૪ની છરી જોઈને જેભવાનભાઈ પ્રેમજીભાઈના હાથમાં હતી જે ઓળખી બતાવેલ છુ.સાહેદને મુદામાલ આર્ટીકલ નંબર–૫ની કુડલીવાળી લાકડી જે હરીલાલના હાથમાં હતી જે ઓળખી બતાવેલુ છુ.તથા મુદામાલ આર્ટીકલ નંબર–૨૫ની લાકડી બતાવતા જે બોઘા પ્રેમજીના હાથમાં હતી તે ઓળખી બતાવેલ છે તેમજ મુદામાલ આર્ટીકલ નંબર–૨૬ની લાકડી બતાવતા તે લાકડી હતી જ નહી પણ છરી હતી, આરોપીઓ ૧ થી ૪ કોર્ટમાં હાજર હોય જેઓને ઓળખી બતાવેલ છે.

સદર સાહેદે બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં તે વાતનો સ્વીકાર કરેલ છે કે,ગુજરી જનાર કનુભાઈ હીરાભાઈ અને આરોપી ભરતભાઈ હીરાભાઈ બન્ને મારા ભાઈઓ છે. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મે મારા સરતપાસમાં જણાવેલી હકીકત " બનાવ આજથી આશરે ચાર વર્ષ પહેલા બનેલો, બનાવનો સમય રાતે સાડા ત્રણ વાગ્યે બનેલો, બનાવ વખતે હુ,અને મારા દાદી થાન મુકામે આવેલા અમારા ઘરમાં અંદર સુતા હતા, માર કાકા મુળજીભાઈ તથા જેઠાબાપા, મેહુલભાઈ અને કનુભાઈ એમ ચાર જણા બહાર સુતા હતા. તે સમયે હાલ કોર્ટમાં હાજર છે તે ચાર જણા, ભવાનભાઈ, હરીભાઈ, બોધાભાઈ, શાંતીલાલ તે બધાએ મારા ભાઈ કનુભાઈને મારી નાખ્યો, જેમા ભવાનભાઈ ના હાથમાં છરી હતી, હરીભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી અને બોધા પ્રેમજીના હાથમા ધોકો હતો. મારા કાકા મુળજીભાઈએ મારા ભાઈ કનુભાઈને બચાવવાનો પ્રયત્ન કર્યો તો તે વખતે તેમના હાથે આ લોકોએ છરી મારેલી અને આઠ ટાંકા આવેલા, બનાવ વખતે મારા કાકા બહાર રાડો નાખતા હતા અને કનુભાઈ પાણી ભરેલ બેડા સાથે અથડાયેલ જેથી અવાજ થતા અમો ઘરની બહાર આવેલ અને આ ચારેયને ખુન કરતા જોઈ જેથી અમો પકડવા દોડેલ તો આ બધા ભાગી ગયેલ, મારા ભાઈ કનુભાઈને છાતીના ભાગે, પડખામા અને જમણા હાથે છરીઓ વાગેલી અને બધે માસના લોચા નીકળી ગયેલા, આ લોકો કોઈ હાથમાં આવેલ નહી પરંતુ અમોએ ચહેરા ઓળખી લીધેલા, અમારા

ભાઈને દવાખાને લઈ જતા મરણ પામેલા, મારો ભાઈ કનુભાઈ રોડનુ કામ રાખતા હતા જેથી ધંધા બાબતે આરોપીઓ સાથે દુશમની હોય મારી નાખેલ તેમજ બનાવ વખતે મારા કાકા બહાર રાડો નાખતા હતા અને કનુભાઈ પાણી ભરેલ બેડા સાથે અથડાયેલ જેથી અવાજ થતા અમો ઘરની બહાર આવેલ અને આ ચારેયને ખુન કરતા જોઈ જેથી અમો પકડવા દોડેલ તો આ બધા ભાગી ગયેલ, મારા ભાઈ કનુભાઈને છાતીના ભાગે, પડખામા અને જમણા હાથે છરીઓ વાગેલી અને બધે માસના લોચા નીકળી ગયેલા, આ લોકો કોઈ હાથમાં આવેલ નહી પરંતુ અમોએ ચહેરા ઓળખી લીધેલા, અમારા ભાઈને દવાખાને લઈ જતા મરણ પામેલા", તે હું ખોટુ જણાવુ છું.એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ લીધેલો, તે હું ખોટુ જણાવુ છુ.એ વાત ખરી નથી કે મે આરોપીઓને ખોટી રીતે ઓળખી બતાવેલ છે.એ વાત ખરી નથી કે મુદામાલ આર્ટી ન–૪ વાળી છરી ભવાનભાઈ પ્રેમજીભાઈ પાસે હતી તેમજ મુદ્દામાલ નંબર–૫ વાળી કુંડલીવાળી લાકડી આરોપી હરીભાઈના હાથમાં હતી અને મુદામાલ આર્ટીકલ નં. ૨૫ વાળી લાકડી બોઘાભાઈ પ્રેમજીભાઈના હાથમાં હતી તે હું ખોટુ જણાવું છુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મુદ્દામાલ આર્ટીકલ–૪, તથા મુદ્દામાલ આર્ટીકલ–૫ અને ૨૫ ના હથીયારો મે કોઈ વખત જોયેલ નહી પરંતુ ખોટી રીતે ઓળખી બતાવેલ છે. તે વાતનો ઈન્કાર કેરલ છે કે, મે પોલીસને આવા કોઈ હથીયારો વિશે જણાવેલ નથી, એ વાતનો ઈન્કાર કરેલ છે કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે " ભવાનભાઈ ના હાથમાં છરી હતી, હરીભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી અને બોધા પ્રેમજીના હાથમા ધોકો હતો. મારા કાકા મુળજીભાઈએ મારા ભાઈ કનુભાઈને બચાવવાનો પ્રયત્ન કર્યો તો તે વખતે તેમના હાથે આ લોકોએ છરી મારેલી અને આઠ ટાંકા આવેલા". એ વાતનો ઈન્કાર કરેલ છે કે,મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં બોઘાભાઈ પ્રેમજી ભાઈનું નામ લખાવેલ નથી, એ વાત ખરી નથી કે, પોલીસને મે એવુ લખાવેલ છે કે મે કોઈના હાથમાં છરી કે ધોકો જોયેલ નથી, એ વાતનો ઈન્કાર કરેલ છે કે મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કેબનાવ આજથી આશરે ચાર વર્ષ પહેલા બનેલો, બનાવનો સમય રાતે સાડા ત્રણ વાગ્યે બનેલો, બનાવ વખતે હુ,અને મારા દાદી થાન મુકામે આવેલા અમારા ઘરમાં અંદર સુતા હતા, માર કાકા મુળજીભાઈ તથા જેઠાબાપા, મેહુલભાઈ અને કનુભાઈ એમ ચાર જણા બહાર સુતા હતા. તે સમયે હાલ કોર્ટમાં હાજર છે તે ચાર જણા, ભવાનભાઈ, હરીભાઈ, બોધાભાઈ, શાંતીલાલ તે બધાએ મારા ભાઈ કનુભાઈને મારી નાખ્યો, જેમા ભવાનભાઈ ના હાથમાં છરી હતી, હરીભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી અને બોધા પ્રેમજીના હાથમા ધોકો હતો. મારા કાકા મુળજીભાઈએ મારા ભાઈ કનુભાઈને બચાવવાનો પ્રયત્ન કર્યો તો તે વખતે તેમના હાથે આ લોકોએ છરી મારેલી અને આઠ ટાંકા આવેલા, બનાવ વખતે મારા કાકા બહાર રાડો નાખતા હતા અને કનુભાઈ પાણી ભરેલ બેડા સાથે અથડાયેલ જેથી અવાજ થતા અમો ઘરની બહાર આવેલ અને આ ચારેયને ખુન કરતા જોઈ જેથી અમો પકડવા દોડેલ તો આ બધા ભાગી ગયેલ, મારા ભાઈ કનુભાઈને છાતીના ભાગે, પડખામા અને જમણા હાથે છરીઓ વાગેલી અને બધે માસના લોચા નીકળી ગયેલા, આ લોકો કોઈ હાથમાં આવેલ નહી પરંતુ અમોએ ચહેરા ઓળખી લીધેલા, અમારા ભાઈને દવાખાને લઈ જતા મરણ પામેલા, મારો ભાઈ કનુભાઈ રોડનુ કામ રાખતા હતા જેથી ધંધા બાબતે આરોપીઓ સાથે દુશમની હોય મારી નાખેલ" સાહેદે તે વાતનો ઈન્કાર કરેલ છે કે, મે પોલીસને એવુ લખાવેલ નથી કે કનુભાઈ હીરાભાઈને ભવાનભાઈ પ્રેમજીભાઈ, બોઘાભાઈ, હરીભાઈ અને શાંતીભાઈએ છરીના ઘા મારેલા અને લાકડીથી મારીને મારી નાખેલ જે મે નજરે જોયેલ.એ વાતનો ઈન્કાર

કરેલ છે કે મે પોલીસને તેવુ જણાવેલ નથી મે બનાવ નજરે જોયેલ નથી પરંતુ બનાવની મને જાણ કરવામાં આવેલી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે,હું આરોપીઓને ખોટી રીતે સંડોવવા ખોટો પુરાવો આપુ છુ.

(૧૦) ફરીયાદપક્ષે આંક ૧૦૫ થી સાહેદ હીરાબેન ઉર્ફે કંચનબેન હીરાભાઈ વાઘેલાને તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓનો દીકરો કનુભાઈ સી.સી.રોડના આર.સી.સી કામ કરતો હતો, પહેલા તેઓનો દીકરો આરોપીઓ સાથે કામે જતો હતો પરંતુ ત્યારબાદ તે જાતે કામ રાખવા માડેલ જેથી આરોપીઓને ગમેલ નહી અને ત્યારથી મનદુખ ચાલતુ હતુ, આ અંગે અમે અમારા દીકરાને કામ મુકાવી દીધેલ.આરોપીઓ અમારી પાછળની લાઈનમાં વઢવાણ રહે છે તેઓએ મને તારીખ–૧૨ ના રોજ રાત્રે આઠ વાગ્યે બોલાવેલ અને કાંઠલો જાલીને મને ધમકી આપેલ જેથી મે કહેલ કે આપણે કોઈ બોલવાનુ થયેલ નથી તો મને કેમ ધમકી આપો છો. તેમ કહીને હું નીકળી ગયેલ પછી હું મારા ઘરે આવી ગયેલી, પહેલા મારો દીકરો મારી નણંદના ઘરે લીંબડી ગયેલ અને ત્યાંથી ચોટીલા મુકામે ગયેલો. પછી મારો દીકરો કનુ સવારના અગ્યાર સાડા અગ્યારે થાન મારી બા નાનુબેન રાજાભાઈને ત્યા ગયેલો, ત્યારે રાત્રે ત્રણ સાડા ત્રણ વાગ્યે મારો ભાઈ મુળજીભાઈ અને મારી બાનો મારા પર ફોન આવેલ અને કહેલ કે ભવાન પ્રેમજી, હરી પ્રેમજી, શાંતી પ્રેમજી, બોઘા પ્રેમજી આ લોકોએ છરી મારેલી છે અને તેને રાજકોટ હોસ્પીટલે લઈ જવાનો છે. મારી બાએ બીજુ કહેલ કે " ભરતભાઈ હીરાભાઈ તે વખતે સામેથી આવતા હત ત્યારે આ લોકોએ તેને પકડીને ઘમકી આપેલ કે ચુપચાપ ગાડીમાં બેસી જા, નહી કનુભાઈ ની જેમ તારી પણ આજ હાલ થશે" તેથી તે ગાડીમાં બેસી ગયેલ.ત્યારબાદ હું મારી દીકરી હેતલ અને મારા પતી થાન દવાખાને ગયેલા, જયાં દવાખાને મારો ભાઈ મુળજી હતો તેના હાથે છરી મારેલી હતી, મારા ભાઈએ મુળજીએ મને વાત કરેલી કે આ ચારેય આરોપીએ તેને ધમકી આપેલી કે જો તમે ફરીયાદી કે સાક્ષી થશો તો કનુભાઈ જેવી હાલત થશે.મુળજીભાઈએ મને વાત કરેલ કે હુ, મેહુલ, કનુ, તેમની જોડે જેઠાભાઈ બહાર ઓસરીમાં સુતા હતા અને આ ચારેય આરોપીઓ આવી તેને મારવા માડેલ જેથી કનુ મેહુલની ઉપર પડેલ અને પછી ઉભો થઈ ભીત બાજુ જતા આ લોકોને પોતાને છોડી મુકવા હાથ જોડેલ તો આ લોકોએ જણાવેલ કે તને તો પતાવી જ દેવો છે " અને મુકેલ નહી. અને જણાવેલ કે ભવાનના હાથમાં છરી હતી, હરી પ્રેમજીના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી હતી અને બોઘા પ્રેમજીના હાથમાં ધોકો હતો. મારા દીકરાને છાતીના ભાગે, પેટના ભાગે અને હાથના ભાગે ઈજાઓ થયેલી.માર દીકરા કનુને હોસ્પીટલે લઈ જતા તે મરણ પામેલ. બનાવ બાબતે પોલીસે મારુ નીવેદન લીધેલુ.આરોપીઓને હું જોયે ઓળખુ છુ જે આજરોજ કોર્ટમાં હાજર છે.

સાહદની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મે મારી સરતપાસમાં જણાવેલ હકીકત" મારો દીકરો કનુભાઈ સી.સી.રોડના આર.સી.સી કામ કરતો હતો, પહેલા મારો દીકરો આરોપીઓ સાથે કામે જતો હતો પરંતુ ત્યારબાદ તે જાતે કામ રાખવા માડેલ જેથી આરોપીઓને ગમેલ નહી અને ત્યારથી મનદુખ ચાલતુ હતુ, આ અંગે અમે અમારા દીકરાને કામ મુકાવી દીધેલ.

આરોપીઓ અમારી પાછળની લાઈનમાં વઢવાણ રહે છે તેઓએ મને તારીખ ૧૨ ના રોજ રાત્રે આઠ વાગ્યે બોલાવેલ અને કાંઠલો જાલીને મને ધમકી આપેલ જેથી મે કહેલ કે આપણે કોઈ બોલવાનુ થયેલ નથી તો મને કેમ ઘમકી આપો છો. તેમ કહીને હું નીકળી ગયેલ પછી હું મારા ઘરે આવી ગયેલી, પહેલા મારો દીકરો મારી નણંદના ઘરે લીંબડી ગયેલ અને ત્યાંથી ચોટીલા મુકામે ગયેલો. પછી મારો દીકરો કનુ સવારના અગ્યાર સાડા

અગ્યારે થાન મારી બા નાનુબેન રાજાભાઈને ત્યા ગયેલો, ત્યારે રાત્રે ત્રણ સાડા ત્રણ વાગ્યે મારો ભાઈ મુળજીભાઈ અને મારી બાનો મારા પર ફોન આવેલ અને કહેલ કે ભવાન પ્રેમજી, હરી પ્રેમજી, શાંતી પ્રેમજી, બોઘા પ્રેમજી આ લોકોએ છરી મારેલી છે અને તેને રાજકોટ હોસ્પીટલે લઈ જવાનો છે. મારી બાએ બીજુ કહેલ કે " ભરતભાઈ હીરાભાઈ તે વખતે સામેથી આવતા હત ત્યારે આ લોકોએ તેને પકડીને ઘમકી આપેલ કે ચુપચાપ ગાડીમાં બેસી જા, નહી કનુભાઈ ની જેમ તારી પણ આજ હાલ થશે" તેથી તે ગાડીમાં બેસી ગયેલ. ત્યારબાદ હું મારી દીકરી હેતલ અને મારા પતી થાન દવાખાને ગયેલા, જયાં દવાખાને મારો ભાઈ મુળજી હતો તેના હાથે છરી મારેલી હતી, મારા ભાઈએ મુળજીએ મને વાત કરેલી કે આ ચારેય આરોપીએ તેને ધમકી આપેલી કે જો તમે ફરીયાદી કે સાક્ષી થશો તો કનુભાઈ જેવી હાલત થશે. મુળજીભાઈએ મને વાત કરેલ કે હુ, મેહુલ, કનુ, તેમની જોડે જેઠાભાઈ બહાર ઓસરીમાં સુતા હતા અને આ ચારેય આરોપીઓ આવી તેને મારવા માડેલ જેથી કનુ મેહુલની ઉપર પડેલ અને પછી ઉભો થઈ ભીત બાજુ જતા આ લોકોને પોતાને છોડી મુકવા હાથ જોડેલ તો આ લોકોએ જણાવેલ કે તને તો પતાવી જ દેવો છે " અને મુકેલ નહી. અને જણાવેલ કે ભવાનના હાથમાં છરી હતી, હરી પ્રેમજીના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી હતી અને બોઘા પ્રેમજીના હાથમાં ધોકો હતો. મારા દીકરાને છાતીના ભાગે, પેટના ભાગે અને હાથના ભાગે ઈજાઓ થયેલી." તે હું ખોટુ જણાવુ છુ. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે " મારો દીકરો કનુભાઈ સી.સી.રોડના આર.સી.સી કામ કરતો હતો, પહેલા મારો દીકરો આરોપીઓ સાથે કામે જતો હતો પરંતુ ત્યારબાદ તે જાતે કામ રાખવા માડેલ જેથી આરોપીઓને ગમેલ નહી અને ત્યારથી મનદુખ ચાલતુ હતુ, આ અંગે અમે અમારા દીકરાને કામ મુકાવી દીધેલ.આરોપીઓ અમારી પાછળની લાઈનમાં વઢવાણ રહે છે તેઓએ મને તારીખ ૧૨ ના રોજ રાત્રે આઠ વાગ્યે બોલાવેલ અને કાંઠલો જાલીને મને ધમકી આપેલ જેથી મે કહેલ કે આપણે કોઈ બોલવાનુ થયેલ નથી તો મને કેમ ઘમકી આપો છો. તેમ કહીને હું નીકળી ગયેલ પછી હું મારા ઘરે આવી ગયેલી, પહેલા મારો દીકરો મારી નણંદના ઘરે લીંબડી ગયેલ અને ત્યાંથી ચોટીલા મુકામે ગયેલો. પછી મારો દીકરો કનુ સવારના અગ્યાર સાડા અગ્યારે થાન મારી બા નાનુબેન રાજાભાઈને ત્યા ગયેલો, ત્યારે રાત્રે ત્રણ સાડા ત્રણ વાગ્યે મારો ભાઈ મુળજીભાઈ અને મારી બાનો મારા પર ફોન આવેલ અને કહેલ કે ભવાન પ્રેમજી, હરી પ્રેમજી, શાંતી પ્રેમજી, બોઘા પ્રેમજી આ લોકોએ છરી મારેલી છે અને તેને રાજકોટ હોસ્પીટલે લઈ જવાનો છે. મારી બાએ બીજુ કહેલ કે " ભરતભાઈ હીરાભાઈ તે વખતે સામેથી આવતા હત ત્યારે આ લોકોએ તેને પકડીને ઘમકી આપેલ કે ચુપચાપ ગાડીમાં બેસી જા, નહી કનુભાઈ ની જેમ તારી પણ આજ હાલ થશે " તેથી તે ગાડીમાં બેસી ગયેલ.ત્યારબાદ હું મારી દીકરી હેતલ અને મારા પતી થાન દવાખાને ગયેલા, જયાં દવાખાને મારો ભાઈ મુળજી હતો તેના હાથે છરી મારેલી હતી, મારા ભાઈએ મુળજીએ મને વાત કરેલી કે આ ચારેય આરોપીએ તેને ધમકી આપેલી કે જો તમે ફરીયાદી કે સાક્ષી થશો તો કનુભાઈ જેવી હાલત થશે.મુળજીભાઈએ મને વાત કરેલ કે હુ, મેહુલ, કનુ, તેમની જોડે જેઠાભાઈ બહાર ઓસરીમાં સુતા હતા અને આ ચારેય આરોપીઓ આવી તેને મારવા માડેલ જેથી કનુ મેહુલની ઉપર પડેલ અને પછી ઉભો થઈ ભીત બાજુ જતા આ લોકોને પોતાને છોડી મુકવા હાથ જોડેલ તો આ લોકોએ જણાવેલ કે તને તો પતાવી જ દેવો છે " અને મુકેલ નહી. અને જણાવેલ કે ભવાનના હાથમાં છરી હતી, હરી પ્રેમજીના હાથમાં કુંડલીવાળી લાકડી હતી, શાંતી પ્રેમજીના હાથમાં છરી હતી અને બોઘા પ્રેમજીના હાથમાં ધોકો હતો. મારા દીકરાને છાતીના ભાગે, પેટના ભાગે અને હાથના ભાગે ઈજાઓ થયેલી."

તેમજ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે એ વાત ખરી નથી કે, મને મુળજીભાઈએ બનાવ અંગેનો કોઈ વાત કરેલી નહી. એ વાત ખરી નથી કે આરોપીઓને સંડોવવા ખોટી જુબાની આપુ છુ.

(૧૧) ફરીયાદપક્ષે આંક ૧૦૬ થી સાહેદ હેતલબેન હીરાભાઈ વાઘેલાને તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ આજથી ચાર વર્ષ પહેલા બનેલો જેમા રાત્રે ત્રણ વાગ્યે તેઓના મામાનો ફોન આવેલ અને જણાવેલ કે, ભવાન પ્રેમજી, હરીભાઈ પ્રેમજીભાઈ, શાંતીભાઈ પ્રેમજીભાઈ અને બોઘાભાઈ પ્રેમજી ભાઈએ આ ચાર લોકોએ કનુભાઈને છરી મારેલ છે અને તેમને રાજકોટ દવાખાને લઈ જવાના છે જેથી તમો આવી જાવ જેથી હું, મારી મમ્મી અને મારા પપ્પા થાન દવાખાને ગયેલા ત્યારે તેઓના ભાઈ કનુભાઈ મરણ ગયેલ.ત્યાં દવાખાને મારા દાદી મારા મામા મુળજીભાઈ હાજર હતા, તેઆના મામા મુળજીભાઈને પણ હાથે ઈજા થયેલી અને આ લોકોએ કહેલ કે " આરોપીએ તેઓને ધમકી આપેલ છે કે જો તમે કેશ કર્યો તો જેવા કનુના હાલ થયા છે તેનાથી પણ ખરાબ તમારા હાલ થશે."મારા મામા મુળજીભાઈએ મને વાત કરેલી કે, " હું, કનુભાઈ, જેઠાભાઈ, મેહુલભાઈ બહાર ઓસરીમાં સુતા હતા ત્યારે આ ચાર જણા આવેલ અને મારા મામાના દીકરા મેહુલ ગોદડુ ઓઢેલ હતુ ત્યા છરીનો ઘા મારેલ, અને ત્યારબાદ કનુભાઈના ગોદડુ ખેચી તેના મોઢા પર ઓશીકુ દાબી અને હાથપગ પકડી છરીના ઘા મારવા માડેલ જેથી ત્યાં વાસણ પડેલા હોય અવાજ થતા મારા મામા જાગી ગયેલ અને મારો ભાઈ કનુ હડબડવા લાગેલ અને બધા જાગી આ લોકોને પકડવા જતા આ લોકો ભાગી ગયેલ. મારા ભાઈ કનુની હાલત એટલી ખરાબ હતી કે કશુ બોલી શકતો ન હતો.મારા મામાએ જણાવેલ કે ભવાનના હાથમાં લાકડી હતી સાહેદ હવે જણાવે છે કે છરી હતી અને લાકડી હરીભાઈના હાથમાં હતી અને શાંતીભાઈના હાથમાં લાકડી હતી અને બોઘાભાઈએ ઓશીકુ દબાવી દીધેલ. બનાવનુ કારણ એ હતુ કે પહેલા આરોપીઓ રોડનુ કામ રાખતા હતા અને પછી મારો ભાઈ રોડનું કામ રાખવા માંડયો જે આરોપીઓને ખટકવા માંડયુ. આરોપીઓને હું ઓળખુ છુ. આરોપીઓ ૧ થી ૫ અમારા ભાઈઓ થાય છે. બનાવ બાબતે પોલીસે મારુ નીવેદન લીધેલુ.

સદર સાહેદની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે,સરતપાસમાં જણાવેલ હકીકત " બનાવ આજથી ચાર વર્ષ પહેલા બનેલો જેમા રાત્રે ત્રણ વાગ્યે મારા મામાનો ફોન આવેલ અને જણાવેલ કે, ભવાન પ્રેમજી, હરીભાઈ પ્રેમજીભાઈ શાંતીભાઈ પ્રેમજીભાઈ અને બોઘાભાઈ પ્રેમજી ભાઈએ આ ચાર લોકોએ કનુભાઈને છરી મારેલ છે અને તેમને રાજકોટ દવાખાને લઈ જવાના છે જેથી તમો આવી જાવ જેથી હું મારી મમ્મી અને મારા પપ્પા થાન દવાખાને ગયેલા ત્યારે મારો ભાઈ કનુ મરણ ગયેલ. ત્યાં દવાખાને મારા દાદી મારા મામા મુળજીભાઈ હાજર હતા મારા મામા મુળજીભાઈને પણ હાથે ઈજા થયેલી અને આ લોકોએ કહેલ કે આરોપીએ તેઓને ધમકી આપેલ છે કે જો તમે કેશ કર્યો તો જેવા કનુના હાલ થયા છે તેનાથી પણ ખરાબ તમારા હાલ થશે. મારા મામા મુળજીભાઈએ મને વાત કરેલી કે, હું, કનુભાઈ, જેઠાભાઈ, મેહુલભાઈ બહાર ઓસરીમાં સુતા હતા ત્યારે આ ચાર જણા આવેલ અને મારા મામાના દીકરા મેહુલ ગોદડુ ઓઢેલ હતુ ત્યા છરીનો ઘા મારેલ, અને ત્યારબાદ કનુભાઈના ગોદડુ ખેચી તેના મોઢા પર ઓશીકુ દાબી અને હાથપગ પકડી છરીના ઘા મારવા માડેલ જેથી ત્યા વાસણ પડેલા હોય અવાજ થતા મારા મામા જાગી ગયેલ અને મારો ભાઈ કનુ હડબડવા લાગેલ અને બધા જાગી આ લોકોને પકડવા જતા આ લોકો ભાગી ગયેલ. મારા ભાઈ કનુની હાલત એટલી ખરાબ હતી કે કશુ બોલી શકતો ન હતો. મારા મામાએ જણાવેલ કે ભવાનના હાથમાં લાકડી હતી સાહેદ

હવે જણાવે છે કે છરી હતી અને લાકડી હરીભાઈના હાથમાં હતી અને શાંતીભાઈના હાથમાં લાકડી હતી અને બોધાભાઈએ ઓશીકુ દબાવી દીધેલ. બનાવનુ કારણ એ હતુ કે પહેલા આરોપીઓ રોડનુ કામ રાખતા હતા અને પછી મારો ભાઈ રોડનું કામ રાખવા માંડયો જે આરોપીઓને ખટકવા માંડયુ." તે હકીકત હુ ખોટી જણાવું છુ.એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નીવેદનમાંએવુ લખાવેલ નથી કે "બનાવ આજથી ચાર વર્ષ પહેલા બનેલો જેમા રાત્રે ત્રણ વાગ્યે મારા મામાનો ફોન આવેલ અને જણાવેલ કે, ભવાન પ્રેમજી, હરીભાઈ પ્રેમજી ભાઈ શાંતીભાઈ પ્રેમજીભાઈ અને બોધાભાઈ પ્રેમજીભાઈએ આ ચાર લોકોએ કનુભાઈને છરી મારેલ છે અને તેમને રાજકોટ દવાખાને લઈ જવાના છે જેથી તમો આવી જાવ જેથી હું મારી મમ્મી અને મારા પપ્પા થાન દવાખાને ગયેલા ત્યારે મારો ભાઈ કનુ મરણ ગયેલ. ત્યાં દવાખાને મારા દાદી મારા મામા મુળજીભાઈ હાજર હતા મારા મામા મુળજીભાઈને પણ હાથે ઈજા થયેલી અને આ લોકોએ કહેલ કે આરોપીએ તેઓને ધમકી આપેલ છે કે જો તમે કેશ કર્યો તો જેવા કનુના હાલ થયા છે તેનાથી પણ ખરાબ તમારા હાલ થશે. મારા મામા મુળજીભાઈએ મને વાત કરેલી કે, હું, કનુભાઈ, જેઠાભાઈ, મેહુલભાઈ બહાર ઓસરીમાં સુતા હતા ત્યારે આ ચાર જણા આવેલ અને મારા મામાના દીકરા મેહુલ ગોદડુ ઓઢેલ હતુ ત્યા છરીનો ઘા મારેલ, અને ત્યારબાદ કનુભાઈના ગોદડુ ખેચી તેના મોઢા પર ઓશીકુ દાબી અને હાથપગ પકડી છરીના ઘા મારવા માડેલ જેથી ત્યા વાસણ પડેલા હોય અવાજ થતા મારા મામા જાગી ગયેલ અને મારો ભાઈ કનુ હડબડવા લાગેલ અને બધા જાગી આ લોકોને પકડવા જતા આ લોકો ભાગી ગયેલ. મારા ભાઈ કનુની હાલત એટલી ખરાબ હતી કે કશુ બોલી શકતો ન હતો.મારા મામાએ જણાવેલ કે ભવાનના હાથમાં છરી હતી અને લાકડી હરીભાઈના હાથમાં હતી અને શાંતીભાઈના હાથમાં લાકડી હતી અને બોધાભાઈએ ઓશીકુ દબાવી દીધેલ. બનાવનુ કારણ એ હતુ કે પહેલા આરોપીઓ રોડનુ કામ રાખતા હતા અને પછી મારો ભાઈ રોડનું કામ રાખવા માંડયો જે આરોપીઓને ખટકવા માંડયુ."એ વાત ખરી નથી કે હું ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે મુળજીભાઈએ મને બનાવ અંગેની કોઈ વાત કરેલી નથી.

(૧૨) ફરીયાદપક્ષે આંક ૧૦૭ થી સાહેદ હીરાભાઈ ધનજીભાઈ ઉર્ફે ધનાભાઈ વાઘેલાને તપાસેલા છે તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,આ બનાવ ચાર વર્ષ આગઉ બનેલો. આ બનાવના અરશામાં સાહેદનો મરણ જનાર દિકરો કોન્ટ્રાકટના કામ રાખતો હતો. જેથી હાલના જે ચારેય આરોપીઓ છે તેઓને ગમતી વાત હતી નહી અને એવું કહેતા કે તું અમારા કામમાં આડો પડે છે અને હાલના આરોપી જેમા (૧) ભવાન પ્રેમજી (૨)હરીપ્રેમજી (૩)શાંતી પ્રેમજી તથા(૪)બોઘા પ્રેમજીભાઈ જેઓ મારા દિકરાને ધમકી આપતા હતા અને એવું કહેતા કે તું અમોને કામમાં નડીશ નહી નહીતર તને મારી નાખીશું. જેથી મારો દિકરો મરણજનાર કનુ મારી બેન લીબડી રહે છે તેના ઘરે ગયેલો.ત્યારબાદ મારા બનેવી પરષોતમભાઈને મે ફોન કરેલ કે કનું એટલે કે મરણ જનાર મારો દીકરો કયા છે તો મને પરષોતમભાઈએ કહેલ કે કનું તો અહીથી નીકળી ગયેલ છે અને ત્યારબાદ મારો મરણનજાર દીકરો કનુ મારા સાળાના ઘરે થાન રોકાયેલ હતો.ત્યારબાદ હાલના ચારેય આરોપીઓ એટલે કે(૧)ભવાન પ્રેમજી (૨)હરી પ્રેમજી (૩)શાંતી પ્રેમજી તથા (૪)બોઘા પ્રેમજીભાઈ મારા બીજા દિકરા ભરતભાઈને સાથે લઈ અને થાન ગયેલા અનેઅને મારા દિકરા ભરતને એવું કહેલ કે તું અમારી સાથે ચાલ તારા ભાઈ સાથે ચા–પાણી પી અને સમજુતી કરવી છે. જેથી તેઓ ત્યાં બોલેરો ગાડીમા ગયેલ અને સમજુતી કરી પાછા આવીશુ તેમ જણાવેલત્યારબાદ રાતના ત્રણ – સાડા ત્રણ વાગે મારા સાળા મુળજીનો

મારા પર ફોન આવેલ અનેજણાવેલ કે, ભાણો એટલે કે મરણ જનાર કનુને આ વઢવાણવાળા એટલે કે હાલના આરોપીઓએ છરી, પાઈપ અને ધોકાથી ખુબજ માર મારેલ છે અને છરીથી ઘા હૃદય સોંસરવા મારેલ છે અને કનુ ખુબજ ગંભીર છે અમો તેને દવાખાને લઈને જઈએ છીએ તમો દવાખાને આવો. જેથી હું તથા મારા પત્નિ હીરાબેન અમે બન્ને સુ.નગરથી ટ્રેનમાં થાન સવારે વહેલી ગાડીમા ગયેલા. થાન અમો ઉતરેલ અને મારા સાળા મુળજીભાઈ ને ફોન કરેલ તો તેઓએ જણાવેલ કે, તમો સીધા સરકારી દવાખાને આવો અને કનુ સીરીયસ છે અને બાટલા ચાલુ છે જેથી અમો થાન સરકારી દવાખાને ગયેલા.જેથી અમો ત્યા જતા પાંચ સાત પોલીસ વાળા તથા પી.એસ.આઈ. ગઢવી સાહેબ હાજર હતા અને અમોને બહાર બેસવાનું કહેતા અમો બહાર બેઠેલા. ત્યાર પછી અમો ત્યાં પોલીસના કહેવાથી પોલીસની સાથે વઢવાણ આવેલા અને ત્યા આરોપીનું ઘર મે બતાવેલુ ત્યાં પોલીસે તપાસ કરતા આરોપી મળી આવેલ નહી પરંતુ લોહીવાળા કપડા લટકાતા હતા તે પોલીસે કબજે કરેલા અને ત્યારબાદ મે આરોપીની બોલેરો ગાડી બતાવેલ જે બોલેરો ગાડીમા છરી, ધોકા જેવા હથીયારો હતા અને લોહીવાળા ગાડી હતી જે ગાડી પોલીસ સાથે લઈ લીધેલ અને હું ત્યારબાદ થાન દવાખાને પાછા આવેલો. ત્યારબાદ મને મારા પત્ની તથા દવાખાને જે હાજર હતા તેમને વાત કરેલ કે કનુ મરી ગયેલ છે. ત્યારબાદ મારા સાળા મુળજીભાઈએ વાત કરેલ કે, મરણજનાર કનુ તથા મારો સાળો મુળજી ભાઈ તથા તેના છોકરા બાજુ બાજુમાં ઓસરીમાં સુતેલા અને મારા સાસુ રૂમમા સુતેલા હતા ત્યારે અડધી રાતેઆરોપીઓ ત્યાં ગયેલા અને હુમલો કરેલો જેથી છોકરાઓ ડઘાઈ ગયેલા અને મારા સાળા મુળજીએ વચ્ચે પડ્ેલ તો તેને પણ ધમકી આપેલ કે તું ચુપ રહે નહીતર તને પણ મારી નાખીશું અને મારા સાળા વચ્ચે પડતા તેને પણ હાથે છરી મારેલી અને નવ ટાંકા આવેલા અને એવી પણ વાત કરેલ કે મારો દિકરો ભરત બોલેરો ગાડી પાસે ઉભો હતો અને વધુ વાર લાગતા તે ઘરમાં જોવા ગયેલ ત્યાં બાકીના આરોપીઓ મારા દિકરા પર તુટી પડેલ. આ સીવાય મારા સાળાએ બીજી કાઈ વાત કરેલ નહી.મારા સાળાએ બીજી એવી પણ વાત કરેલ કે આ કનુને મારવા હાલના આરોપીઓ ફરતા હતા તેવી વાત કરેલી કારણ કે ત્યા આરોપીઓ જતા હતા.આરોપીઓ કોર્ટમાં હાજર છે તેઓને સાહેદ ઓળખી બતાવે છે. પોલીસે બનાવના અનુંસંધાને મારુ નીવેદન લીધેલું. સાહેદે મુદામાલ આર્ટીકલ નં.૪ વાળી છરી જોઈને સાહેદે જે જોઈને કહું છે કે, જે સાહેદે વઢવાણ આરોપીની બોલેરો ગાડીમા હતી તે જ છે. તેમજ બીજા બે છરા પણ હતા.

સદર સાહેદની બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, સરતપાસમાં જણાવ્યું તેવું કાઈ બનેલુ નથી કે, મને હું જણાવુ છું તેવી કોઈ વાત મુળજીભાઈએ કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે મે સરતપાસમા કહેલ તેવી ઘટના કે ઘટના ક્રમ મે કહયુ તે સમયે અન સ્થળે

અને તે રીતે બનેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સરતપાસમાં જે જણાવ્યુ કે," આ બનાવ ચાર વર્ષ આગઉ બનેલો, આ બનાવના અરશામાં મારો મરણ જનાર દિકરો કોન્ટ્રાકટના કામ રાખતો હતો જેથી હાલના જે ચારેય આરોપીઓ છે તેઓને ગમતી વાત હતી નહી અને એવું કહેતા કે તું અમારા કામમા આડો પડે છે અનેહાલના આરોપી જેમા (૧)ભવાન પ્રેમજી (૨)હરી પ્રેમજી (૩)શાંતી પ્રેમજી તથા (૪)બોઘા પ્રેમજીભાઈ જેઓ મારા દિકરાને ધમકી આપતા હતાં અને એવું કહેતા કે તું અમોને કામમાં નડીશ નહી, નહીતર તને મારી નાખીશું, જેથી મારો દિકરો મરણજનાર કનુ, મારી બેન લીંબડી રહે છે તેના ઘરે ગયેલો. ત્યારબાદ મારા બનેવી પરષોતમભાઈને મે ફોન કરેલ કે કનુ એટલે કે મરણ જનાર મારો દીકરો કનુ કયા છે તો મને પરષોતમભાઈએ કહેલ કે કનુ તો અહીથી નીકળી ગયેલ છે અને ત્યારબાદ મારો મરણનજાર દીકરો કનુ મારા

સાળાના ઘરે થાન રોકાયેલ હતો. ત્યારબાદ હાલના ચારેય આરોપીઓ એટલે કે(૧)ભવાન પ્રેમજી (૨)હરી પ્રેમજી (૩) શાંતી પ્રેમજી તથા (૪) બોઘા પ્રેમજીભાઈ મારા બીજા દિકરા ભરતભાઈને સાથે લઈ અને થાન ગયેલા અને મારા દિકરા ભરત ને એવું કહેલ કે તું અમારી સાથે ચાલ તારા ભાઈ સાથે ચા–પાણી પી અને સમજુતી કરવી છે જેથી તેઓ ત્યાં બોલેરો ગાડીમા ગયેલ અને સમજુતી કરી પાછા આવીશુ તેમ જણાવેલ. ત્યારબાદ રાતના ત્રણ –સાડા ત્રણ વાગે મારા સાળા મુળજીનો મારા પર ફોન આવેલ અને જણાવેલ કે, ભાણો એટલે કે મરણ જનાર કનુને આ વઢવાણવાળા એટલે કે હાલના આરોપીઓ છરી, પાઈપ અને ધોકાથી ખુબજ માર મારેલ છે અને છરીથી ઘા હૃદય સોંસરવા મારેલ છે અને કનું ખુબજ ગંભીર છે અમો તેને દવાખાને લઈને જઈએ છીએ તમો દવાખાને આવો. જેથી હું તથા મારા પત્ની હીરાબેન અમે બન્ને સુ.નગર થી ટ્રેનમાં થાન સવારે વહેલી ગાડીમા ગયેલા, થાન અમો ઉતરી અને મારા સાળા મુળજીભાઈને ફોન કરેલ તો તેઓએ જણાવેલ કે, તમો સીધા સરકારી દવાખાને આવો અને કનુ સીરીયસ છે અને બાટલા ચાલુ છે જેથી અમો થાન સરકારી દવાખાને ગયેલા જેથી અમો ત્યા જતા પાંચ સાત પોલીસ વાળા તથા પી.એસ.આઈ.ગઢવી સાહેબ હાજર હતા અને અમોને બહાર બેસવાનું કહેતા અમો બહાર બેઠેલા ત્યાર પછી અમો ત્યાં પોલીસના કહેવાથી પોલીસની સાથે વઢવાણ આવેલા અને ત્યા આરોપીનું ઘર મે બતાવેલું ત્યા પોલીસે તપાસ કરાતા આરોપી મળી આવેલ નહી પરંતુ લોહી વાળા કપડા લટકાતા હતા તે પોલીસે કબજે કરેલા અ ને ત્યારબાદ મે આરોપીની બોલેરો ગાડી બતાવેલ જ બોલેરો ગાડીમા છરી, ધોકા જેવા હથીયારો હતા અને લોહીવાળી ગાડી હતી જે ગાડી પોલીસે સાથે લઈ લીધેલ અને હું ત્યારબાદ થાન દવાખાને પાછા આવેલો. ત્યારબાદ મને મારા પત્ની તથા દવાખાને જે હાજર હતા તેમને વાત કરેલ કે કનું મરી ગયેલ છે ત્યારબાદ મારા સાળા મુળજીભાઈએ વાત કરેલ કે, મરણ જનાર કનુ તથા મારો સાળો મુળજી ભાઈ તથા તેના છોકરા બાજુ બાજુમા ઓસરીમા સુતેલા અને મારા સાસુ રૂમમા સુતેલા હતા ત્યારે અડધી રાતે આરોપીઓ ત્યાં ગયેલા અને હુમલો કરેલો જેથી છોકરાઓ ડઘાઈ ગયેલા અને મારા સાળા મુળજીએ વચ્ચે પડેલ તો તેને પણ ધમકી આપેલ કે તું ચુપ રહે નહીતર તને પણ મારી નાખીશું અને મારા સાળા વચ્ચે પડતા તેને પણ હાથે છરી મારેલી અને નવ ટાંકા આવેલા અને એવી પણ વાત કરેલ કે મારો દિકરો ભરત બોલેરો ગાડી પાસે ઉભો હતો અને વધુ વાર લાગતા તે ઘરમા જોવા ગયેલ ત્યાં બાકીના આરોપીઓ મારા દિકરા પર તુટી પડેલ. આ સીવાય મારા સાળાએ બીજી કાઈ વાત કરેલ નહી.ત્યારબાદ મારા સાળાએ બીજી એવી પણ વાત કરેલ કે આ કનુને મારવા હાલના આરોપીઓ ફરતા હતા તેવી વાત કરેલી કારણ કે ત્યા આરોપીઓ જતા હતા.'' તેવુ મે મારા પોલીસ રુબરુ નીવેદનમા લખાવેલ નથી અને આજરોજ કોર્ટમાં ખોટુ જણાવેલ છે. એ વાત ખરી નથી કહું ખોટી રીતે આરોપી અને મુદામાલ ઓળખી બતાવું છું એ વાત ખરી નથી કે પોલીસ સાથે ગયાની વાત ખોટી જણાવુ છું. એ વાત ખરી નથી કે, વઢવાણમાંથી પોલીસે હું જણાવું છું તેવી જગ્યાએથી હથીયાર અને કપડા કબજે કરેલ નથી.

(૧૩) ફરીયાદપક્ષે આંક ૧૦૮ થી તપાસેલ સાહેદ નાનજીભાઈ ધનાભાઈ વાઘેલાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ ચાર વર્ષ પહેલા બનેલો. બનાવમાં એવું બનેલ કે સાહેદના ભાઈનો મરણ જનાર દિકરો કોન્ટ્રાકટનું મજુરી કામ રાખતો હતો અને આરોપી એટલે કે(૧)ભવાન પ્રેમજી (૨)હરીભાઈ પ્રેમજીભાઈ (૩)શાંતીભાઈ પ્રેમજીભાઈ અને(૪)બોઘાભાઈ પ્રેમજીભાઈને એવું થયેલ કે મારા ભાઈનો દિકરો આગળ વધી જશે તેવું લાગતા આ આરોપીઓ થાન મારા ભાઈના દિકરાને મારવા ગયેલ જે અંગેની જાણ મારા ભ્ર

તીજાના મોસાળમાથી ભરત ઉપર ફોન આવેલ અને જેથી ભરતે મને જાણ કરવા આવેલ અને મને કહેલ કે, મારા ભાઈને ભવાન પ્રેમજી, હરીભાઈ પ્રેમજીભાઈ, શાંતીભાઈ પ્રેમજીભાઈ અને બોઘાભાઈ પ્રેમજીભાઈએ મારી નાખેલ છે. જેથી મરનારના માતા–પિતા, હું અને મારા ઘરના અને છોકરાઓ બધા થાન ગયેલા અને અમો થાન સરકારી હોસ્પીટલમાં ગયેલ ત્યા મરણજનાર દવાખાનામાં હાજર હોય તેને છાતીના ભાગે, ગળાના ભાગે છરીઓના ઘા મારેલા હતા. ત્યારબાદ ત્યાથી પી.એસ. આઈ સાહેબે લખાણ કરી એવું કહેલ કે હવે પી.એમ. માટે રાજકોટ લઈ જાવ જેથી રાજકોટ હું, મારો નાનોભાઈ અને બીજા મારા સગા રાજકોટ સાથે ગયેલ અને પી.એમ. કરી લાશને વઢવાણ લાવેલ અને ત્યા અંતીમ વીધી કરેલ.અમો થાન ગયેલ ત્યારે મરનારના મોસાળ વાળાએ એવું જણાવેલ કે, મરનાર ઓસરીમાં સુતો હતો અને દરવાજો હતો નહી અને વધુમા જણાવેલ કે આ ચારેય જણાએ છરીઓના ઘા મારેલ અને ઉભો થવા દીધેલ નહી. ત્યારપછી બીજી કાઈ વાત કરેલ નહી.પોલીસે મારુ નામ લખેલું. આ બનાવના અનુસંધાને પોલીસે મારી પુછપરછ કરેલી અને મે આજે કોર્ટમા જે જણાવેલ છે તે જણાવેલું.આરોપીઓ આજરોટ કોર્ટમા હાજર છે સાહેદ તેમને ઓળખી બતાવે છે.

સદર સાહેદની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં સદર સાહેદે એવી હકીકત જણાવેલ છે કે, સરતપાસમા જે જણાવેલ હકીકત કે,"હાલના બનાવ ચાર વર્ષ પહેલા બનેલો બનાવમા એવું બનેલ કે મારા ભાઈનો મરણ જનાર દિકરો કોન્ટ્રાકટનું મજુરી કામ રાખતો હતો અને આરોપી એટલે કે (૧) ભવાન પ્રેમજી (૨) હરીભાઈ પ્રેમજીભાઈ (૩) શાંતીભાઈ પ્રેમજીભાઈ અને (૪) બોઘાભાઈ પ્રેમજીભાઈ ને એવું થયેલ કે આ મારા ભાઈનો દિકરો આગળ વધી જશે તેવુ લાગતા આ આરોપીઓ થાન મારા ભાઈના દિકરાને મારવા ગયેલ જે અંગેની જાણ મારા ભત્રીજાના મોસાળમાથી ભરત ઉપર ફોન આવેલ અને જેથી ભરત મને જાણ કરવા આવેલ અને મને કહેલ કે, મારા ભાઈને ભવાન પ્રેમજી, હરીભાઈ પ્રેમજીભાઈ, શાંતીભાઈ પ્રેમજીભાઈ અને બોઘાભાઈ પ્રેમજીભાઈ એ મારી નાખેલ છે. જેથી મરનારના માતા–પિતા, હું અને મારા ઘરના અને છોકરાઓ બધા થાન ગયેલા અને અમો થાન સરકારી હોસ્પીટલમાં ગયેલ ત્યા મરણજનાર દવાખાનામા હાજર હોય તેને છાતીના ભાગે, ગળાના ભાગે છરીઓના ઘા મારેલા હતા ત્યારબાદ ત્યાથી પી.એસ. આઈ સાહેબે લખાણ કરી એવુ કહેલ કે હવે પી.એમ. માટે રાજકોટ લઈ જાવ જેથી રાજકોટ હું, મારો નાનોભાઈ અને બીજા મારા સગા રાજકોટ સાથે ગયેલ અને પી.એમ. કરી લાશને વઢવાણ લાવેલ અને ત્યા અંતીમ વીધી કરેલ. અમો થાન ગયેલ ત્યારે મરનારના મોસાળ વાળાએ એવુ જણાવેલ કે, મરનાર ઓસરીમા સુતો હતો અને દરવાજો હતો નહી અને વધુમા જણાવેલ કે આ ચારેય જણાએ છરીઓના ઘા મારેલ અને ઉભો થવા દીધેલ નહી ત્યારપછી બીજી કાઈ વાત કરેલ નહી." તેવું પોલીસ રુબરુના નીવેદનમા લખાવેલ નથી અને આજરોજ ખોટુ જણાવુ છું.

(૧૪) ફરીયાદપક્ષે આંક ૧૧૦ થી સાહેદ મેહુલભાઈ હીમતભાઈ મકવાણાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તારીખ ૧૨–૬–૧૩ ના રોજ બનેલો બનાવના દીવસે હું તથા સાહેદના કાકા તથા બાપુ તથા સાહેદની બેન તથા દાદી ઘરે હાજર હતા ત્યારે સાહેદના ભાઈ કનુભાઈ ચોટીલા દર્શન કરીને થાન તેઓના ઘરે આવેલ અને બપોરના અમો બધા સાથે બાર વાગે જમેલા, અને ત્યારબાદ સાંજના મારા કાકા મુળજીભાઈ તથા મારો ભાઈ કનુભાઈ ગામમા દાઢી કરાવવા ગયેલા તેઓ આઠેક વાગ્યે મારા કાકા તથા મારો ભાઈ ઘેર આવેલા અને અમો બધા જમીને પથારી કરીને સુતેલા જેમા મારી બેન તથા મારા દાદીમા રૂમમા તથા હું તથા મારા

કનુભાઈ તથા મારા મુળજીકાકા તથા જેઠાબાપુ અમો ઓસરીમાં સુતા હતા પછી ત્રણ સાડા ત્રણ વાગ્યા ના ગાળામાં મારા મુળજીકાકા રાડો પાડવા લાગેલા જેથી અમો બધા ઉંઘમાંથી જાગી ગયેલા અને જોયુ તો વઢવાણ ગામના ભવાન પ્રેમજીના હાથમાં છરી હતી, તેમની સાથે આવેલ ત્રણ વ્યકિતઓએ કનુભાઈને પકડી રાખેલા જેમાં હરી પ્રેમજી, બોધા પ્રેમજી, શાન્તી પ્રેમજીએ પકડીએ રાખેલા, અને ભવાન પ્રેમજીએ છરીના ઘા કનુભાઈને છાતી પર તથા હાથ પર મારેલા, અને મારા કાકા મુળજીભાઈને પણ હાથે છરી મારેલ તેઓ છોડાવવા વચ્ચે પડેલા, અને હું આ વખતે બી ગયેલ હોય વચ્ચે પડેલ નહી, આ લોકોએ જાતા જાતા ધમકી આપેલ કે જો કેશ કરશો અને અમારા નામ લખાવીશો તો તારા ભાણેજના જે હાલ થયા તેમજ તેની લાશ હાથમાં આવી પણ તમારી લાશ પણ હાથમાં નહી આવે તેમ કહેતા ગયેલા. મારા મુળજીકાકાએ મને વાત કરેલ કે ભવાનભાઈ પ્રેમજી, તથા શાન્તી પ્રેમજી તથા હરી પ્રેમજી તથા બોધા પ્રેમજી બોલેરો ગાડી લઈને આવેલ હતા અને તે બોલેરો ગાડીમાં જતા રહેલા, ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવેલ અને તે આવતા કનુભાઈને સરકારી દવાખાને થાનગઢ અમો તથા મારા કાકા મુળજીભાઈ તથા ભરતભાઈ લઈગયેલા જયાં ડોકટર સાહેબે કનુભાઈ તપાસીનુે તેઓને મરણ ગયેલાનુ જાહેર કરેલ.બનાવની ફરીયાદ મારા કાકા મુળજીભાઈએ આપેલી અને પોલીસેમારો જવાબ લીધેલો.બનાવ બનવાનુ કારણ એ હતુ કે મારા ભાઈ કનુભાઈ રોડના કામ માટે આરોપીઓઓની સાથે કામે જતા હતા ત્યારબાદ તેમણે પણ રોડનુ કામ કોન્ટ્રાકટ કામ રાખેલુ જેના કારણે આરોપીએ મારા ભાઈને મારયો.સાહેદે મુદામાલ આર્ટીકલ નંબર –૪ની છરી ઓળખી બતાવેલ છે.જે આરોપીઓના નામો આપેલ છે તે ભવાન પ્રેમજી, શાંતી પ્રેમજી, હરી પ્રેમજી અને બોધા પ્રેમજી આજરોજ કોર્ટમાં હાજર ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે કરેલી ઉલટ તપાસમાં સદર સાહેદે એવી હકીકત જણાવેલી છે કે સરતપાસમાં કહેલ તેવી કોઈ ઘટના કે ઘટનાક્રમ કહેલ તે તારીખે, તે સમયે અને તેવી વ્યકિતઓ વચ્ચે અને તે પ્રકારે બનેલ નથી.એ વાતનો ઈન્કાર કરેલ છે કે સરતપાસમાં એવું જણાવેલ હકીકત કે,"બનાવ તારીખ ૧૨/૬/૧૩ ના રોજ બનેલો બનાવના દિવસે હું તથા મારા કાકા તથા મારા બાપુ તથા મારી બેન તથા મારી દાદી ઘરે હાજર હતા ત્યારે મારા ભાઈ કનુભાઈ ચોટીલા દર્શન કરીને થાન અમારા ઘરે આવેલ અને બપોરના અમો બધા સાથે બાર વાગે જમેલા, અને ત્યારબાદ સાંજના મારા કાકા મુળજીભાઈ તથા મારો ભાઈ કનુભાઈ ગામમાં દાઢી કરાવવા ગયેલા તેઓ આઠેક વાગ્યે મારા કાકા તથા મારો ભાઈ ઘેર આવેલા અને અમો બધા જમીને પથારી કરીને સુતેલા જેમા મારી બેન તથા મારા દાદીમાં રૂમમા તથા હું તથા મારા કનુભાઈ તથા મારા મુળજીકાકા તથા જેઠાબાપુ અમો ઓસરીમાં સુતા હતા પછી ત્રણ સાડા ત્રણ વાગ્યાના ગાળામાં મારા મુળજીકાકા રાડો પાડવા લાગેલા જેથી અમો બધા ઉંઘમાંથી જાગી ગયેલા અને જોયું તો વઢવાણ ગામના ભવાન પ્રેમજીના હાથમાં છરી હતી, તેમની સાથે આવેલ ત્રણ વ્યકિતઓએ કનુભાઈને પકડી રાખેલા જેમાં હરીપ્રેમજી, બોધા પ્રેમજી, શાન્તી પ્રેમજી એ પકડીએ રાખેલા, અને ભવાન પ્રેમજી એ છરીના ઘા કનુભાઈને છાતી પર તથા હાથ પર મારેલા, અને મારા કાકા મુળજીભાઈને પણ હાથે છરી મારેલ તેઓ છોડાવવા વચ્ચે પડેલા, અને હું આ વખતે બી ગયેલ હોય વચ્ચે પડેલ નહી, આ લોકોએ જાતા જાતા ધમકી આપેલ કે જો કેશ કરશો અને અમારા નામ લખાવીશો તો તારા ભાણેજના જે હાલ થયા તેમજ તેની લાશ હાથમાં આવી પણ તમારી લાશ પણ હાથમાં નહી આવે તેમ કહેતા ગયેલા. મારા મુળજીકાકાએ મને વાત કરેલ કે ભવાનભાઈ પ્રેમજી, તથા શાન્તી પ્રેમજી તથા હરી પ્રેમજી તથા બોધા પ્રેમજી બોલેરો ગાડી લઈને આવેલ હતા અને તે બોલેરો ગાડીમાં જતા રહેલા,ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સને

બોલાવેલ અને તે આવતા કનુભાઈને સરકારી દવાખાને થાનગઢ અમો તથા મારા કાકા મુળજીભાઈ તથા ભરતભાઈ લઈ ગયેલા જયાં ડોકટર સાહેબે કનુભાઈ તપાસીનુે તેઓને મરણ ગયેલાનુ જાહેર કરેલ." તે હું ખોટું જણાવું છું. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સરતપાસમાં એવું જે જણાવેલ હકીકત કે,"બનાવની ફરીયાદ મારા કાકા મુળજીભાઈએ આપેલી અને પોલીસે મારો જવાબ લીધેલો.બનાવ બનવાનું કારણ એ હતું કે મારા ભાઈ કનુભાઈ રોડના કામ માટે આરોપીઓઓની સાથે કામે જતા હતા ત્યારબાદ તેમણે પણ રોડનુ કામ કોન્ટ્રાકટ કામ રાખેલુ જેના કારણે આરોપીએ મારા ભાઈને મારયો." તે હું ખોટુ જણાવું છું.એ વાત ખરી નથી કે, મે આરોપીઓ કે સરતપાસમાં જણાવેલ તેવું કોઈ હથીયાર જોયું નથી તેમ છતા કોર્ટમાં ખોટી રીતે ઓળખી બતાવું છું.એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રુબરુના નીવેદનમાં એવું લખાવેલ નથી કે, આ લોકો જતા જતા ધમકી આપેલ કે જો કેશ કરશો અને અમારા નામ લખાવીશો તો તારા ભાણેજના જે હાલ થયા તેમજ તેની લાશ હાથમાં આવી પણ તમારી લાશ પણ હાથમાં નહી આવે તેમ કહેતા ગયેલા. મારા મુળજીકાકાએ મને વાત કરેલ કે ભવાનભાઈ પ્રેમજી,તથા શાન્તી પ્રેમજી તથા હરી પ્રેમજી તથા બોધા પ્રેમજી બોલેરો ગાડી લઈને આવેલ હતા અને તે બોલેરો ગાડીમાં જતા રહેલા."એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમા એવું લખાવેલ નથી કે,"બનાવ બનવાનું કારણ એ હતું કે મારા ભાઈ કનુભાઈ રોડના કામ માટે આરોપીઓઓની સાથે કામે જતા હતા ત્યારબાદ તેમણે પણ રોડનું કામ કોન્ટ્રાકટ કામ રાખેલુ જેના કારણે આરોપીએ મારા ભાઈને મારયો."એ વાત ખરી નથી કે, મારા મોટા બાપ જેઠાભાઈ સંપુર્ણ સ્વસ્થ છે પરંતુ તેઓ હાલના કેસમાં પાછળથી પોલીસે ઉભા કરેલા ખોટા કેસને સમર્થન આપવા તૈયાર ન હોય અમે બધાએ તે મગજના અસ્થિર છે તેવુ ખોટુ ઉભુ કરેલ છે.એ વાત ખરી નથીકે, મે હું જણાવું છું તેવી કોઈ ઘટના જોયેલ ન હોવા છતા મને શીખવાડયાપ્રમાણે અદાલતમાં ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં મારી ખોટી ઉમર બતાવી છે.

(૧૫) ફરીયાદપક્ષે આંક ૧૧૨ થી તપાસેલ સાહેદ કલ્યાણભાઈ માવજીભાઈ વાણીયાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,આ બનાવ આશરે અઢી વર્ષ પહેલા બનેલો. મારી પાડોશમાં મારા ભાઈ તથા વાલજીભાઈ રહે છે. મુળજીભાઈ ઉર્ફે ભીમભાઈ મારા ઘરથી ત્રીજી શેરીમાં રહે છે. મુળજીભાઈએ મને કોઈ વાત કરેલી નહી. બનાવ વખતે હું મારા ઘરે હતો અને દેકારો થતા હું બહાર રોડ ઉપર આવેલો અને એક ભાઈને વાગેલું હતું અને લોહી–લુહાણ હાલતમાં પડેલ હતા. ત્યારબાદ હું મારા ઘરે જતો રહેલો.પોલીસે મારો કોઈ જવાબ લીધેલ નહી. તેઓએ ફકત મારુ નામ, સરનામું અને ઉમર પુછેલ, બીજુ કાંઈ પુછેલ નહી.આ સાહેદને સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવા છતા ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ હકીકત બહાર આવેલી નથી.

સદર સાહેદની બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકા જણાવેલ છે કે,બનાવ રાતના બાર સાડા બાર વાગે બનેલો. એ વાત ખરી છે કે, મે જે ભાઈને લોહીલુંહાણ હાલતમાં જોયેલ તે મારા ઘરની આગળ શેરીમાં જોયેલા અને ત્યાં ઘણુ બધા માણસો ભેગા થઈ ગયેલા. એ વાત ખરી છે કે, બનાવના બીજા દિવસે સવારે પોલીસ અમારા ગામમાં આવેલી. એ વાત ખરી છે કે, મે પોલીસને ફકત મારુ નામ સરનામું લખાવેલું તે સીવાય પોલીસે મને બીજુ કાઈ પુછેલ નથી અને મે કાઈ લખાવેલ નથી.એ વાત ખરી છે કે, શું બનાવ બનેલો અને કેવી રીતે બનેલ તેની મને આજ દિવસ સુધી ખબર નથી.

(૧૬) ફરીયાદપક્ષે આંક ૧૧૩ થી તપાસેલ સાહેદ પરષોતમભાઈ આલજીભાઈ મકવાણાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કેછે કે,તેઓના સાળાના દિકરાનું નામ કનુભાઈ છે. ગઈ તારીખ ૧૧/૬ જેની સાલ મને ચોકકસ યાદ નથી ત્યારે સાંજકના પાંચેક વાગ્યાના અરસામા કનુભાઈ સાહેદના ઘરે આવેલો. કનુભાઈ આવેલા ત્યારે મને વાત કરેલ નહી. પરંતુ પાછળથી મને વાત કરેલ. શાંતીલાલે ફોન કરી કહેલ કે, ભડવાને કાઢી મુકજો નહીતર ટાટીયા ભાંગી નાખીશું જેથી મે કનુને આ બાબતની વાત કરેલી ત્યારે કનુએ મને કહેલ કે મારે કોન્ટ્રાકટ બાબતે મનદુઃખ ચાલે છે જેથી હું અહીથી જતો રહું નહીતર અહીયા આવી બબાલ કરશે જેથી અમારા ઘરેથી રાત્રે કનુ નિકળી ગયેલો.ત્યારબાદ ૧૩ તારીખે રાત્રે ચારેક વાગ્યે મારા સાળા કે, તેની વહુનો મારા પર ફોન આવેલો અને કનુને મજા ન હોય થાન આવવા જણાવેલ જેથી હું થાન ગયેલો અને મને જાણવા મળેલ કે, કનુને ભવાન પ્રેમજી અને તેના ભાઈઓએ મળીને ચાકા મારેલ છે મને મારા સાળાની વહુએ જણાવેલ કે, ભવાન પ્રેમજીએ છરી વડે કનુને મારેલ છે.આ બનાવ મારા સાળાના દિકરા કનુને ધંધા બાબતેની તકરાર હોવાના કારણે બનાવ બનેલ છે. આ બનાવ અગાઉ કોઈ બનાવ બનેલ હોય તેના વિશે મને કાઈ જાણવા મળેલ નહી. આ બનાવ કનુના મામાના ઘરે બનેલો અને બનાવમાં કનુના મામાને પણ છરી વાગેલી અને તેને પણ ધમકી આપેલી તેવુ કનુના મામાએ મને જણાવેલું. આ સીવાય બીજુ કાંઈ મે જાણેલુ નહી. કનુ ત્યાં ને તયાં ગુજરી ગયેલો હતો. પોલીસ મારી પાસે લીબંડી આવેલી અને હું જે જાણતો હતો તે મે પોલીસને લખાવેલું.

સદર સાહેદની બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ સમયે હું હાજર ન હતો તેથી બનાવ અંગેની મને કોઈ જાત માહીતી નથી. હીરાભાઈ મારા સાળા થાય છે અને ગુજરનાર કનુભાઈ મારા સાળાના દિકરા થાય છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે પોલીસ રૂબરૂના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, "ત્યારે સાંજકના પાંચેક વાગ્યાના અરસામાં કનુભાઈ મારા ઘરે આવેલો. કનુભાઈ આવેલા ત્યારે મને વાત કરેલ નહી. પરંતુ પાછળથી મને વાત કરેલ. શાંતીલાલે ફોન કરી કહેલ કે, ભડવાને કાઢી મુકજો નહીતર ટાટીયા ભાંગી નાખીશું જેથી મે કનુને આ બાબતની વાત કરેલી ત્યારે કનુએ કહેલ કે મારે કોન્ટ્રાકટ બાબતે મનદુખચાલે છે જેથી હું અહીથી જતો રહું નહીતર અહીયા આવી બબાલ કરશે જેથી અમારા ઘરેથી રાત્રે કનુ નિકળી ગયેલો." એ વાત ખરી નથી કે, "ત્યારે સાંજકના પાંચેક વાગ્યાના અરસામાં કનુભાઈ મારા ઘરે આવેલો. કનુભાઈ આવેલા ત્યારે મને વાત કરેલ નહી. પરંતુ પાછળથી મને વાત કરેલ. શાંતીલાલે ફોન કરી કહેલ કે, ભડવાને કાઢી મુકજો નહીતર ટાટીયા ભાંગી નાખીશું જેથી મે કનુને આ બાબતની વાત કરેલી ત્યારે કનુએ કહેલ કે મારે કોન્ટ્રાકટ બાબતે મનદુખ ચાલે છે જેથી હું અહીથી જતો રહું નહીતર અહીયા આવી બબાલ કરશે જેથી અમારા ઘરેથી રાત્રે કનુ નિકળી ગયેલો." એ હકીકત હું ખોટી જણાવુ છું.એ વાત ખરી નથી કે,મે મારા પોલીસ રૂબરૂના નીવેદનમાં એવું લખાવેલ નથી કે,"ત્યારબાદ૧૩ તારીખે રાત્રે ચારેક વાગ્યે મારા સાળા કે,તેની વહુનો મારી પર ફોન આવેલો અને કનુને મજા ન હોય થાન આવવા જણાવેલ જેથી હું થાન ગયેલો અને મને જાણવા મળેલ કે, કનુને ભવાન પ્રેમજી અને તેના ભાઈઓએ મળીને ચાકા મારેલ છે મને મારા સાળાની વહુએ જણાવેલ કે, ભવાન પ્રેમજીએછરી વડે કનુને મારેલ છે."એ વાત ખરી નથી કે,"ત્યારબાદ ૧૩ તારીખે રાત્રે ચારેક વાગ્યે મારા સાળા કે, તેની વહુનો મારી પર ફોન આવેલો અને કનુને મજા ન હોય થાન આવવા જણાવેલ જેથી હું થાન ગયેલો અને મને જાણવા મળેલ કે, કનુને ભવાન પ્રેમજી અને તેના ભાઈઓએ મળીને ચાકા મારેલ છે મને મારા સાળાની વહુએ જણાવેલ કે, ભવાન પ્રેમજી એ છરી વડે કનુને મારેલ

છે.'' તે હું ખોટુ જણાવુ છું.એ વાત ખરી નથી કે, કનુભાઈએ મને જણાવેલ નહી કે, તેમને આરોપીઓ સાથે ધંધા બાબતે મનદુઃખ ચાલે છે. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ રૂબરૂના નિંવેદનમાં એવુ લખાવેલ નથી કે,'' બનાવ કનુભાઈના મામાને ઘરે બનેલો.''એ વાત ખરી નથી કે,''કનુના મામાને પણ છરી વાગેલી અને તેને પણ ધમકી આપેલી તેવુ કનુના મામાએ મને જણાવેલું.'' તે હું ખોટુ જણાવું છું.એ વાત ખરી નથી કે મને કોઈ ફોન આવેલો નથી કે બનાવ અંગેની મને કોઈ માહીતી આપેલી નહી કે હું કોઈ જગ્યાએ ગયેલ નહી પરંતુ મરણ જનાર અને ફરીયાદી સગા થતા હોય તેઓની ફરીયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું.એ વાત ખરી નથી કે, સરતપાસમા જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ નથી કે, કોઈ બનાવને અનુસંધાને મારુ કોઈ નીવેદન લેવામાં આવેલ નથી.

(૧૭) ફરીયાદપક્ષે આંક ૧૧૪ થી તપાસેલ સાહેદ ભવાનભાઈ ભલાભાઈ પરમારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ થાનગઢ મુકામે અનાર્મ એ.એસ.આઈ તરીકે ૨૦૧૦ થી મારી ફરજ બજાવે છે તારીખ ૧૩/૬/૧૩ ના રોજ હું ફ.ગુ.ર.નં. ૩૬/૧૩ ના કામે આ કામે મરણ જનાર કનુભાઈ હીરાભાઈ વાઘેલા, રહે. વઢવાણ વાળાનુ પી.એમ. કરાવવા માટે રાજકોટ મેડીકલ કોલેજ ખાતે ગયેલ અને તેનુ પી.એમ. કર્યા બાદ મરણજનારના કપડા, જેમા ગંજી, તથા પેન્ટ ત્યા ડોકટર સાહેબે અમોને આપતા તે કપડાઓ થાનગઢ પો. સ્ટે. ત.ક.અધીકારી સા.ને સોપેલા, આ કામગીરી અન્વયે તારીખ ૧૪/૬/૧૩ ના રોજ પી.એસ.આઈ.સા.થાનગઢનાએ મારો જવાબ લીધેલો, અને આ કપડા કબજે કર્યા અંગેનુ તારીખ ૧૪/૬/૧૩ ના રોજ પંચનામુ કરવામાં આવેલુ.મને મુદ્દામાલ આર્ટીકલ નંબર–૧૧ અને ૧૨ કપડાઓ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે મે જે કપડા કબજે લીધલ તે જ છે.

સદર સાહેદની બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે, સરતપાસમાં જણાવ્યા મુજબ મરણજનારની લાશનુ પી.એમ કરવા માટે રાજોકટ મેડીકલ ખાતે ગયાની અને રીપોર્ટ આવી જતા પી.એમ કર્યાની હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવ્યા મુજબ કોઈ કપડા, ગંજી, અને પેન્ટ મને સોપેલ નથી અને મે તપાસના કામે રજુ કરેલ નથી, એ વાત ખરી છે કે કપડા કબજે કર્યા અંગેના તારીખ ૧૪/૬/૧૩ ના પંચનામાની વિગત મે મારા પોલીસ નીવેદનમાં જણાવેલ નથી.એ વાતનો ઈન્કાર કરેલ છેકે સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી મે કરેલ નથી તેમ છતા અમારા ઉપરી અધીકારીએ ખોટી તપાસને સર્મથન આપવા ખોટી જુબાની આપુ છુ.

(૧૮) ફરીયાદપક્ષે આંક ૧૧૫ થી તપાસેલ સાહેદ જીવણભાઈ ડુંગરભાઈ ચીહલાએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૧૩ ના વર્ષમા થાન મુકામે સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે તા.૨૦/૮/૧૩ ના રોજ પો.સ.ઈ.થાનગઢ દવારા તેમને લેખીત યાદી આપી થાનગઢ પો. સ્ટે. ના ફ.ગુ.ર.નં.૩૬/૧૩ ના કામે બનાવવાળી જગ્યાનો નકશો કરવા માટે યાદી હતી જે અસલ યાદીમાં પો.સ.ઈ., કે.એ. ગઢવીની સહી છે સ્વીકારનાર તરીકે તેઓની સહી છે ઓળખી બતાવી આક–૧૧૬ થી રજુ કરેલ છે. યાદી અનુસંધાને પોલીસ સાથે જઈ સ્થળ પર બનાવવાળી જગ્યાનો નકશો થાનગઢ મુકામે બાયપાસ રોડ પાસે આવેલ, આબેડકરનગર તરીકે ઓળખાતા વીસ્તારમા બનાવવાળી જગ્યા જોઈ નકશો તૈયાર કરેલ વિગત નકશામા નોંધ કરેલ જે અસલ નકશો આંક ૧૧૭ થી રજુ કરી તેમાં તેઆની સહી તથા હોદ્દો ઓળખી બતાવેલ છે. તેમજ તેમાં પંચોની સહી ઓળખી બતાવેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે સ્થળ પરનો નકશો તૈયાર કરયો તે પહેલાના છ એક મહીનાથી થાનગઢ ફરજ બજાવતો હતો, મે આસરે ૩ વર્ષ થાનગઢ મુકામે ફરજ બજાવેલી, તે વાતનો સ્વીકાર કરેલ છે કે,આંક–૧૧૭ વાળા નકશામા ફરીયાદી કે મરણ જનારના ઘરવાળા કે ત.ક.અ. હાજર હોય તેવી કોઈ નોંધ કરેલ નથી, પોલીસ હાજર હતી તેની નોંધ નકશામા કરેલ નથી, આંક–૧૧૭ ના નકશામા ફરીયાદી કે મરણજનારના કોઈ કુટુંબી સભ્યો કે કોઈ પોલીસની સહી નથી,આંક–૧૧૭ વાળા નકશામા બનાવવાળી જગ્યા કોણે બતાવી તેનો ઉલ્લેખ નથી, બનાવવાળી જગ્યાએ સ્ટ્રીટ લાઈટ હતી કે કેમ તેનો ઉલ્લેખ કરેલ નથી તેના જાવબમાં સ્ટ્રીટ લાઈટ ચાલુ હતી કે કેમ તેનો ઉલ્લેખ કરેલ નથી, તે વાતનો સ્વીકાર કરેલ છે કે,આંક–૧૧૭ ના નકશામા થાનગઢ તરણેતર બાયપાસ રોડથી બનાવવળી જગ્યાનુ અંતર સ્કેલ માપ મુજબ ચોકકસ દર્શાવેલ નથી, એ વાતનો સ્વીકાર કરેલ છે કે,નકશામા સ્કેલમાપ મુજબના માપ લખેલ નથી અને બનાવેલ પણ નથી. તે વાતનો ઈન્કાર કરેલ છે કે, આંક–૧૧૬ વાળી યાદી મળેલ તે હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે થાનગઢ પો. સ્ટે. તરફથી મને નકશો બનાવવાની યાદી મળેલ અને તા. ૫/૯/૧૩ ના રોજ પંચોની હાજરીમા મે સ્થળ પર જઈ બનાવવાળી સ્થાનીક જગ્યાનો નકશો પંચોની હાજરીમા લખેલ તે હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાતનો ઈન્કાર આક–૧૧૭ વાળા નકશામા જે પંચોને દર્શાવવામા આવેલા છે તેવી કોઈ વ્યકિત છે જ સરતપાસમા જણાવ્યા મુજબનો કોઈ નકશો મે સ્થળ પર જઈ બનાવેલ નથી પરંતુ અમારી ઓફીસમા બેસીને તૈયાર કરેલો છે.

(૧૯) ફરીયાદપક્ષે આંક ૧૧૮ થી તપાસેલ સાહેદ દીલીપભાઈ બ્રીજલાલભાઈ વળવીએ તેઓની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે,ગઈ તારીખ ૧૩/૬/૧૩ ના રોજ અમો ધ્રાંગધ્રા સીટીમા પો. સ્ટે. પો.સ.ઈ તરીકે ફરજ બજાવતા હતા તે વખતે અમોએ ખોડાભાઈ તીકુભાઈ પરમાર રહે. ધ્રાગધ્રા આબેડકરનગર, ઘાચીની વાડીવાળાનું તેઓના લખાવ્યા મુજબનુ નીવેદન અમારી રુબરુ લેવામા આવેલ અને આ અસલ નીવેદનમા આ કામના ત.ક.અધી.પો.સ.ઈ., કે.એ.ગઢવીને સોપી આપેલ.

બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે,એ વાત ખરી નથી કે સરતપાસમા જણાવ્યા મુજબના સાહેદ ખોડાભાઈ તીકુભાઈ પરમારનુ તા. ૧૩/૬/૧૩ ના રોજ નીવેદન તપાસના કામે મે લીધેલ, તે હકીકત હુ ખોટી જણાવુ છુ.

(૨૦) ફરીયાદપક્ષે આંક ૧૨૦ થી તપાસેલ રમણભાઈ કચરાભાઈ પરમારે તેઓની જુબાનીમાં જણાવેલ છે કે સને ૨૦૧૩ માં જુન મહીનામાં હું સુરેન્દ્નગર ખાતે એફ.એસ.એલ.કચેરીમાં ફરતી એફ.એસ.એલ.માં સાયન્ટીફીક ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે પોલીસ કન્ટ્રોલ ઈન્ચાર્જ સુરેન્દ્નગર ડી.એસ.પી.ઓફીસર તરફથી તા.૧૩/૬/૧૩ નાં રોજ સવારે ૮–૩૦ કલાકે એક મેસેજ મળેલો તેમા થાનગઢ પોલીસ સ્ટેશન સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૩/૧૩ નાં કામે કનુભાઈ હીરાભાઈ વાઘેલા રહે.વઢવાણ રોહીદાસપરા વાળો તેનાં મામાનાં ઘરે થાનગઢ મુકામે આવે ત્યારે વહેલી સવારે સાડાત્રણથી ચાર વાગ્યાનાં અરસામાં તેનાં મામાનાં ઘરે સુતો હતો ત્યારે આ કામનાં આરોપીઓએ તીક્ષ્ણ હથીયાર વડે શરીરનાં ભાગે ઈજા કરી મોત નિપજાવેલ હોઈ જેથી બનાવવાળી જગ્યાએ તપાસણી માટે જવા વરધી મળેલ જે અંગેની જાણ તેમને કરેલ અને હું તેજ દિવસે એમ. ટી. વિભાગ તરફથી ફાળવવામાં આવેલ વાહનમાં સુરેન્દ્નગરથી રવાના થઈ થાનગઢ પોલીસ સ્ટેશન પહોંચેલો ત્યાં તપાસ અધિકારી તથા પોલીસનાં માણસોએ બનાવ સંદર્ભે ટુંકી માહીતી આપેલ ત્યાં બનાવવાળી જગ્યા કે જે એક

મકાન હતુ તે મકાન પોતાનું હોવાનું જણાવેલ.સદર સાહેદે સ્થળ પર લોહીનાં ડાઘા તથા છાંટા જોવા મળેલ હતા તે સુચવતા હતા પોલીસે બનાવવાળી જગ્યાએથી ડાઘાવાળુ સીમેન્ટ પ્લાસ્ટર તથા બાજુમાંથી કન્ટ્રોલ પ્લાસ્ટર લીધેલ જે ડાઘાઓ પડેલ હતા તે સર્વે ડાઘાઓનો લોહીની હાજરી અંગેનો બેન્જીડીન ટેસ્ટ કરતા તે ટેસ્ટ સર્વે ડાઘાઓમાં પોઝીટીવ મળેલ જે સર્વે ડાઘાઓ લોહીનાં હોવાનું સુચવતો હતો..આ બનાવવાળી જગ્યાએથી તપાસ કરનાર અધિકારીએ લોહીવાળુ સીમેન્ટ,ડાઘા વગરનું કોરુ કન્ટ્રોલ સીમેન્ટ, દિવાલ ઉપરથી ડાઘા દિવાલને તોડીને લીધેલ તેમજ ડાઘા વગરની દિવાલને કોતરીને લીધેલ તે નમુનો, ખાટલા ઉપરથી શેતરંજી તેમજ તે જગ્યાએથી છરી તથા લાકડી તપાસ અધિકારીએ કબજે કરેલ હોવાનું સર્વે નમુનાઓને તપાસણી અર્થે આર.એફ.એસ.એલ.રાજકોટ મોકલવા સુચન કરેલ હતુ. આ બનાવ સંદર્ભે ઈજા પામનારનાં કપડા, બ્લડ સેમ્પલ તેમજ મરણ જનારનાં કપડા, પી.એમ.બ્લડ સેમ્પલ તેમજ આરોપીઓ મળી આવે તેમનાં કપડા, બ્લડ સેમ્પલઅને બનાવમાં વપરાયેલ હથીયારો કબજે લેવા સુચન કરેલ હતુ અને સર્વે નમુનાઓને આર.એફ.એસ. એલ.રાજકોટ મોકલવા સુચન કરેલ હતુ. જે મતલબનો રીપોર્ટ તેમના હસ્તાક્ષરો હોવનુ અને તેના અંતે તેમનો હોદ્દો તથા સહી છે જે રીપોર્ટ આંક–૧૨૧થી રજુ કરેલ છે.

બનાવ સંદર્ભે તા.૧૫/૬/૧૩ નાં રોજ પોલીસ કન્ટ્રોલ ઈન્ચાર્જ તરફથી આ બનાવમાં વપરાયેલ બોલેરો ગાડી નં.જીજે–૧૩–સીસી–૮૮૫૦ કબજે કરેલ હોઈ જેને પોલીસ સ્ટેશનમાં રાખેલ હોઈ જે અંગેનું પરીક્ષણ કરવા અમોને વરધી મળતા તેજ દિવસે થાનગઢ પોલીસ સ્ટેશન પહોંચેલ ત્યાં પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવેલ સફેદ રંગની બોલેરો ગાડી મહીન્દ્રા કંપનીની હતી જે ગાડીનો રજી.નં.જીજે–૧૩–સીસી–૮૮૫૦ હોવનુ માલુમ પડેલુ આ ગાડીનાં ડ્રાઈવરનાં પાછળનાં બંને બાજુનાં દરવાજાના અંદરના હેન્ડલો પર રતાશ પડતા ડાઘા જણાતા તેનો બેન્જીડીન ટેસ્ટ કરતા તે પોઝીટીવ મળેલ જે આ ડાઘાઓ લોહીનાં હોવાનું સુચવતો હતો. સ્ટેયરીંગ પરનાં ડાઘાને તથા દરવાજાનાં અંદરનાં બંને બાજુનાં હેન્ડલ પરનાં ડાઘાઓને કોટન થ્રેડ ઉપર ઘસીને ત્રણ નમુના લઈ તેમજ કન્ટ્રોલ કોટન થ્રેડ આ બનાવનાં તપાસ અધિકારીને કબજે લેવા સોંપેલ હતા. આ નમુનાઓને તપાસણી અર્થે આર. એફ. એસ. એલ. રાજકોટ મોકલવા સુચન કરેલ હતુ.આ અંગેનો અમોએ તા.૧ ૫/૬/૧૩ નાં રોજ નો વિગતવાર અહેવાલ તૈયાર કરેલ જે તેમના હસ્તાક્ષરમાં છે અને તેમા અહેવાલનાં અંતે તેમની સહી તથા હોદ્દો છે જે અહેવાલઆંક–૧૨૨.થી રજુ કરેલ છે. સદર સાહેદે બોલેરો ગાડીમાંથી ત્રણ જુદી જુદી જગ્યાએથી લોહીનાં ડાઘાઓનાં કોટન થ્રેડ ઘસીને લેવામાં આવેલ તે કોટન થ્રેડ તથા કન્ટ્રોલ કોટન થ્રેડ મુદ્દામાલ આર્ટીકલ નં.૨૭ બતાવે તો ઓળખી બતાવે છે.

બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે,એ વાત ખરી નથી કે સુરેન્દ્રનગરની એફ.એસ.એલ.કચેરી તે સ્વતંત્ર કચેરી નથી પરંતુ ડી.એસ.પી.નાં કન્ટ્રોલ હેઠળની છે.અમારી કચેરી નિયામક ગાંધીનગર એફ.એસ.એલ.નાં કન્ટ્રોલમાં આવે.એ વાત ખરી નથી કે અમારી કચેરી ગાંધીનગર એફ.એસ.એલ.કચેરી હેઠળ આવતી હોવાની હકીકત હું ખોટી જણાવું છું.અમારી કચેરીથી વઢવાણ અંદાજે ત્રણ–ચાર કિલોમીટર દુર થતુ હશે.અમારી કચેરીથી થાન કેટલુ દુર થાય તે હું ચોકકસ કહી શકું નહીં. અંદાજે સીતેર–એંસી કિલોમીટર જેટલુ થતુ હશે. આઅંતર કાપવા માટે અમારી કચેરીથી બે–અઢી કલાક જેટલો સમય થતો હશે.એ વાત ખરી છે કે આંક–૧૨૧ નાં સંદર્ભમાં મારી હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ નથી.એ વાત ખરી નથી કે સ્થાનીક જગ્યા સબંધે મે ખોટો પુરાવો ઉભો કરવા તેમજ પોલીસને મદદરુપ થવા આંક–૧૨૧

અને આંક–૧૨૨ નાં રીપોર્ટ ખોટા ઉભા કરેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી હુ જણાવું છું તે તારીખે કે તે સમયે મે કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ જગ્યાએ હું ગયો નથી કે તેવી કોઈ જગ્યાએ અમોએ કોઈ કાર્યવાહી કરેલ નથી અને આંક–૧૨૧ તથા આંક–૧૨૨ વાળો રીપોર્ટ ઓફીસમાં બેસીને તૈયાર કરેલો છે.એ વાતનો ઈન્કાર કરેલ છે કે મુદ્દામાલ ખોટી રીતે ઓળખી બતાવેલ છે.એ વાતનો સ્વીકાર કરેલ છે કે આંક–૧૨૧ નાં રીપોર્ટમાં જયાં પાછળની બાજુ ચેકચાક કરેલ છે ત્યાં ટુંકી સહી કરેલ નથી ઉમેરો કરેલો છે ત્યાં પણ ટુંકી સહી કરેલ નથી.

આમ સદર સાહેદનો જે પુરાવો છે તે જોતા સદર સાહેદે બનાવ વાળી જગ્યાએ તેમને વર્ધી મળતા રીપોર્ટમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરેલી છે તેમજ બોલેરો ગાડીમાં જઈને ડ્રાયવરના પાછળના દરવાજા ઉપર જે લોહીના ડાઘા હતા તેનુ પરીક્ષણ કરીને તેમણે બંને સ્થળ પરીક્ષણના રીપોર્ટ આપેલ છે તેવુ માલુમ પડે છે.

(૨૧) ફરીયાદપક્ષે આંક ૧૨૩ થી તપાસેલ સાહેદ પ્રફુલાબેન પ્રફુલચંદ્ મકવાણાએ તેઓની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, તારીખ : ૨૦/૭/૧૩ નાં રોજ થાનગઢ પોલીસ સ્ટેશનમાંથી કુલ–૨૨ સીલબંધ પાર્સલો રાજકોટ એફ.એસ.એલ.ને મળેલ. સદર કેસને એ.ડી.ની સુચનાથી તા.૫/૮/૧૩ નાં રોજ મે પરીક્ષણ કાર્ય કરેલ. સદર સાહેદે તેમણે જે સીલબંધ પાર્સલો ૨૨ મળેલા તેમા કઈ કઈ વસ્તુના નમુના હતા તેનુ વિગતવાર વર્ણન કરેલ છે અને જે નમુના ઉપર રુધીર મળેલુ હતુ તે નમુનાઓનુ પરીક્ષણ કાર્ય પુરુ કરી તા.૬/૮/૧૩ ના રોજ સદર નમુનાનુ રુધીરનુ મુળ નકકી કરવા માટે સીરોલોજી વિભાગમાં મોકલેલ ત્યાર બાદ રુધીર પરીક્ષણનો રીપોર્ટ તા. ૧૨/૯/૧૩ ના રોજ મળેલ એફ.એસ.એલ.માં મુદામાલ મોકલવામાં આવેલ જેથી યાદી જેમાં થાન પી.એસ.એઈની સહી તથા નમુના છે જે અસલ યાદી આંક ૧૨૪ થી તથા મુદ્દામાલ મળ્યાની પાવતી આંક ૧૨૫ થી રજુ કરેલ છે. અને આંક ૧૨૬ થી મુદામાલ પરીક્ષણ અહેવાલ જેમાં સહી તથા હોદ્દો છે તે રજુ કરેલ છે અને સીરોલોજી વિભાગમાં સાયટીફીક ઓફિસર તરીકે કામ કરતા કે.એસ. દેસાઈનાએ તૈયાર કરેલ અહેવાલ જેમાં તેમની સહી છે જે આંક ૧૨૭ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે, એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવ્યા મુજબ તા.૨૦/૭/૧૩ નાં રોજ થાનગઢ પોલીસ સ્ટેશન તરફથીકુલ–૨૨ સીલબંધ પાર્સલ મને પૃથ્થકરણ કરવા મળેલ તે હકીકત હું ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે આંક–૧૨૪ વાળી યાદી મને પૃથ્થકરણ કરવા માટે મળેલ તે હકીકત હું ખોટી જણાવું છું.એ વાત ખરી નથી કે તા.૬/૮/૧૩ નાં રોજ રુધીરનું મુળ નકકી કરવા સીરોલોજી વિભાગને મોકલેલ તે હકીકત હું ખોટી જણાવું છું.એ વાત ખરી નથી કે તા.૧૨/૯/૧૩ નાં રોજ રુધીરનું મુળ નકકી કરવા માટેનો સીરોલોજી વિભાગનો રીપોર્ટ મને મળેલાની હકીકત હું ખોટી જણાવું છું.એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવ્યા મુજબનો કોઈ મુદ્દામાલ મને પૃથ્થકરણ કરવા માટે મળેલ નથી કે તેવા કોઈ મુદ્દામાલનું મે પૃથ્થકરણ કરેલુ નથી.એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવ્યા મુજબનાં મુદ્દામાલનું મે પૃથ્થકરણ કરેલ નથી પરંતુ પોલીસનાં ખોટા કેસને સર્મથન આપવા ખોટો રીપોર્ટ તૈયાર કરેલો છે.

(૨૨) ફરીયાદપક્ષે આંક ૧૨૯ થી તપાસેલ ત.ક.અ. કુલદીપદાન અજીતદાન ગઢવીએ તેઓની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે,તા.૧૩/૬/૧૩ ના રોજ અમો થાનગઢ પો.સ્ટે. માં સીનીયર પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન વહેલી સવારે આશરે ૫:૦૦ વાગ્યાના સુમારે પી.એસ.ઓ.નો અમારા પર ફોન આવેલ કે સરકારી દવાખાનાથી વરધી આવેલ છે કે બે ઈસમોને સરકારી દવાખાને લાવેલ છે જેમાંથી એક મરણ ગયેલ છે.

અને મારામારીનો કેસ છે. જેથી અમો તરત જ પોલીસના માણસો સાથે સરકારી દવાખાને ગયેલ અને ત્યાં જઈ તપાસ કરતા એક ઈસમનુ મોત થયેલ અને સાથેના ઈજાગ્રસ્ત ઈસમની સાથે વાત કરતા તેણે તેનુ નામ મુળજીભાઈ આપેલ અને મરનાર ઈસમ તેનો ભાણેજ કનુભાઈ હોવાનુ જણાવેલ અને બનાવ ની વિગત અને ફરીયાદ તેમણે આપેલ ફરીયાદી મુળજીભાઈએ મારી રૂબરૂ ફરીયાદ આપેલી જે મે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને રૂબરૂમાં મે સહી કરેલ અને મારી રૂબરૂમાં મુળજીભાઈએ સહી કરેલ જે અસલ ફરીયાદ મને કોર્ટના રેકર્ડમાંથી બતાવવામાં આવે છે જેમાં મારી તથા મુળજીભાઈની સહી હુ ઓળખી બતાવુ છુ. ફરીયાદ લીધા બાદ સદર ફરીયાદ મે પી.એસ.ઓ. જી.ડી.પારઘી ને ગુન્હો દાખલ કરવા માટે આપેલ ગુન્હો દાખલ થયા બાદ સદર ગુન્હાની તપાસ સોપવામાં આવતા મે સંભાળી લીધેલ.ત્યારબાદ તા.૧૩/૬/૧૩ના રોજ આ કામે મરણજનારનુ બે પંચો રણુભાઈ સુરીંગભાઈ ખાચર તથા રાજુભાઈ માલાભાઈ અલગોતરનાઓની હાજરીમાં મરણજનાર કનુભાઈ હીરાભાઈ વાઘેલાની લાશનુ તે બે પંચોની હાજરીમાં તથા એજયુ.મેજી.ચોટીલાનાઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ જે પંચનામુ આ કામે આંક–૩૮ થી રજુ છે જે તે જ છે.તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૩/૬/૧૩ ના રોજ બનાવ વાળી જગ્યા નુ આ કામના ફરીયાદી મુળજીભાઈ ઉર્ફે ભીમ રાજાભાઈ કરશનભાઈનાઓના બતાવ્યા મુજબનુ પંચનામુ કરવામાં આવેલ અને ત્યાંથી મુદામાલ છરી,લાકડી અને લોહીના નમુના વાળા કોટનથ્રેડ અને એક લોહીથી ખરડાયેલી શેતરજી તથા લોહીથી ખરડાયેલી માટી તથા કંન્ટ્રોલ માટી પણ આ પંચનામાના આધારે તે બે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલો જે પંચનામુ આ કામે આંક–૨૯ થી રજુ છે જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ આ કામે આરોપી ભરતભાઈ હીરાભાઈ વાઘેલ ને બાતમી રાહે જાણ થતા થાનગઢ બસસ્ટેન્ડ પાસેથી બે પંચોની હાજરીમાં અટક કરવામાં આવેલો અને તે અંગેનુ અટક પંચનામુ કરવામાં આવેલ તેમજ આરોપી ભરતભાઈ તે સમયે જે કપડા પહેરેલ તે પહેરેલ કપઠા પંચોની હાજરીમાં કબજે કરેલ જે પંચનામુ આ કામે આંક– ૩૧ રજુ છે જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ અટક કરવામાં આવેલ આરોપીની પુછપરછ કરતા તેણે બનાવ સમયે ઉપયોગમાં લીધેલ વાહન બોલેરો કાર જેનો નં.જી.જે.૧૩ સી.સી. ૮૮૫૦ હોય તેના વિશે માહીતી આપતા અમોએ બે પંચોની હાજરીમાં વઢવાણ નવા દરવાજા બહાર,સંત રોહીદાસ વાસમાં ભવાનભાઈ પ્રેમજીભાઈ વાઘેલાના ઘર પાસે આ નંબર ની બોલેરો કાર હોય તેને તે પંચોની હાજરીમાં ધોરણસર કબજે લીધેલી અને તે અંગેનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ જે પંચનામુ આંક–૩૬ થી રજુ છે.જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૪/૬/૧૩ ના રોજ આ કામના ફરીયાદી બનાવ વખતે પહેરેલ કપડા સ્વખુશીથી પો.સ્ટે. રજુ કરતા હોય તે કપડાઓ અમોએ બે પંચોની હાજરીમાં કબજે કરેલા જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલુ જે પંચનામુ આંક–૩૨ થી રજુ છે.જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૪/૬/૧૩ ના રોજ આ કામના મરણ જનાર બનાવ વખતે પહેરેલ કપડા તે કપડા રાજકોટ સરકારી દવાખાને પી.એમ. વખતે મેડીકલ ઓફીસરે કાઢી લીધેલ જે કપડા એ.એસ.આઈ. ભવાનભાઈ ભરવાડ બંકલ નં. ૧૨૦૩ વાળાને સોંપેલ જે પો.સ્ટે. રજુ કરતા હોય તે કપડાઓ અમોએ બે પંચોની હાજરીમાં કબજે કરેલા જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલુ જે પંચનામુ આંક–૪૦ થી રજુ છે.જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ આ કામના આરોપી ભરતભાઈ હીરાભાઈ વાઘેલા એ બનાવ સમયે ઉપયોગમાં લીધેલ હથીયાર વિશે

જણાવતો હોય તે અંગેનુ ડીસ્કવરી પંચનામુ બે પંચોને સાથે રાખી કરવામાં આવેલ અને સરકારી વાહનમાં પો.સ્ટે.થી સાંજના ૧૯:૦૦ કલાકે નીકળેલ પછી થાનગઢ પો.સ્ટે. કંમ્પાઉન્ડ થી ડાબા હાથે વળી ધોળેશ્વર ફાટકથી આગળ નીકળી નવાગામ રોડ ઉપર આરોપીના બતાવ્યા મુજબ ગયેલા. અને ત્યારબાદ આરોપીએ એક અવાવરૂ જગ્યા બતાવેલ જયા ઉભા રહે પછી આરોપીએ બાવળમાંથી એક કાળા કલરની લાકડી કાઢી આપેલ જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક–૪૩ પંચનામુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ આ કામના અન્ય આરોપીઓ ભવાનભાઈ પ્રેમજીભાઈ,હરીભાઈ પ્રેમજીભાઈ,શાંતીલાલ પ્રેમજીભાઈ, અને બોઘાભાઈઉર્ફે મુન્નો પ્રેમજી ભાઈ સાયાલા વાળા સાયલા –મુળી રોડ ઉપર હોવાની બાતમીરાહે જાણ થતા તેઓને પંચો રૂબરૂ આ ચારેય આરોપીઓની અટક કરવામાં આવેલ અને તે મુજબનુ બન્ને પંચોની હાજરીમાં અટક પંચનામુ કરવામાં આવેલ.જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક–૫૬ પંચનામુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ આ કામના અટક કરવામાં આવેલ ચારેલ આરોપીઓ ભવાનભાઈ પ્રેમજીભાઈ,હરીભાઈ પ્રેમજીભાઈ,શાંતીલાલ પ્રેમજીભાઈ, અને બોઘાભાઈઉર્ફે મુન્નો પ્રેમજીભાઈ સાયાલા વાળાઓએ બનાવ સમયે પહેરેલ કપડાઓ તેમજ મોબાઈલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ. જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક–૪૭ પંચનામુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ આ કામના આરોપી શાંતીલાલ પ્રેમજીભાઈ વાઘેલા તેમજ બોઘાભાઈ ઉર્ફે મુન્નો અમો પોલીસને કઈક બતાવવા માંગતો હોય તે અંગેનુ ડીસ્કવરી પંચનામુ પ્રથમ ભાગનુ પંચનામુ કલાક ૧ ૭:૦૦ થી ૧૭:૨૦ સુધી બે પંચોને સાથે રાખી કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીના જણાવ્યા મુજબ સરકારી વાહનમાં થાનગઢ પો.સ્ટે.થી બે પંચો તથા આરોપીઓ સાથે આરોપી નવાગામ બાઈપાસ પાસે આવેલ એક બાવળના જુંન્ડ પાસે ઉભા રાખતા અને ત્યારબાદ આરોપી શાંતીલાલ પ્રેમજીભાઈએ તેમાંથી એક લાકડી કાઢી આપતા તે લાકડી પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ. અને અન્ય આરોપી બોઘાભાઈ ઉર્ફે મુન્નો પ્રેમજી ભાઈએ ત્યાંથી એક લાકડી કાઢી આપતા બે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ. જે ડીસ્કવરી પંચનામુ આંક–૪૪ વાળુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ બનાવ વખતે ઉપયોગમાં લીધેલ બોલેરો ગાડીમાંથી એફ.એસ.એલ. અધીકારીએ તપાસણી દરમ્યાન બોલેરો ગાડીની અલગ અલગ જગ્યાએથી નમુના લીધેલ જે પૈકી ડ્રાઈવરની સીટની પાછળના ભાગે જમણી બાજુના દરવાજાના અંદરના હેન્ડલ પરથી લોહીના ડાઘા વાળુ કોટનથ્રેડ, બોલેરો ગાડીના સ્ટેરીંગ પર થી લોહીના ડાઘા વાળુ કોટનથ્રેડ, ગાડીના સ્ટેરીંગ ઉપરથી કંન્ટ્રોલ કોટનથ્રેડનો નમુનો અને ગાડીની વચ્ચે ની શીટના ડાબી બાજુના દરવાજાના અંદરના હેન્ડલ ઉપરથી કોટનથ્રેડના નમુના પંચનામાની વિગતે કબજે લીધેલ જે પંચનામુ આંક–૫૯ વાળુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.તપાસના કામે મે સાહેદ મેહુલભાઈ હીમતભાઈ,નાનુબેન રાજાભાઈ,ઈલાબેન હીમતભાઈ, ભરતભાઈ પુંજાભાઈ, કલ્યાણભાઈ માવજીભાઈ,હીરાબેન ઉર્ફે કંચનબેન હીરાભાઈ, હીરાભાઈ ઘનાભાઈ, હેતલબેન હીરાભાઈ, નાનજીભાઈ ધનાભાઈ,પરષોતમભાઈ આલજીભાઈ,ના નીવેદનો લીધેલા.જે પૈકી સાહેદ કલ્યાણ ભાઈ માવજીભાઈ નું તા.૧૯/૬/૧૩ના રોજ નીવેદન લીધેલ જેમાં તેઓએ મારા

રૂબરૂ નીવેદન માં લખાવેલ કે''ગઈ તા.૧૩/૦૬/૧૩ ના રોજ વહેલી સવારના સાડા ત્રણથી ચાર વાગયાના સમયે અમારા પાડોશમાં રહેતા મુળજી ઉર્ફે ભીમ અમારા ઘરે આવેલ અને વાત કરેલ કે મારા ભાણેજ કનુ ને વઢવાણ વાળાઓએ છરીઓના ઘા મારેલ છે અને દવાખાને લઈ જવા છે તેમ વાત કરતા હું તેમના ઘરે ગયેલો અને અમારી બાજુવાળા ભરતભાઈ પણ આવેલા અને ૧૦૮ ને પણ જાણ કરેલ અને ૧૦૮ આવતા હું તથા મેહુલ તથા બાજુવાળા ભરતભાઈ મુળજીભાઈ વગેરેએ ૧૦૮મા કનુને સુવડાવેલ તે વખતે ૧૦૮ માં પંચર પડતા બીજી એમ્બ્યુલન્સ આવતા તેમા થાનગઢ સરકારી દવાખાને લઈ જતા ડોકટર સાહેબે મરણ જાહેર કરેલ પછી હું તથા ભરતભાઈ અમારા ઘરે આવતા રહેલા કનુને કયાં કયાં ઈજાઓ હતી તે અમોએજોયેલ નથી તે પછી વાતો વાતથી જાણવા મળેલ કે વઢવાણ ગામના ભવાનભાઈએ છરી ઘા મારેલ અનેતેના ભાઈઓ અને તેના સાળાએ પકડી રાખેલ અને આ કનુનો ભાઈ ભરત પણ આ માણસો સાથે આવેલો તેના પાસે લાકડી હતી અનેતે બહાર સામે ઉભો હતો અને આ ત્રણેય જણાએ કનુને પકડી રાખેલ અને ભવાને ઉપરા–ઉપરી છરીના ઘા મારેલ તે વખતે ભીમ છોડાવવા માટે વચ્ચે પડેલ ત્યારે આ ભવાનભાઈએ તેની પાસેની છરી ભીમને ડાબા હાથે મારેલ દેકારો જતા મેહુલ તથા તેના માં તથા જેઠાભાઈ વગેરે જાગી જતા પાંચેય જણા દોડીને બોલેરો ગાંડીમાં ભાગી ગયેલા જતા જતા ભવાનભાઈએ ભીમને ધમકી આપેલ કે અમારા સામે ફરીયાદ કરીશ તો તારા ભાણાને મારેલ છે તેમ તમો બધાને મારી નાખીશ તેમ ધમકી આપી જતા રહેલ, આ બનાવનું કારણ શુ છે તે અમોને કાંઈપણ ખબર નથી.''ત્યારબાદ તપાસના કામે અમોએ તપાસના કામે કબજે કરવામાં આવેલ હથીયારો,કપડાઓ તેમજ મોબાઈલ એફ.એસ.એલ.માં તેઓના અભિપ્રાય અર્થે તેમજ મુદામાલ તપાસર્ણી અર્થે મોકલી આપેલ અને તપાસણી બાદ એફ.એસ.એલ.માંથી તેઓનો અભીપ્રાય આવી જતા તે અભીપ્રાય તપાસના કામમાં સામેલ રાખવામાં આવેલ. તેમજ કબજે કરવામાં આવેલ સેમ્પલ સીરોલોજીકલ અર્થે મોકલવામાં આવેલ જે રીપોર્ટ આવી જતા તપાસના કામે સામેલ રાખવામાં આવેલ. જે અભીપ્રાય આંક–૧૨૬ તથા રીપોર્ટ આંક–૧૨૭ થી રજુ છે જે તે જ છે.તેમજ બનાવ વાળી જગ્યાનુ નકશો સર્કલ ઓફીસર દ્વારા તૈયાર કરવામાં આવેલો જે નકશો આ કામે આંક–૧૧૭ થી રજુ છે જે તે જ છે.આ કામમાં મરણજનારનુ પી.એમ.જે કરવામાં આવેલુ તે પી.એમ. રીપોર્ટ આ કામમાં સામેલ રાખવામાં આવેલ તેમજ આ કામમાં ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટી **આંક–૧૩૮**તેમજ લાશ ને પી.એમ.અર્થે મોકલતી વખતે સીવીલ સર્જનને સાથે પોલીસ રીપોર્ટ મોકલવામાં આવેલ જે પોલીસ રીપોર્ટની નકલ **આંક–૧૩૯**તેમજ ડૉ. ધ્વારા કરવામાં આવેલ પી.એમ.અંગેનો ડાંકટર દ્વારા આપવામાં આવેલો દાખલો **આંક–૧૪૦થી રજુ કરેલ છે.**મને મુદામાલ આર્ટીકલ નં. ૧ થી ૯ તથા ૧૧ થી ૨૭ વાળા બતાવવામાં આવે છે જે તપાસના કામે કબજે લીધેલ તે જ છે.આ કામના આરોપીઓ વિરૂધ્ધ તપાસના અંતે પુરતા પુરાવા હોય તેઓની વિરૂધ્ધ અમોએ ચાર્જશીટ કરેલ. આરોપીઓ આજરોજ કોર્ટમાં હાજર છે જે તમામને હુ ઓળખી બતાવુ છુ.

બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે,એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં જણાવેલ વિગત'' તા.૧૩/૬/૧૩ ના રોજ અમો થાનગઢ પો.સ્ટે. માં સીનીયર પી.એસ.આઈ. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન વહેલી સવારે આશરે ૫:૦૦ વાગ્યાના સુમારે પી.એસ.ઓ.નો અમારા પર ફોન આવેલ કે સરકારી દવાખાનાથી વરર્ધી આવેલ છે કે બે ઈસમોને સરકારી દવાખાને લાવેલ છે જેમાંથી એક મરણ ગયેલ છે. અને મારામારીનો કેસ છે. જેથી અમો તરત જ પોલીસના માણસો સાથે સરકારી

દવાખાને ગયેલ અને ત્યાં જઈ તપાસ કરતા એક ઈસમનુ મોત થયેલ અને સાથેના ઈજાગ્રસ્ત ઈસમની સાથે વાત કરતા તેણે તેનુ નામ મુળજીભાઈ આપેલ અને મરનાર ઈસમ તેનો ભાણેજ કનુભાઈ હોવાનુ જણાવેલ અને બનાવ ની વિગત અને ફરીયાદ તેમણે આપેલ." તે હકીકત ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં જણાવેલ વિગત " ફરીયાદી મુળજીભાઈએ મારી રૂબરૂ ફરીયાદ આપેલી જે મે તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ અને રૂબરૂમાં મે સહી કરેલ અને મારી રૂબરૂમાં મુળજીભાઈએ સહી કરેલ" તે હકીકત હુ ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથીકે ,અસલ ફરીયાદ અને તેમાં મુળજીભાઈની સહી ખોટી રીતે ઓળખી બતાવુ છુ.એ વાત ખરી નથી કે,ફરીયાદ લીધા બાદ સદર ફરીયાદ મે પી.એસ.ઓ. જી.ડી.પારઘી ને ગુન્હો દાખલ કરવા માટે આપેલ. અને સદર ગુન્હાની તપાસ મને સોપવામાં આવેલ તે હકીકત ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે, ફરીયાદી મુળજીભાઈ મારી રૂબરૂ ફરીયાદમાં સહી કરેલ નથી પરંતુ ભળતા નામ વાળી વ્યકિતની ખોટી સહી લઈ ખોટી ફરીયાદ ઉભી કરેલ છે.એ વાત ખરી નથી કે, "તપાસના કામે તા.૧૩/૬/૧૩ના રોજ આ કામે મરણજનારનુ બે પંચો રણુભાઈ સુરીંગભાઈ ખાચર તથા રાજુભાઈ માલાભાઈ અલગોતરનાઓની હાજરીમાં મરણજનાર કનુભાઈ હીરાભાઈ વાઘેલાની લાશનુ તે બે પંચોની હાજરીમાં તથા એજયુ.મેજી.ચોટીલાનાઓની હાજરીમાં પંચનામુ કરવામાં આવેલ" તે હકીકત હુ ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે, તપાસના કામે તા.૧૩/૬/૧૩ ના રોજ બનાવ વાળી જગ્યા નુ આ કામના ફરીયાદી મુળજીભાઈ ઉર્ફે ભીમ રાજાભાઈ કરશનભાઈનાઓના બતાવ્યા મુજબનુ પંચનામુ કરવામાં આવેલ અને ત્યાંથી મુદામાલ છરી,લાકડી અને લોહીના નમુના વાળા કોટનથ્રેડ અને એક લોહીથી ખરડાયેલી શેતરજી તથા લોહીથી ખરડાયેલી માટી તથા કંન્ટ્રોલ માટી પણ આ પંચનામાના આધારે તે બે પંચોની હાજરીમાં કબજે કરવામાં આવેલ." તે હકીકત હુ ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે, તપાસના કામે " આરોપી ભરતભાઈ હીરાભાઈ વાઘેલ ને બાતમી રાહે જાણ થતા થાનગઢ બસસ્ટેન્ડ પાસેથી બે પંચોની હાજરીમાં અટક કરવામાં આવેલો અને તે અંગેનુ અટક પંચનામુ કરવામાં આવેલ તેમજ આરોપી ભરતભાઈ તે સમયે જે કપડા પહેરેલ તે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલ .તે હકીકત હુ ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે,મારી સરતપાસમાં જણાવેલ હકીકત"અટક કરવામાં આવેલ આરોપીની પુછપરછ કરતા તેણે બનાવ સમયે ઉપયોગમાં લીધેલ વાહન બોલેરો કાર જેનો નં.જી.જે.૧૩ સી.સી. ૮૮૫૦ હોય તેના વિશે માહીતી આપતા અમોએ બે પંચોની હાજરીમાં વઢવાણ નવા દરવાજા બહાર,સંત રોહીદાસ વાસમાં ભવાનભાઈ પ્રેમજીભાઈ વાઘેલાના ઘર પાસે આ નંબર ની બોલેરો કાર હોય તેને તે પંચોની હાજરીમાં ધોરણસર કબજે લીધેલી અને તે અંગેનુ પંચનામુ બે પંચોની હાજરીમાં કરવામાં આવેલ. તા.૧૪/૬/૧૩ ના રોજ આ કામના ફરીયાદી બનાવ વખતે પહેરેલ કપડા સ્વખુશીથી પો.સ્ટે. રજુ કરતા હોય તે કપડાઓ અમોએ બે પંચોની હાજરીમાં કબજે કરેલા જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલુ જે પંચનામુ આંક–૩૨ થી રજુ છે.જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૪/૬/૧૩ ના રોજ આ કામના મરણ જનાર બનાવ વખતે પહેરેલ કપડા તે કપડા રાજકોટ સરકારી દવાખાને પી.એમ. વખતે મેડીકલ ઓફીસરે કાઢી લીધેલ જે કપડા એ.એસ.આઈ. ભવાનભાઈ ભરવાડ બંકલ નં. ૧૨૦૩ વાળાને સોંપેલ જે પો.સ્ટે. રજુ કરતા હોય તે કપડાઓ અમોએ બે પંચોની હાજરીમાં કબજે કરેલા જે અંગેનુ પંચનામુ કરવામાં આવેલુ જે પંચનામુ આંક–૪૦ થી રજુ છે.જે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. ત્યારબાદ આ કામના આરોપી ભરતભાઈ હીરાભાઈ વાઘેલા એ બનાવ સમયે ઉપયોગમાં લીધેલ હથીયાર વિશે જણાવતો હોય તે અંગેનુ ડીસ્કવરી પંચનામુ

બે પંચોને સાથે રાખી કરવામાં આવેલ અને સરકારી વાહનમાં પો.સ્ટે.થી સાંજના ૧૯ઃ૦૦ કલાકે નીકળેલ પછી થાનગઢ પો.સ્ટે. કંમ્પાઉન્ડ થી ડાબા હાથે વળી ધોળેશ્વર ફાટકથી આગળ નીકળી નવાગામ રોડ ઉપર આરોપીના બતાવ્યા મુજબ ગયેલા. અને ત્યારબાદ આરોપીએ એક અવાવરૂ જગ્યા બતાવેલ જયા ઉભા રહે પછી આરોપીએ બાવળમાંથી એક કાળા કલરની લાકડી કાઢી આપેલ જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક–૪૩ પંચનામુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ આ કામના અન્ય આરોપીઓ ભવાનભાઈ પ્રેમજીભાઈ,હરીભાઈ પ્રેમજી ભાઈ, શાંતીલાલ પ્રેમજીભાઈ, અને બોઘાભાઈઉર્ફે મુન્નો પ્રેમજીભાઈ સાયાલા વાળા સાયલા –મુળી રોડ ઉપર હોવાની બાતમીરાહે જાણ થતા તેઓને પંચો રૂબરૂ આ ચારેય આરોપીઓની અટક કરવામાં આવેલ અને તે મુજબનુ બન્ને પંચોની હાજરીમાં અટક પંચનામુ કરવામાં આવેલ.જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક–૫૬ પંચનામુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ આ કામના અટક કરવામાં આવેલ ચારેલ આરોપીઓ ભવાનભાઈ પ્રેમજીભાઈ,હરીભાઈ પ્રેમજીભાઈ,શાંતીલાલ પ્રેમજીભાઈ, અને બોઘાભાઈઉર્ફે મુન્નો પ્રેમજીભાઈ સાયાલા વાળાઓએ બનાવ સમયે પહેરેલ કપડાઓ તેમજ મોબાઈલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરવામાં આવેલ. જે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ જે આંક–૪૭ પંચનામુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ઉના રોજ આ કામના આરોપી શાંતીલાલ પ્રેમજી ભાઈ વાઘેલા તેમજ બોઘાભાઈ ઉર્ફે મુન્નો અમો પોલીસને કઈક બતાવવા માંગતો હોય તે અંગેનુ ડીસ્કવરી પંચનામુ પ્રથમ ભાગનુ પંચનામુ કલાક ૧૭ઃ૦૦ થી ૧૭ઃ૨૦ સુધી બે પંચોને સાથે રાખી કરવામાં આવેલ અને ત્યારબાદ આરોપીના જણાવ્યા મુજબ સરકારી વાહનમાં થાનગઢ પો.સ્ટે.થી બે પંચો તથા આરોપીઓ સાથે આરોપી નવાગામ બાઈપાસ પાસે આવેલ એક બાવળના જુંન્ડ પાસેઉભા રાખતા અને ત્યારબાદ આરોપી શાંતીલાલ પ્રેમજીભાઈએ તેમાંથી એક લાકડી કાઢી આપતા તે લાકડી પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ. અને અન્ય આરોપી બોઘાભાઈ ઉર્ફેમુન્નો પ્રેમજી ભાઈએ ત્યાંથી એક લાકડી કાઢી આપતા બે પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબજે કરેલ. જે ડીસ્કવરી પંચનામુ આંક–૪૪ વાળુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.ત્યારબાદ તા.૧૫/૬/૧૩ ના રોજ બનાવ વખતે ઉપયોગમાં લીધેલ બોલેરો ગાડીમાંથી એફ.એસ.એલ. અધીકારીએ તપાસણી દરમ્યાન બોલેરો ગાડીની અલગ અલગ જગ્યાએથી નમુના લીધેલ જે પૈકી ડ્રાઈવરની સીટની પાછળના ભાગે જમણી બાજુના દરવાજાના અંદરના હેન્ડલ પરથી લોહીના ડાઘા વાળુ કોટનથ્રેડ, બોલેરો ગાડીના સ્ટેરીંગ પર થી લોહીના ડાઘા વાળુ કોટનથ્રેડ, ગાડીના સ્ટેરીંગ ઉપરથી કંન્ટ્રોલ કોટનથ્રેડનો નમુનો અને ગાડીની વચ્ચે ની શીટના ડાબી બાજુના દરવાજાના અંદરના હેન્ડલ ઉપરથી કોટનથ્રેડના નમુના પંચનામાની વિગતે કબજે લીધેલ જે પંચનામુ આંક–૫૯ વાળુ મને બતાવવામાં આવે છે તે તે જ છે. તેમાં રૂબરૂમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.તપાસના કામે મે સાહેદ મેહુલભાઈ હીમતભાઈ,નાનુબેન રાજાભાઈ,ઈલાબેન હીમતભાઈ, ભરતભાઈ પુંજાભાઈ, કલ્યાણભાઈ માવજીભાઈ,હીરાબેન ઉર્ફે કંચનબેન હીરાભાઈ, હીરાભાઈ ઘનાભાઈ, હેતલબેન હીરાભાઈ,નાનજીભાઈ ધનાભાઈ, પરષોતમભાઈ આલજીભાઈ,ના નીવેદનો લીધેલા.ત્યારબાદ તપાસના કામે અમોએ તપાસના કામે કબજે કરવામાં આવેલ હથીયારો,કપડાઓ તેમજ મોબાઈલ એફ.એસ.એલ.માં તેઓના અભિપ્રાય અર્થે

તેમજ મુદામાલ તપાસર્ણી અર્થે મોકલી આપેલ અને તપાસણી બાદ એફ.એસ.એલ.માંથી તેઓનો અભીપ્રાય આવી જતા તે અભીપ્રાય તપાસના કામમાં સામેલ રાખવામાં આવેલ. તેમજ કબજે કરવામાં આવેલ સેમ્પલ સીરોલોજીકલ અર્થે મોકલવામાં આવેલ જે રીપોર્ટ આવી જતા તપાસના કામે સામેલ રાખવામાં આવેલ. જે અભીપ્રાય આંક–૧૨૬ તથા રીપોર્ટ આંક–૧૨૭ થી રજુ છે જે તે જ છે. " તે તમામ હકીકત હુ ખોટી જણાવુ છુ.એ વાત ખરી છે કે, ઈન્કવેસ્ટ પંચનામુ સ્ટે.ડા.ની એન્ટ્રી ના આધારે કરેલ છે. એ વાત ખરી નથી કે, એફ.એસ.એલ. અધિકારી ડી.એસ.પી.ના તાબા હેઠળના અધિકારી છે. એ વાત ખરી નથી કે, ડી.એસ.પી. ઓફીસમાં તેમની કચેરી આવેલી છે. એફ.એસ.એલ.અધિકારી સુ.નગર હોય છે કે રાજકોટ હોય છે તે મને હાલ યાદ નથી.એ વાત ખરી છે કે, તા.૧૩/૬/૧૩ના રોજ મે એફ.એસ.એલ.અધિકારીને મે બોલાવેલ નથી. એ વાત ખરી નથી કે, તા.૧૪/૬/૧૩ ના રોજ પણ એફ.એસ.એલ. ના અધિકારીને બોલાવેલ નથી. કોઈપણ પુરાવો તરત જ કબજે કરવો જોઈએ તે હકીકત હુ જાણુ છુ. એ વાત ખરી નથી કે, તા.૧૫/૬/૧૩ ના બોલેરો સંબંધી બનાવટી પુરાવો ઉભો કરી ખોટુ પંચનામુ કરવામાં આવેલ છે.એ વાત ખરી નથી કે, તમામ પંચનામા પો.સ્ટે.માં બેસીને તૈયાર કરવામાં આવેલ છે અને પાછળથી પંચોની સહી લીધેલ છે. એ વાત ખરી નથી કે, સાહેદોના નીવેદન ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલ છે સાહેદોના લખાવ્યા મુજબ લખેલ નથી.એ વાત ખરી નથી કે, ફરીયાદ જાતે ઉભી કરી ખોટી લખી લીધેલ છે.એ વાત ખરી છે કે, તપાસના કામે મે ફીંગરપ્રીન્ટ નીષ્ણાંતને બોલાવી બનાવ વાળી જગ્યાએ થી તેમજ બોલેરો ગાડીમાંથી ફીંગરપ્રીન્ટના નમુના લીધેલ નથી. એ વાત ખરી નથી કે, ફીગરપ્રીન્ટ નીષ્ણાંતને બોલાવવાથી મારી તપાસ ખોટી ઠરે તેમ હોય મે નીષ્ણાંતને બોલાવેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદ નાનુબેન મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે," ભવાનપ્રેમજીભાઈ પાસે છરી હતી જેને કનુભાઈ હીરાભાઈને આખા શરીરે છરીના ઘા મારેલા તથા ભવાનભાઈ પ્રેમજીભાઈના બીજા નંબરના ભાઈએ ધોકો માથામાં કનુભાઈ હીરાભાઈ ને મારેલ તેમજ કાંતીભાઈના હાથમાં છરી હતી જેણે પણ કનુભાઈ હીરાભાઈ ઉપર ઘા મારેલ અને બોલતા હતા કે મારો મારો અને મારી ને આ લોકો ભાગવા લાગેલ ત્યારે અમોએ કરેલ કે તમો સગા થાઓ છો શુ કામ આમ કરો છો"

એ વાત ખરી છે કે, સાહેદ નાનુબેન મારી રૂબરૂના નીવેદનમાં તેઓએ બનાવ નજરે જોયેલ હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદ નાનુબેને મારી રૂબરૂના નીવેદનમાં બોધાભાઈ પ્રેમજીભાઈનુ નામ લખાવેલ નહી.એ વાત ખરી છે કે, સાહેદ ઈલાબેનએ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે," ભવાનભાઈના હાથીમાં છરી હતી હરીભાઈના હાથમાં કુંડલી વાળી લાકડી હતી. શાંતી પ્રેમજીભાઈના હાથમાં છરી, બોઘા પ્રેમજીભાઈના હાથમાં ધોકો હતો. મારા કાકા મુળજીભાઈએ મારા ભાઈ કનુભાઈને બચાવવાનો પ્રયત્ન કરેલ તે વખતે તેઓને હાથે આ લોકોએ છરી મારેલી અને ૮ ટાંકા આવેલા અને કનુભાઈ પાણી ભરેલ બેડા સાથે અથડાયેલ જેથી અવાજ થયેલ અને અમો ઘરની બહાર આવેલ અને આ ચારેયને ખુન કરતા જોયેલ અમો પકડવા દોડેલ તો આ બધા ભાગી ગયેલ." એ વાત ખરી છે કે, અમોએ સાહેદ ઈલાબેને મારી રૂબરૂના નીવેદનમાં અમોએ ચહેરા ઓળખી લીધેલા તેવુ લખાવેલ નથી.એ વાત ખરી છે કે, સાહેદ ઈલાબેનએ મારી રૂબરૂના નીવેદનમાં તેઓએ બનાવ નજરે જોયેલ હોય તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, સાહેદ ઈલાબેને મારી રૂબરૂના નીવેદનમાં બોધાભાઈ પ્રેમજીભાઈનુ નામ લખાવેલ નહી.એ વાત ખરી છે કે, સાહેદ હીરાબેન ઉર્ફે કંચનબેન એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે,"આરોપીઓ અમારી પાછળની લાઈનમાં વઢવાણ

રહે છે તેઓએ મને તા.૧૨ના રાત્રે ૦૮ વાગ્યે બોલાવેલ અને કાંઠલો જાલીને મને ધમકી આપેલ જેથી મે કહેલ કે આપણે કોઈ બોલવાનુ થયેલ નથી તમે ધમકી કેમ આપો છો તેમ કહી ને હુ નીકળી ગયેલ પછી હુ મારા ઘરે આવી ગયેલી.''એ વાત ખરી છે કે, સાહેદ હીરાબેન ઉર્ફે કંચનબેન એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે,''મારી બા એ બીજુ કહેલ કે ભરતભાઈ હીરાભાઈ સામેથી આવતા હતા તે વખતે આ લોકોએ તેને પકડીને ધમકી આપેલ કે ચુપચાય ગાડીમાં બેસી જા નહીતર કનુભાઈની જેમ તારી પણ આજ હાલ થઈ થશે. તેથી તે ગાડીમાં બેસી ગયેલ.''એ વાત ખરી છે કે, સાહેદ હીરાબેન ઉર્ફે કંચનબેન એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે, તેમની માતાએ તેમને ફોન ઉપર કોઈ વાત કરેલ હોય. એ વાત ખરી છે કે, સાહેદ હીરાબેન ઉર્ફે કંચનબેન એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે''કનુ મેહુલની ઉપર પડેલ અને પછી ઉભી થઈ ભીત તરફ જતા આ લોકોને પોતાને છોડી મુકવા હાથ જોડેલ તો આ લોકોએ જણાવેલ કે તેને તો પતાવી જ દેવો છે અને મુકેલ નથી.''એ વાત ખરી છે કે, સાહેદ હેતલબેન એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે ''મારા મામા મુળજીભાઈએ મને વાત કરેલી કે હુ કનુભાઈ,જેઠાભાઈ, મેહુલભાઈ બહાર ઓશરીમાં સુતા હતા ત્યારે આ ચાર જણા આવેલ ત્યારે મારા મામાના દીકરા મેહુલે ગોદળુ ઓઢેલ હતુ ત્યાં છરીનો ઘા મારેલ અને ત્યારબાદ કનુભાઈનુ ગોદળુ ખેંચી તેના મોઢા ઉપર ઓશીકું દાબી હાથપગ પકડી છરીના ઘા મારવા લાગેલ જેથી ત્યાં વાસણ પડેલ હોય તેનો અવાજ થતા મારા મામા જાંગી ગયેલ.'' એ વાત ખરી છે કે, સાહેદ હેતલબેન એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે '' બોઘાભાઈ એ ઓશીકું દબાવી દીધેલુ. '' એ વાત ખરી છે કે, સાહેદ હીરાભાઈ એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે'' હાલના ચારેય આરોપીઓએ એટલે કે ભવાન પ્રેમ, હરી પ્રેમજી,શાંતી પ્રેમજી, અને બોઘા પ્રેમજી, એ મારા બીજા દીકરા ભરતભાઈને સાથે લઈ ને થાનગઢ ગયેલ અને મારા દીકરા ભરતભાઈએ એવુ કહેલ કે તુ મારી સાથે ચાલ તારા ભાઈ સાથે ચા–પાણી પી અને સમજુતી કરવી છે જેથી તેઓ ત્યાં બોલેરો ગાડીમાં ગયેલ અને સમજુતી કરી પાછા આવીશુ તેમ કહેલ.'' એ વાત ખરી છે કે, સાહેદ હીરાભાઈ એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે '' જેથી અમો ત્યા જતા પાંચ સાત પોલીસ વાળા તથા પી.એસ.આઈ. ગઢવી સાહેબ હાજર હતા અને અમોને બહાર બેસવાનું કહેતા અમો બહાર બેઠેલા. ત્યાર પછી અમો ત્યાં પોલીસના કહેવાથી પોલીસની સાથે વઢવાણ આવેલા અને ત્યા આરોપીનું ઘર મે બતાવેલુ ત્યાં પોલીસે તપાસ કરતા આરોપી મળી આવેલ નહી પરંતુ લોહીવાળા કપડા લટકાતા હતા તે પોલીસે કબજે કરેલા અને ત્યારબાદ મે આરોપીની બોલેરો ગાડી બતાવેલ જે બોલેરો ગાડીમા છરી, ધોકા જેવા હથીયારો હતા અને લોહીવાળા ગાડી હતી જે ગાડી પોલીસ સાથે લઈ લીધેલ અને હું ત્યારબાદ થાન દવાખાને પાછા આવેલો.''એ વાત ખરી છે કે, સાહેદ નાનજીભાઈ વાઘેલા એ મારી રૂબરૂના નીવેદનમાં એવુ લખાવેલ નથી કે '' જે અંગેની જાણ મારા ભ્રતીજાના મોસાળમાથી ભરત ઉપર ફોન આવેલ અને જેથી ભરતે મને જાણ કરવા આવેલ અને મને કહેલ કે, મારા ભાઈને ભવાન પ્રેમજી, હરીભાઈ પ્રેમજીભાઈ, શાંતીભાઈ પ્રેમજીભાઈ અને બોઘાભાઈ પ્રેમજીભાઈએ મારી નાખેલ છે.'' સાહેદ મેહુલભાઈ એ મારી રૂબરૂના નીવેદનમાં તેમની ઉમર ૧૭ વર્ષ લખાવેલી. તથા નાનુબેને તેમની ઉમર ૭૦ વર્ષ, સાહેદ ઈલાબેને તેમની ઉમર ૧૫ વર્ષ, સાહેદ હીરાબેને તેમની ઉમર ૪૮ વર્ષ, તેમજ સાહેદ હેતલબેને તેમની ઉમર ૨૪ વર્ષ તેમજ સાહેદ હીરાભાઈએ તેમની ઉમર ૫૨ વર્ષ તેમજ નાનજીભાઈ એ તેમનીં ઉમર ૬૦ વર્ષ લખાવેલી.એ વાત ખરી નથી કે, ગુન્હાના કામે ખોટો મુદામાલ ઉભો કરેલ છે અને ખોટી રીતે આરોપીની સંડોવણી થાય તે રીતે ખોટો મુદામાલ ઉભો કરેલ છે.એ વાત ખરી નથી કે,

આરોપી ઓ વિરૂધ્ધ કોઈ પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં પંચોની પાછળથી સહી લીધેલ છે. એ વાત ખરી નથી કે, સાહેદોના નીવેદન જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ નથી. એ વાત ખરી નથ ીકે, આ કામે મે જે મુદામાલ કબજે કરેલાનુ દર્શાવેલ છે તે બજારમાંથી સહેલાઈ થી મળી રહે છે. એ વાત ખરી નથી કે, આરોપી બનાવ સમયે હાજરી ન હોવા છતા તેની ખોટી સંડોવણી થાય તે રીતે ખોટુ અટક કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૨૩) ફરીયાદપક્ષે આંક ૧૪૧ થી તપાસેલ ગગાભાઈ દલાભાઈ પારધીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,એવો પુરાવો આપેલ છે કે,તા.૧૩/૬/૧૩ ના રોજ અમો થાનગઢ પો.સ્ટે. માં એ.એસ.આઈ. તરીકે પી.એસ.ઓ.ના ચાર્જ ફરજ હાજર હતો તે દરમ્યાન થાનગઢ પો.સ્ટે.ના પો.સ.ઈન્સ. શ્રી કે.એ.ગઢવી ના રૂબરૂની ફરીયાદી મુળજીભાઈ ઉર્ફે ભીમ રાજાભાઈ મકવાણા નાઓની તેમના રૂબરૂની આરોપીઓ ભવાનભાઈ તથા બીજા ચાર આરોપીઓના વિરૂધ્ધમાં આઈ.પી.સી.કલમ–૩૦૨ વિગેરે મુજબની ફરીયાદ તેમના રીપોર્ટ સાથે ગુન્હો રજીસ્ટ્ર કરવા આપતા સી.આર.પી.સી.કલમ–૧૫૭ નો જાહેર રીપોર્ટ કરી કલાક ૧૨ઃ૩૦ વાગ્યે થાનગઢ પો.સ્ટે. ા ગુ.ર.નં. ૧૩૬ મુજબ ગુન્હો દાખલ કરી સ્ટે.ડા.માં નોંધ કરવામાં આવેલ. અને અસલ એફ.આઈ.આર. નામદાર કોર્ટ તરફ મોકલી આપવા માટે તજવીજ કરેલ અને આ ગુન્હાના કામે વિજીટેશન બનતુ હોય ભારે ગુન્હાનો રીપોર્ટ કરી લાગતા વડગતા અધિકારીઓ તરફ મોકલી આપવામાં આવેલ. અને આ ગુન્હાની તપાસ થાનગઢ પો.સ્ટે.ના પો.સ.ઈ. શ્રી કે.એ.ગઢવીને સોંપવામાં આવેલ.હુ આજરોજ તા.૧૩/૬/૨૦૧૩ ની અસલ સ્ટે.ડા. રજી. મારી સાથે લાવેલ છુ જેના પરથી સ્ટે.ડા.નોંધ નં. ૭/૧૩ ની ખરી નકલ જે ફોટો કોપી છે જેમાં મારી સહી છે. સ્ટે.ડા. નોંધ નં. ૭/૧૩ના હસ્તાક્ષર મારા છે જે સ્ટે.ડા. નોંધ નં. ૭/૧૩ની ખરી નકલ રજુ કરૂ છુ.સદર દસ્તાવેજને આંક આપવા અંગે બચાવપક્ષ તથા સરકારી વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલી છે અને ત્યાર બાદ કોર્ટે એવુ ફાઈન્ડીંગ આપેલ છે કે ભા.પુરાવા અધિ.ની કલમ–૧૫૪ ના પ્રબંધ ધ્યાને લઈએ તો તેમાં પ્રથમ માહીતી અહેવાલ રાજય સરકારે નીયત કરેલ નમુનામાં નોંધી ત્યારબાદ તે અંગેની નોંધ પોલીસ થાણામાં રાખવામાં આવેલ ગુન્હા નોંધની ડાયરીમાં કરવાની હોય છે. જેથી સદર સ્ટે.ડા.ને ટેન્ટેન્ટીવ આંક–૧૪૨ આપવામાં આવે છે. સદર સાહેદે વધુમાં સી.આર.પી.સી.કલમ–૧૫૪ ના ફોર્મ માં લખેલ ફરીયાદ બતાવવામાં આવે છે જેને પણ ટેન્ટેન્ટીવ આંક–૧૪૩ આપવામાં આવેલ છે. સદર સાહેદે વધુમાં ગુનો રજી. કરીને સદર ગુનાની તપાસ પી.એસ.આઈ.કે.એ.ગઢવીને સોપી આપેલી તેનો રીપોર્ટ કે જેના હસ્તાક્ષર તેમના છે અને તેમની સહી છે જે ડેપ્યુટ હુકમને રજુ કરવા અંગે દલીલો સાંભળીને ટેન્ટેન્ટીવ આંક–૧૪૪ આપવામાં આવે છે.

બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે,એ વાત ખરી નથી કે, મે મારી સરતપાસમાં જણાવેલ વિગત "તા.૧૩/૬/૧૩ ના રોજ અમો થાનગઢ પો.સ્ટે. માં એ.એસ.આઈ. તરીકે પી.એસ.ઓ.ના ચાર્જ ફરજ હાજર હતો તે દરમ્યાન થાનગઢ પો.સ્ટે.ના પો.સ.ઈન્સ. શ્રી કે.એ.ગઢવી ના રૂબરૂની ફરીયાદી મુળજીભાઈ ઉર્ફે ભીમ રાજાભાઈ મકવાણા નાઓની તેમના રૂબરૂની આરોપીઓ ભવાનભાઈ તથા બીજા ચાર આરોપીઓના વિરૂધ્ધમાં આઈ.પી.સી.કલમ–૩૦૨ વિગેરે મુજબની ફરીયાદ તેમના રીપોર્ટ સાથે ગુન્હો રજીસ્ટ્ર કરવા આપતા સી.આર.પી.સી.કલમ–૧૫૭ નો જાહેર રીપોર્ટ કરી કલાક ૧૨ઃ૩૦

વાગ્યે થાનગઢ પો.સ્ટે. ા ગુ.ર.નં. ૧૩૬ મુજબ ગુન્હો દાખલ કરી સ્ટે.ડા.માં નોંધ કરવામાં આવેલ. અને અસલ એફ.આઈ.આર. નામદાર કોર્ટ તરફ મોકલી આપવા માટે તજવીજ કરેલ અને આ ગુન્હાના કામે વિજીટેશન બનતુ હોય ભારે ગુન્હાનો રીપોર્ટ કરી લાગતા વડગતા અધિકારીઓ તરફ મોકલી આપવામાં આવેલ." તે હકીકત ખોટી જણાવુ છુ.એ વાત ખરી નથી કે, આવી કોઈ ફરીયાદ મારી પાસે આવેલ નથી કે મે તેના આધારે કોઈ રીપોર્ટ કરેલો નથી કે મે સી.આર.પી.સી.કલમ–૧૫૭ મુજબની કોઈ કાર્યવાહી કરેલ નથી.એ વાત ખરી નથી કે, સરતપાસમાં મે જણાવેલ કોઈ ઘટના કે ઘટનાક્રમ મે દર્શાવેલ તે મુજબ બનેલ નથી કે મે સરતપાસમાં જણાવ્યા મુજબની કોઈ કાર્યવાહી મે કરેલ નથી. એ વાત ખરી નથી કે, શ્રી ગઢવીના કહેવાથી મે પાછળથી ખોટા દસ્તાવેજો ઉભા કરેલ છે જેથી સદર ખોટી કાર્યવાહીને સમર્થન આપવા માટે ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી છે કે, ગુન્હાની મને કોઈ જાત માહીતી નથી. થાન પોલીસ સ્ટેશનથી થાન સરકારી હોસ્પીટલ ૫ર પાંચ દસ મીનીટમાં પહોંચી શકાય.પી.એસ.આઈ.શ્રી ગઢવી સાહેબ નુ નીવાસસ્થાન પો.સ્ટે.એ થી દોઢસો મીટર દુર હતુ. સુ.નગર ડી.એસ.પી. ઓફીસ થાનગઢ થી ૬૦ થી ૬૫ કી.મી. દુર થાય છે. થાનગઢ થી ચોટીલા આશરે ૨૦ કી.મી. દુર થાય છે. થાનગઢ થી વઢવાણ  આશરે ૭૦ થી ૭૫ કી.મી. થાય. મે તા.૧૩/૬/૧૩ ના રોજ સવારે ૮ કલાકે પી.એસ.ઓ.નો ચાર્જ લીધેલ.એ વાત ખરી છે કે, આ ગુન્હાની પ્રથમ જાણ સવારે ૫:૦૦ કલાકે થયેલ છે તેવી સ્ટે.ડા.માં નોંધ છે. એ વાત ખરી છે કે, સવારે કલાક ૮:૦૦ થી ૧૨:૩૦ સુધી મે આ ગુન્હા અંગે સ્ટે.ડા.માં નોંધ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા ઉપલા અધિકારીએ ખોટી કાર્યવાહી કરેલ હોય ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે, મે કોઈ કામગીરી કરેલ નથી કે મને કોઈ કાગળો મળેલા નથી.

(૨૪) ફરીયાદપક્ષે આંક ૩૪ થી તપાસેલ પંચ સાહેદ છનાભાઈ માવજીભાઈ વાણીયાએ તેઓની જુબાનીની સર તપાસમાં પોલીસે મને થાન પો.સ્ટે.ને બોલાવેલ અને ત્યાંથી હું તથા અન્ય માણસો તથા પોલીસના માણસો થાન આંબેડકરનગર–૫માં આવેલ બનાવવાળી જગ્યાએ ગયેલા. ત્યાં ભીમાભાઈના મકાનની અંદરથી દિવાલમાંથી પ્લાસ્ટર ઉપર ચોટેલ લોહી વાળુ પ્લાસ્ટર ઉખાડી ડબીમાં ભરીને કબજે કરેલ અને ખાટલાની બાજુમાંથી લોહી વાળી છરી મળતા પોલીસે કબજે કરેલી. ત્યાર બાદ પોલીસે મારી તૈયાર પંચનામામાં સહીઓ લીધેલી પોલીસે પંચનામુ મને વાંચી સંભળાવેલ નહી કે મે વાંચેલ નહી. તેમ જણાવી આંક ૨૯ થી બનાવવાળી જગ્યાનુ પચનામુ રજુ કરી તેમાં તેઓની સહી ઓળખી બતાવી મને આંક ૨૯ નુ પંચનામુ વાંચી સંભળાવી પુછતા જણાવુ છુ કે જેમા જણાવેલ હકીકત મે લખાવેલ નથી કે હું જાણતો નથી. આ સીવાય બીજુ કાંઈ જાણતો નથી. આમ આ સાહેદને સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવા છતા ફરીયાદપક્ષના કેસને મદદરુપ થાય તેવી કોઈ હકીકત બહાર આવેલ નથી.

જયારે બચાવપક્ષે સદર સાહેદની કરેલી ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલી છે કે એ વાત ખરી છે કે, પોલીસવાળાએ મને પંચમાં રહેવાનુ કહેલુ એટલે હું પોલીસવાળાની સાથે ગયેલો.પોલીસે પંચનામુ લખતા પહેલા લોહી તથા છરી મારી હાજરીમાં કબજે કરેલુ. મે પંચનામામાં ગુ.ર.નંબર લખાવેલ નહી પરંતુ બ્લડ કબજે કરેલુ અને છરી કબજે કરેલ તેવુ લખાવેલ.એ વાત ખરી નથી કે પોલીસે પંચનામુ લખી લઈને મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. એ વાત ખરી નથી કે હું ખરેખર સ્થળ ઉપર ગયેલ નથી પરંતુ મંળજીભાઈ મારા પડોશમાં રહેતા હોય તેમના કહેવાથી મે સહી કરેલી. સાહેદ જણાવે છે કે, પહેલા હું પો.સ્ટે.

ને ગયેલો અને પછી સ્થળ પર ગયેલો. એ વાત ખરી નથી કે મારી હાજરીમાં કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે હું અને આરોપી બંને એકજ જ્ઞાતિના છીએ. એ વાત ખરી નથી કે પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. હું પંચનામુ બોલતો હોય અને પોલીસ પંચનામુ લખતી હોય તેવુ બનેલુ. પોલીસે મને પંચમાં રહેવા માટે સવારે અગ્યાર વાગ્યે બોલાવા આવેલી. હું પો.સ્ટે.ને દશ પંદર મીનીટ રોકાયેલો.ત્યાંથી મને સ્થળ પર લઈ ગયેલા ત્યાં દશ પંદર મીનીટ રોકાયેલો.

(૨૪–એ) ફરીયાદપક્ષે આંક ૪૮ થી ડૉ.શૈલેષભાઈ ધનજીભાઈ ભુવાને તપાસેલા છે તેઓએ તેમની જુબાની માં જણાવેલ છે કે, તેઓ રાજકોટની પી.ડી.યુ મેડી. કોલેજમાં મદદનીસ પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે ડૉ. એસ.એમ.જોષી જે તે વખતે રેસીડન્ટ ડૉ. તરીકે ફરજ બજાવતા હતા જેઓ હાલ મેડી. કોલેજ છોડી જતા રહેલા છે તા. ૧૩/૬/૧૩ ના રોજ થાનગઢ પો.સ્ટે.ની લખેતી યાદીથી ઈન્કવેસ્ટ પંચનામા મરણોતર ફોર્મ સાથે રાખી કનુભાઈ હીરાભાઈ વાઘેલા રહે. વઢવાળા ઈસમની લાશ પેનલ ડૉકટરથી સબ પરીક્ષણ કરવા માટે મેળેલ મળેલી યાદીઓ ઈન્કવ. પેચનામું, મરણોતર ફોર્મ આંક ૪૯ થી ૫૩ સુધીનુ રજુ કરેલ તે જ દિવસે તેમણે તથા ડૉ. એસ.એમ. જોષીએ સાંજના ૫–૫૫ કલાક સબ પરીક્ષણની કાર્યવહી શરુ કરેલ હતી અને સાત વાગ્યે પુરી કરેલ હતી સમગ્ર કાર્યવાહીની નોંધ રાખપી પી.એમ. નોટ જેમાં તેમની સહી તથા હોદ્દાના સીલ જેમા હસ્તાક્ષર એસ.એમ. દોંશી તથા તેમના સહી તથા હોદ્દાના સીલ ઓળખી બતાવેલ છે તે આંક ૫૪ થી રજુ કરેલ છે. સદર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સદરહૂ લાશ એ ઓળખાયેલ ૨૬ વર્ષના પુરુષની હતી શરીર ઉપર જોવા મળેલ કપડાની વિગત કોલમ નં. ૭ માં દર્શાવેલ છે સદર લાશના કપડા લોહીથી ખરડાયેલ હતા પેન્ટના ખીસ્સામાંથી મરુન કલરનુ પાકીટ, એક રૂપિયાના ચાર સીકા બે રૂપિયાના ચાર સીકા દશ રૂપિયાની ૩ નોટો અને બે ફાકી મળી આવેલ હતી જે પોલીસને સોપેલી સાશનુ સારીરીક બંધારણ સામાન્ય હતુ સાશ ઠંડી હતી લાશના સમગ્ર ભાગ ઉપર અકડાઈ જવાની ક્રિયા પુર્ણ રીતે જોવા મળેલી હતી લાશના ડીપેન્ડન્ટ ભાગમાં મૃત્યુ પછી કાળા પડી જવાની ક્રિયા દબાણ વાળા હીસ્સાને છોડી સબના આગળના ભાગે હતી અને ફીકસ થયેલી હતી ચામડી ઉપર અમુક અમુક જગ્યાએ લોહીના ડાઘા હતા બંને ડોકટર મળીને લાશીની બાહય ભાગનુ સબ પરીક્ષણ કરેલ તે દરમયન લાશ ઉપર નરી આંખે જોઈ શકાય તેવી જે ઈજાઓ હતી તે કોલ નં. ૧૭ માં જણાવેલ છે. તેમજ ઈજા નં.૧ છાતીની ડાબી ફાટેલ આકારનો ભોકાયેલો ઘા ૫ સે.મી. ×૦.૫ સે.મી.ના માપનો ઉભી અવસ્થામાં હતા અને તેના ઉપરનો છેડો પીઠનો હતો મધ્ય રેખાથી ૧૧ સે.મી. ડાબી બાજુ અને હાસડીથી ૧૫ સે. મી. નીચે હતો. નીચે બુઠો હતો ઘા સ્નાયુસુધી ઉડો હતો નીચેની તરફ અને અંદરની તરફ સ્નાયુનુ સમતળ હતુ.

ઈજા નં.૨ છાતીની ડાબી રાજુ ફાચર આકારનો ભોકાયેલો ઘા. ૬ ×૦.૫ સે.મી ના માપનો ઉભી અવસ્થામાં અથો ઉપરનો છેડો તીક્ષ્ણ અને મધ્ય રેખાની ૧૭ સે.મી. ડાબી બાજુ અને હાસડીથી ૨૨ સે.મી. નીચેની તરફનો હતો ઘા છાતીના પોલાણ સુધી ઉડો હતો. છઠ્ઠી આંતર પાસળીની જગ્યામા પસાર થઈને છઠ્ઠી પાસળીનો અસ્થિ ભંગ કરીને ઉદર પટલને છેદીને નીચેની તરફ અને અંદર તરફ જતો હતો અને બળોલ ઉપર પણ ભોકાયેલો ઘા જોવા મળતો હતો નીચેનો છેડો બુઠો હતો.

ઈજા નં. ૩ છાતીની જમણી બાજુએ ફાચર આંકારનો ભોકાયેલો કા ૫.૫ ×૦.૫ સે.મી.ના માપનો ત્રાસી અવસ્થામાં ઉપરનો છેડો અંદરની બાજુએ મધ્ય રેખાથી ૧૬ સે.મી. જમણી બાજુ અને હાસડીથી ૧, સે.મી નીચેની તરફ હતો ઘા પોલાણ સુધી ઉડો હતો અને તે ૩જી આંતર પાસળીની જગ્યામાંથી પસાર થઈને અંદરની તરફ

જતો હતો. અને જમણા ફેફસાના ઉપરના ખંડમાં ભોકાયેલો ઘા જોવા મળતો હતો ઉપરનો છેડો બુઠો હતો નીચેનો છેડો તીક્ષ્ણ હતો.

ઈજા નં. ૪ જમણા હાથની બહારની બાજુએ ભોકાયેલો ઘા ૬×૦.૫ સે.મી.ના માપમાં ત્રાંસી અવસ્થામાં હાજર હતો બહારનો છેડો નીચેની બાજુ અને કોણીના સાંધાથી છ સે.મી. ઉપર હતો બહારનો છેડો તીક્ષ્ણ અને અંદરનો છેડો બુઠ્ઠો હતો ઘા સ્નાયુ સુધીનો ઉડો હતો અંદરની તરફ થઈને જમણી હાથથી અંદરની બાજુ ૨×૦.૨ સે.મી.ના માપનો બહાર નીકળેલ ઘા હતો.

ઈજા નં.૫ જમણા હાથથી પાછળના ભાગે બે કપાયેલા ઘા જે ૮×૦.૩ સે.મી.×૦.૨ સે.મી.માપના આડી અવસ્થામાં અને બંને એક બીજાને સમાંતર રીતે હાજર હતા જે કોણીના સાંધાથી ૧૯ સે.મી. ઉપર હતા ઘા પુછળી તેની અંદરની બાજુમા હતી.

ઈજા નં.૬ જમણા હાથની વચ્ચેની આંગળીના વચ્ચેના ભાગે પાછળથી બાજુએં છુંદાયેલો ઘા ૦.૫×૦.૫ સે.મી.ના માપનો હતો તેની આજુબાજુની પેસીમાં રકતસ્રાસ જોવા મળતો હતો.

ઈજા નં. ૭ જમણાન પગના મધ્ય ભાગમાં આંગળીની બાજુમાં ધુંટણીથી ૧૫ સે.મી. નીચે ચકામુ ૧૦×૮ સે. મી.ના માપનુ હાજર હતુ તે લાલ રંગનુ હતુ.

ઈજા નં.૮ તેમના ડાબા પગના ઉપરના ભાગમાં આગળની બાજુએ ૫×૪ સે.મી.ના માપનુ ચકામુ હતુ જે જમણા ધુંટણથી ૭ સે.મી. નીચે હતુ અને લાલ કલરનુ હતુ.

ઈજા નં. ૯ ડાબા પગની મધ્ય ભાગમાં આગળની બાજુએ ધુંટણથી ૧૫ સે.મી. નીચે ચકામુ ૪×૩ સે.મી.ના માપનુ લાલ કલરનુ હતુ.

ઈજા નં. ૧૦ જમણા ટેમ્પરો પલાઈટર ભાગમાં મધ્ય રેખાથી ૭ સે.મી. જમણી બાજુ ચકામુ ૫×૪ સે.મી.ના માપનુ હાજર હતુ લાલ કલરનુ હતુ અને તેની નીચેની પેસીઓમાં લોહીનો રકતસ્રાવ જોવા મળતો હતો.સદર સાહેદે જણાવેલ છે કે ઉપરોકત તમામ ઈજા ગુજ.ના મૃત્યુ પહેલાની હતી અને તે ઈજા સીવાય નરી આંખે જોઈ શકાય તેવી ઈજા કે અસ્તીભંગ જોવા મળેલ નહી. લાશનુ આંતરીક પરીક્ષણ કરેલ તે દરમ્યાન માથા નીચેની ત્વચા ઈજાઓ કોલમ નં. ૧૭ માંદર્શાવેલ ઈજા નં. ૧૦ પ્રમાણે હતી ખોપરીના ઉપર કે નીચેના ભાગમાં અસ્થિભંગ ન હતો મગજ ફરતેના બધા અવરણ અખંડ હતા. મગજની બંને બાજુના ભાગમાં સબ એરેક નોઈડ પ્રકારનો રકતસ્ત્રવ ૧૫×૧૨ સે.મી.ના વિસ્તારમાં જોવા મળતો હતો. ગળામાં કોઈ ઈજા ન હતી. છાતીના પોલાણમાં આશરે ૧.૫ લી. લોહી હતુ. છાતીની દિવાલ અને પાસળીમાં કોલમ નં. ૧૭ માં ૨ અને ૩ ની ઈજાઓ પ્રમાણેની હતી.સદર સાહેદે વધુમાં જણાવેલ છે કે સબ પરીક્ષણની કાર્યવાહી દરમયાન લાશમાંથી લોહી અને વીસેરા લીધેલા અને પોલીસ તરફ એફ.એસ.એલ.ને મોકલવા મોકલી આપેલા હતા. સબ પરીક્ષણની કાર્યવાહી દરમ્યાન ગુજ.ના મૃત્યુનુ કામ ચલાવ કારણ આપેલુ હતુ તે અધિપ્રાય લાશ પર જોવા મળેલ ઈજાને ધ્યાન પર રાખતા તેના શરીરના નાજીક અવયમાં ઈજા થવાને કારણસર રકતસ્રાવ થઈ થવાથી આઘાત લાગતવાથી થયેલ હતુ. કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજા નં. ૧ થીપ કોઈ તીક્ષ્ણ અને ધારદાર હથિયાર વડે સંભવી શકે તેવી હતી અને ઈજા ૧ થીપ મરણ જનારના નજીક અવયવ ઉપરની અને ગુજ.નુ મૃત્યુ નીપજાવવા પુરતી હતી મુદ્દામાલ આટી. ૪ છરી જોઈને જણાવેલ છે કે, સદર છરી વડે લાસ ઉપર જોવા મળેલ ઈજા નં. ૧ થી ૪ સંભવી શકે આ ઈજા કોઈપણ વ્યકિતનુ કુદરતી ક્રમમાં મૃત્યુ નિપજાવવા પુરતી હતી અને આટલી ઈજા ઈજા

પામેલ વ્યકિતને તાત્કાલીક સારવાર મળે તો પણ તેની બચવાની શકયતા રહે નહી. જયારે લાશ પરની ઈજા નં. ૬ થી ૧૦ શરીરના નાજુક અવયવ સીવાયની સાદા પ્રકારની હતી સખત અથે બોથર્ડ પદાથ વડે કરવામાં આવેલી હતી મુદ્દા. આર્ટી. નં. ૫,૧૫,૨૫,૨૬ વડે ઈજા સંભ્મવી શકે લાશ અકડાઈ જવાની હાજરી ગુજ.નૃ મૃત્યુ સબ પરીક્ષણની કાર્યવાહી શરુ કરી તે પહેલા  ૨૪ કલાક પહેલા થયેલુ હોવુ જોઈએ. વીસેરાના પૃથ્થકરણ આધારે એફ.એસ.એલ.નો રીપોર્ટ આંક ૬૩ મા્ વીસેરા લીધેલા તેમાં કોઈ રાસાયણીંક જેરની હાજરી જોવા મળેલ નહી તેથી તેમના અભિપ્રાય પ્રમાણે મરણ જનારનૃ મુત્યુ કે તેના શરીરમા નાજીક અવયવ વડે છરી જેવા તીક્ષ્ણ ધારદાર હથીયારથી ઈજા કરી મૃત્ય નિપજાવામાં આવેલુ.

આરોપી તરફથી ઉલટ તપાસમાં સદર સાહેદે  એ વાતનો સ્વીકાર કરેલ છે કે વિજ્ઞાન હજુ તે તબકકે પહોચેલ નથી કે કોઈ ઈજા ચોકકસ પ્રકારની હથિયારથી થયેલ છે તેવુ સ્પષ્ટ કહી શકે, સદર સાહેદે તે વાતનો સ્વીકાર કરેલ છે કે લાશ ઉપર જે ઈજા જોયેલી તે કબજે લેવાયેલ મુદામાલ આર્ટી. ન.૪ સીસવાયના કોઈણ તીક્ષ્ણ હથિયારથી સંભવી શકે તેવા પ્રકારની હતી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે કોઈ માણસ ચોકકસ પ્રકારની ઈજાથી જીવી ના શકે તેવુ પણ કહી શકે નહી. તે વાતનો પણ સ્વીકાર કેરલ છે કે હાલના કીસ્સામાં લાશ ઉપર જેટલી સંખ્યામાં અને જેવા પ્રમાણમાં ઈજા થયેલી તેના કરતા વધારે સંખ્યા અને વધારે ઈજા વાળા લોકો બચી ગયા હોવાનુ વૈજ્ઞાનીક અનુભવમાંથી જાણવામાં આવેલ છે. મુદ્દા. આર્ટી. નં.૪ જોઈને કહે છે કે બંને તરફ ધાર વાળી અને વચ્ચેના ભાગે ખાચા વાળી  છરી છે પી.એમ. નોટમાં લાશ ઉપર જે ઈજા જોવા મળેલી તેના પ્રકારમાં વર્ણનવાળા હથિયારથી થઈ શકે તેનો ઉલ્લેખ કરેલ નથી. લાશની સાથે લાશની પી.એમ. યાદી સાથે ઈન્ક. પંચનામુ,મરણોતર ફોર્મ. પોલીસવાળા મેડીકલ ઓફિસરને પુરા પાડવામાં આવે છે અને તે જયારે લાશ પી.એમ. માટે મોકલવામાં આવે ત્યારે લાશની ઈજા સંબંધી જે માહીતી હતી તેની ખરાઈ થઈ શકે પોલીસ યાદીમાં તીક્ષ્ણ હથિયાર તેટલોજ ઉલ્લેખ કરવામાં આવેલ છે. પી.એમ. યાદી સાથે એફ.આઈ.આર. કે ફરીયાદની નકલ પુરી પાડવામાં આવેલ નથી. પી.એમ. યાદીમાં ગુના રજી. નંબર દર્શાવાવમાં આવેલ નથી પરંતુ સ્ટે.ડા નંબર દર્શાવવામાં આવેલ છે. ઈન્ક. પંચનામુ મોકલવામાં આવેલુ. પી.એમ.ની કાર્યવાહી દરમ્યાન ઈન્ક. પંચનામામાં લાશના બાહય ભાગે નરી નાંખે જોઈ શકાય તેવી ઈજા સીવાયની ઈજા હોવાનુ જાણમાં આવેલ ફરીથી ઈન્કવેસ્ટ પંચનામુ કરવા પોલીસને ભલામણ કરવાની જરૂર લાગેલ નથી. સદર સાહેદે તેમના વ્યવસાય કામગીરીમાં ડૉ. મોદીના જુરીસપુડનસ ઉપર આધાર રાખે છે અને લાશ પરથી ઈજા મૃત્યુ પહેલા કે મૃત્યુ પછીની તે નકકી કરવા ઈજાનો રંગ, લોહીનો ભરાવો, ઈજામાં અસ્થિભંગ હોય તો રકતસ્ત્રાવ થયેલ છે કે કેમ તે વ્રણ બાબત જોવાની રહે તેના પરથી ઈજા મૃત્યુ પહેલાની કે પછીની છે તે નકકી થઈ શકે. પી.એમ. કોલમ નં. ૧૭ માં દર્શાવેલ ઈજા નં.૨ અસ્થિભંગની ઈજા હતી તે નકકી કરવા માટે અસ્તિભંગની ઈજામાં લોહીનો ભરાવો છે તેવી નોંધ તેમણે કરેલ નથી. ઈજા નં. ૬ થી ૧૦ તે મૃત્યુ પહેલાની કે પછીની છે તે નકકી કરવા કઈ પધ્ધતીનો ઉપયોગ કરેલ છે તેની નોંધ પી.એમ. નોટમાં કરેલ નથી. તે વાતનો સ્વીકાર કરેલ છે કે ઈજા મૃત્યુ પહેલાની કે પછીની છે તે બંનેમાં રકતસ્ત્રાવ જોવા મળે છે પરંતુ તે મૃત્યુ પહેલાનુ હોય તો તે રકતસ્ત્રાવ સાફ થતો નથી. અને જો મૃત્યુ પછીનો હોય તો જતો રહે છે. સદર સાહેદ વધુમાં જણાવે છે કે પી.એમ. નોટની કાર્યવાહી દરમ્યાન કાંઈ જોઈએ અને કા્ઈ કરીએ તે તમામ નોંધ પી.એમ. નોટમાં કરવી જરુરી

નથી. સાહેદે જણાવેલ છે કે જે કોઈ જોઈએ તેની નોંધ પી.એમ. નોટમાં કરેલ છે. મોદીના જુરીસપુડન્સમાં ખરા ઉજરડા અને બનાવના ઉજરડા વચ્ચેનો ભેદભાવ આપેલ છે તે વાતનો સ્વીકાર કરેલ છે કે લાશ ઉપર જોવા મળેલ ઈજા નં. ૧ થી ૪ બે ધાર વાળા હથિયારથી ઈજા કરવામાં આવેલ હોવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી. તે વાતનો સ્વીકાર કરેલ છે કે લાશ ઉપરની ઈજાઓ ધ્યાનમાં રાખતા મરણ જનારને ઈજા કરવામાં એક થી વધારે હથિયારથી ઈજા કરવામાં આવેલ હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. તે ાવતનો સ્વીકાર કરેલ છે કે સાશ ઉપર જોવા મળેલી કોલમ નં. ૧૦ માં દર્શાવેલી ઈજા નં. ૬ થી ૧૦ પડવા આખરવા કે બીજી કોઈ રીતે સંભવી શકે તેવુ તેમનુ કહેવુ છે.

(૨૫) સદર કામે ફરીયાદપક્ષે આંક ૨૯ થી રજુ થયેલ બનાવવવાળી જગ્યાના પંચ સાહેદ જેઠાભાઈ લાલજીભાઈ સોલંકીને આંક ૨૮ થી તેમજ આંક ૩૧ થી રજુ થયેલ આરોપીનુ અટક પંચનામાના પંચ સાહેદ અજાભાઈ પ્રભુભાઈ ધોળકીયાને આંક ૩૦ થી તથા આંક ૩૩ થી તપાસેલ પંચ સાહેદ ચતુરભાઈ કાળાભાઈ સારદીયાને તેમજ બનાવમાં ઉપયોગમાંલીધેલ બોલેરો ગાડી કબજે કર્યાના આંક ૩૬ ના પંચનામાના પંચ સાહેદ અનીલભાઈ બાબુભાઈને આંક ૩૫ થી તથા આંક ૩૭ થી મુકેશભાઈ ગણપતભાઈ સોલંકીને તથા આંક ૪૦ ના આરોપીઓના કપડા કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ મનસુખભાઈ રણછોડભાઈને આંક ૩૯ થી તથા આંક ૪૧ થી પંચ સાહેદ રમેશભાઈ વિઠ્ઠલભાઈને તેમજ આંક ૪૩ તથા આંક ૪૪ થી રજુ થયેલ ગુનામા ઉપયોગમાં લીધેલ મુદ્દામાલ હથિયાર તથા મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ રાજેન્દ્રસિંહ ગજુભા ઝાલાને આંક ૪૨ થી તથા આંક ૪૫ થી પંચ સાહેદ જયપાલસિંહ મહેન્દ્રસિંહ ઝાલાને તેમજ આંક ૪૭ થી રજુ કરેલ મુદ્દામાલ આરોપીઓએ બનાવ સમયે પેહેરેલ કપડા તથા મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ પ્રવિણભાઈ બહાદુરભાઈ સાંતોલા તથા આંક ૫૭ થી દિપકભાઈ જશમતભાઈને તથા આંક ૫૬ થી રજુ થયેલ આરોપીઓના અટક પંચનામાના પંચ સાહેદ રમેશભાઈ રાજાભાઈ આંક ૫૫થી તેમજ આંક ૫૯ થી રજુ થયેલ બોલેરો ગાડીના લીધેલ નમુના કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ બાબુભાઈ ધીરુભાઈને આંક ૫૮ થી તથા આંક ૬૦ થી પંચ સાહેદ અશોકભાઈ જીલાભાઈ સારદીયાને તપાસેલા છે ઉપરોકત તમામ પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશ માત્ર સમર્થન નહી આપતા ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપવા છતા ફરીયાદપક્ષના કેસને લેશ માત્ર સમર્થન મળે તેવી કોઈ હકીકત બહાર આવેલી છે.

**(૨૬)** આ કામે ઉભય પક્ષની દલીલો સાંભળવામાં આવેલી છે અને સદરહુ રજુઆતો અને પડેલ પુરાવાને ધ્યાને લઈને, ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો અંગે હું નીચે મુજબ મારાં કારણોની ચર્ચા કરું છું:–

**:: કા ર ણો ::**

**(૨૭)** આ કામે આરોપીઓ વિરુધ્ધ આંકરર થી ભા.દંડ સહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૨૦ બી, ૩૪ મુજબનુ તહોમતનામુ ફરમાવેલ છે.સદર કામમાં જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે તે ધ્યાને લેતા સદર કામમાં સરકાર તરફે જે દલીલ થયેલી છે તે દલીલ તેમજ બચાવપક્ષ તરફથી જે દલીલો રજુ થયેલી છે તે તથા જે ન્યાય નિર્ણય રજુ થયા તે ન્યાયા નિર્ણય ધ્યાને લીધા.સદર કામમાં જે પુરાવો રજુ થયેલ છે તેનો સારંશ ઉપર ચુકાદામાં લખવામાં આવેલ છે સદર કામમાં આરોપીઓ સામે ભા. દંડ સહીતાની કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૨૦ બી, ૩૪ મુજબના ગુના

નોધાયેલા છે બચાવપક્ષ તરફથી જે ન્યાય નિર્ણય રજુ થયા તે ઘ્યાને લીધા. બચાવપક્ષ તરફથી જે ૨૦૧૪ એ.આઈ.આર. સુ.કો. વીકલી એસ.સી. ડબલ્યુ સ્ટેટ ઓફ હીમાચલ પ્રદેશ વિ. રાજકુમારના કેસમાં ઠરાવ્યા મુજબ જો પુરાવાની કડીઓ સંપુર્ણ રીતે સાબીત થતી ન હોય અને સામાવાળાએ નિદોર્ષ છે તે માટેનુ કોઈ વ્યાજબી કારણ ન રહે તો આરોપીએ ગુનો કરેલ છે તેવુ માની શકાય નહી.

તેમજ સદર કામમાં ૨૦૧૪ એ.આઈ.આર. એચ.સી. ડબલ્યુ ૨૪૪૦ માં ઠરાવ્યા મુજબ જયારે આરોપીની નિદોષતા અંગેનુ અનુમાન થતુ હોય ત્યારે તે પસંદ કરવો જોઈએ અને નીચેની અદાલતે જે પુરાવો રજુ થયેલ હતો તે સમગ્ર ઘ્યાને લઈને આરોપીની નિદોર્ષતાનો વ્યુ લીધેલો જે નામ. સુપ્રિમ કોર્ટે ગ્રાહય રાખેલુ.

૨૦૧૪(૬) સ્કેલ પા. ૪૮૫ નો જે ચુકાદો છે,નામ. સુપિંમ કોર્ટનો ચુકાદો ગણેશ દત વિ. સ્ટ ઓ. ઉતરાખંડનો ચુકાદો,તેમાં લોહી વાળી માટી બનાવ વાળી જગ્યાએથી કબજે કરવામાં આવેલી પરંતુ સદરહું માટી એ કેમીકલ એકઝામીનેશન માટે મોકલવામાં આવેલી નહી અને તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ નિવેડેલ અને આરોપીને છોડી મુકેલા તે મતલબનો ચુકાદો છે.

નામ. ગુજ. હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજ. વિ. કીશનભાઈ વિ.નો તે રજુ કરેલ છે તે ચુકાદો ભા. દંડ સહીતાની કલમ ૩૬૩,૩૬૯,૩૭૬,૩૯૪,૩૦૨ માટેનો તેમજ બોમ્બે પો. એકટની કલમ ૧૩૫(૧) હેઠળનો હતો તેમાં એપેલન્ટ દિકરીનુ અપહરણ કરવામાં આવેલુ એફ.આઈ.આર. દાખલ થયેલી પરંતુ એપેલન્ટે કોઈ પુરાવો રજુ કરેલો નથી.એટલે નામ. હાઈકોર્ટે આરોપીને છોડી મુકેલા તે મતલબનો ચુકાદો છે તે ચુકાદો ઘ્યાને લીધો.

(૨૮) સદર કામમાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે ગુના અંગેની ફરીયાદ લઈને આવેલ છે તે ફરીયાદ મુળજીભાઈ ઉર્ફે ભીમ રાજાભાઈ મકવાણાએ થાનગઢ પોલીસ સ્ટેશનમાં આપેલી છે અને તા. ૧૩/૬/૧૩ ના રોજ આપેલી હોય તેવુ માલુમ પડે છે સદર કામના ફરીયાદીએ ચાલુ કામે ગુજરી ગયેલ છે અને સદર ફરીયાદને આંક આપવા સામે બચાવપક્ષે વાંધો લીધેલો અને જે અંગે મારા પુરોગામીશ્રી એ હુકમ કરેલો તેની ઉપર બચાવપક્ષ તરફથી ફો.અપીલ રજી નં.૯૦૯૨/૧૭ ની દાખલ કરેલી અને તેમાં નામ. ગુજ. હાઈકોર્ટના હુકમ મુજબ ફરીયાદી એ કુદરતી રીતે મૃત્યુ પામેલ છે અને સદર ફરીયાદમાં ફરીયાદીએ તેના મૃત્યુના કારણ અંગેનુ જણાવેલ હોય તેવુ નથી જેથી સદર ફરીયાદના કન્ટેન્સને પુરાવામાં વંચાણે લઈ શકાય નહી અને તે હુકમ મુજબ હાલના કામે ફરીયાદી ચાલુ કામે ગુજરી ગયેલા હોય અને જેથી સદર કામમાં મુળ ફરીયાદ રેકર્ડ ઉપર લીધેલ નથી. પરંતુ ક્રિ.પ્રો.કો.ક. ૧૫૪ ના પ્રબંધ મુજબ પ્રથમ માહીતી અહેવાલ કે જેને આંક ૧૪૨ આપવામાં આવેલ છે અને તે સ્ટે. ડા. એન્ટ્રીને આપવામાં આવેલી છે અને સદર નોંધ એ જે તે વખતે તેની નોંધ કરેલી હોય એટલે તેને આંક ૧૪૨ ટેન્ટેટીવ આપવામાં આવેલ છે તેવીજ રીતે ૧૫૪ ના ફોર્મ કે જેમાં ફરીયાદની વિગત જણાવેલ છે જે ફરીયાદીએ આપેલ ફરીયાદનો ઉતારો છે તેમાં ફરીયાદ લેનાર અધિકારી અને દાખલ કરનારે તેમાં તેમની સહી હોવાનુ જણાવેલ છે અને સદરહું ફોર્મને આંક ૧૪૩ ટેન્ટેટીવ આપવામાં આવેલ છે તથા સદર ગુનાની તપાસ પી.એસ.ઓ.એ પી.એસ.આઈ. ગઢવી તરફ તપાસ સોપતો હુકમ કરેલ છે જે આંક ૧૪૪ થી રજુ થયેલ છે તેને પણ ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે. સદર કામે આંક ૧૪૨,૧૪૩,૧૪૪ કે જેમાં પોલીસ

અધિ.એ ગુનો જાહેર થયેલો તેની સ્ટે.ડા.માં નોધ થયેલી હોય તેમાં જે ફરીયાદ આપેલી તેની સી.આર.પી.સી. કલમ ૧૫૪માં નોંધ કરવામાં આવેલી હોય અને તે પો.અધિકારીએ તેની ફરજ દરમ્યાન અને કાયદાકીય રીતે નીભાવવામાં આવતા રજી.માં કરવામાં આવેલી છે એટલે તેવી જે નોંધ હોય તે નોંધોને તેમની ફરજ દરમ્યાન કરેલી કાર્યવાહી છે. તેની અંદર જે ફરીયાદની વિગત લખેલી હોય તે વિગતો પુરવાર થયેલ છે કે કેમ તે અંગેની ચર્ચા હવે પછી કરવામાં આવશે તેમજ આંક ૧૪૪ ના ડેપ્યુટ હુકમ મુજબ ફરીયાદની તપાસ પોલીસ અધિ.ને સોપવામાં આવેલ હોય તેવુ માલુમ પડે છે અને ફરીયાદ આપ્યા બાદ જે કાર્યવાહી થયેલી હોય અને પોલીસ મશીનરીએ તે આધારે કાર્યવાહી કરેલી હોય એટલે ફરીયાદના કન્ટેન્સ પુરવાર ન થાય પરંતુ જે કોઈકાર્યવાહી પોલીસ અધિ.એ તેમની ફરજ દરમ્યાન કરેલી હોય તેવી નોધોને રેકર્ડ ઉપરથી દુર કરી શકાય નહી,એટલે સદર કામે આંક ૧૪૨,૧૪૩,૧૪૪ જે આપવામાં આવેલ છે તે સદર કામે ફરીયાદીની ફરીયાદ અંગેની જે નોધો સંબંધીત રજી.કરવામાં આવેલ છે તે સાબીત થાય છે કે કેમ તે ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોના પુરાવાથી નકકી થઈ શકે.

(૨૯) સદર કામમાં ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ સાબીત કરવા માટે જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તેની ચર્ચા ચુકાદામાં ઉપરના પેરેગ્રાફમાં નોંધ કરેલી છે હાલના કામે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તે જોતા તેમજ સદર કામમાં ફરીયાદીએ જે ફરીયાદ આપેલી છે તે ફરીયાદમાં આરોપી ભવાન પ્રેમજી એ મરણજનાર કનુભાઈ હીરાભાઈને ચપ્પુના ઘા મારીને મોત નીપજાવેલુ હોય અને મુળજીભાઈ કે જેમણે ફરીયાદ આપેલ હોવાનુ જણાવેલ છે તેઓ બચાવવા માટે વચ્ચે પડતા ભવાન પ્રેમજીએ તેમને ડાબા હાથ ઉપર છરીનો ઘા મારેલો તેવુ જણાવેલ છે. અત્રે પુનરાવર્તનના ભોગે તે નોંધવુ જરુરી રહેશે સદર કામમાં મુળજીભાઈ એ ચાલુ કામે જુબાની આપ્યા પહેલા કુદરતી રીતે મૃત્યુ પામેલ છે સદર કામે જે પોલીસ તપાસના કાગળો છે તે કાગળો જોતા તેમાં ઈજા પામનાર મુળજીભાઈએ હોસ્પિ.માં સારવાર લીધેલી હોય તે અંગેનો કોઈ પુરાવો પોલીસ તપાસના કાગળોમા જણાઈ આવતો નથી તેમજ ઈજા પામનારનુ કોઈ ડોકટરી સર્ટીફિકેટ સદર કામે રજુ થયેલ નથી કે કોઈ ડોકટરને પણ સાહેદ તરીકે સાઈટ કર્યા હોય કે તપાસ્યા હોય તેવુ જણાઈ આવતુ નથી.સદર કામમાં ફરીયાદપક્ષે જે સાહેદા તપાસેલ છે તે સાહેદોનો પુરાવો જોવામાં આવે તો સાહેદ નાનુબેન આંક ૯૬ થી તપાસવામાં આવેલ છે તેમની સરતપાસ જોતા સદર કામમાં મુળજીભાઈને ભવાન પ્રેમજીએ હાથપર ઈજા કરેલી હોય તેવો કોઈ પુરાવો નથી સદર કામમાં સાહેદ ઈલાબેન હીમતભાઈ મકવાણાએ તેમની જુબાનીમાં તેમના કાકા મુળજીભાઈએ તેમના ભાઈ કનુભાઈને બચાવવા પ્રયત્ન કરેલ તો તે વખતે તેમના હાથે આ લોકોએ છરી મારેલી અને ૯ ટાકા આવેલા તેવુ જણાવેલ છે તેવી જ રીતે હીરાબેન હીરાભાઈ વાઘેલાની જે જુબાની છે તેમાં પણ મુળજીભાઈને હાથે છરી મારેલી હતી તેવુ જણાવેલ છે તેમજ હીતલબેન હીરાભાઈ વાઘેલાને તપાસવામાં આવેલા છે તેઓએ મુળજીભાઈને હાથે ઈજા કરેલી તેવુ જણાવેલ છે સાહેદ હીરાભાઈ ધનજીભાઈની જુબાનીમાં પણ મુળજીભાઈ વચ્ચે પડતા તેમને હાથે છરી મારેલી અને ૯ ટાકા આવેલા તેવુ જણાવેલ છે તેવીજ રીતે સાહેદ નાનજીભાઈ ધનાભાઈ વાઘેલાની જે જુબાની છે તેમાં કોઈ મુળજીભાઈને છરી વાગેલાનુ જણાવેલ નથી. મેહુલભાઈને જે જુબાની છે કે જે સ્થળ પર હાજર હતા તેઓની જુબાની જોતા પણ તેમના કાકા મુળજીભાઈને પણ હાથે છરી મારેલી તેવુ જણાવેલ છે.સદર કામે જે પરસોતમભાઈ આલજીભાઈ મકવાણાની જુબાની છે તેમાં પણ

કનુના મામા એટલે કે મુળજીભાઈને છરી વાગેલી તેવુ મુળજીભાઈએ જણાવેલુ તેવુ જણાવેલ છે. સદર કામે જે તપાસ કરનાર અમલદારની જુબાની છે તે જુબાનીમાં ઈજાગ્રસ્ત ઈસમની વાત કરેલી હોય તેવુ જણાવેલ છે. અને સદર કામમાં સાહેદોએ પોતાની જુબાનીમાં મુળજીભાઈએ તેમને વાત કરેલી તેવુ જણાવેલ છે પરંતુ મુળજીભાઈ ગુજરી ગયેલ છે અને તેમનુ કોઈ ઈજા સર્ટીફિકેટ સદર કામમાં રજુ થયેલ નથી એટલે ફરીયાદપક્ષ જે ફરીયાદપર આધાર રાખેલ છે તેમાં મહત્વનુ ઈજા પામનારનુ મેડીકલ સર્ટીફિકેટ રજુ થયેલ નથી કે તે અંગે કોઈ ડોકટરને તપાસેલ છે એટલે સાહેદો જે જણાવે છે તે મુજબની કોઈ વિગત ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી અને મેડીકલ સર્ટી કે ડોકટરના પુરવાના અભાવે ફરીયાદપક્ષ જે ફરીયાદપર આધાર રાખે છે તે અંગે પણ શંકા ઉત્પન્ન થાય અને જેનો ખુલાસો ફરીયાદપક્ષ તરફથી થયેલ નથી.

(૩૦) સદર કામમાં ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ બન્યો ત્યારે રાત્રીના સાડા ત્રણ વાગ્યે ભાવનભાઈ પ્રેમજી ભાઈ વાઘેલા હરીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા, શાંતીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા, બોઘાભાઈ પ્રેમજીભાઈ તેમજ ભરતભાઈ હીરાભાઈ વાઘેલા સદર કામમાંફરીયાદી મુળજીભાઈ ઉર્ફે ભીમ રાજાભાઈ મકવાણાને ત્યાં તારીખ ૧૩/૬/૧૩ ના રોજ કલાક ૦૩–૩૦ થી ૪–૦૦ ના અરસામા આવેલા અને તે વખતે ભવાન પ્રેમજીભાઈ પાસે છરી અને બીજા આરોપીઓ પાસે લાકડી હતી તેવુ જણાવેલ છે. સદર કામે જે ફરીયાદ છે તે જોવામાં આવે તો આરોપી ભવાન પ્રેમજી પાસે છરી હતી તે છરીથી મરણજનાર કનુભાઈ હીરાભાઈને ઈજાઓ કરેલી તેમજ આરોપી ૨ થી ૪ નાએ મરણજનારને પકડી રાખેલ અને આરોપી નં.૫ કે જે લાકડી લઈને બારણા પાસે ઉભો રહેલો તેવુ જણાવેલ છે સદર કામે સરકારી વકીલશ્રીની દલીલમાં આરોપી નં. ૫ એ સદર ગુનાના કામે સંડોવાયેલા છે અને તેમનો રોલ છે તેવુ જણાવેલ છે સદર કામમાં આરોપીને બસ સ્ટેન્ડ પાસેથી દિવાલ કુદીને અંદર પડતા અને ભાગવા જતા કોર્ડન કરીને અટક કરેલ હોય તેવુ આંક ૩૧ ના પંચનામામાં જણાવેલ છે પંચ સાહેદોએ તેને સમર્થન આપેલ નથી તેવીજ રીતે સદર કામમાં આરોપી પાસેથી લાકડી કબજે કરવામાં આવેલી હોય તેવુ ફરીયાદપક્ષે રજુ કરેલ આંક ૪૩ ના પંચનામા મુજબ જણાવેલ છે પરંતુ તે પંચનામાને પંચ સાહેદોએ સમર્થન આપેલ નથી એટલે ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી ભરતભાઈ હીરાભાઈ પાસેથી લાકડી કબજે કરવામાં આવેલી હોય તેવુ જણાવેલ છે.

(૩૧) સદર કામે તપાસેલ સાહેદ નાનુબેને તેમની જુબાનીમાં આરોપી ભરત હીરાભાઈ સ્થળપર હાજર ન હતા તેવુ જણાવેલ છે. તેમજ સદર કામમાં ફરીયાદપક્ષે તપાસેલ હેતલબેનની જુબાનીમાં પણ ભરતભાઈ હીરાભાઈ સ્થળપર હાજર હોય તેવુ જણાવેલ નથી.સદર કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ નાનજીભાઈ ધનાભાઈ વાઘેલાની જે જુબાની છે તેમાં પણ તેમના ભત્રીજાના મોસાળમાંથી ભરત પર ફોન આવેલ જેથી ભરત મને જાણ કરવા આવેલ તેવુ જણાવેલ છે. તેમજ મેહુલભાઈ હીમંતભાઈ મકવાણાની જે જુબાની છે તેમાં પણ ભરતભાઈ સ્થળપર હાજર હોય તેવુ જણાવેલ નથી.એટલે સદર કામમાં ભરતભાઈ સ્થળપર હાજર હોય તેવુ સાહેદોએ તેમની જુબાનીમાં જણાવેલ નથી જયારે ફરીયાદમા ભરતભાઈ લાકડીલઈને દરવાજે ઉભા રહેલ હોય તેવુ ફરીયાદીનુ કથન છે તે કથનને પણ સમર્થન મળતુ નથી સદર કામમાં સાહેદ હીરાબેન હીરાભાઈ વાઘેલાની જે જુબાની છે તેમાં

તેમની બાએ તેમને કહેલ કે ભરત હીરાભાઈ તે વખતે સામેથી આવતા હતા ત્યારે આ લોકોએ એટલે કે બીજા આરોપીઓએ તેમને પકડી ધમકી આપેલ કે ચુંપ ચાપ ગાડીમાં બેસી જા નહીતર કનુભાઈની જેમ તારી પણ આ જ હાલ થશે તેવુ જણાવેલ છે. સદર કામમાં સાહેદ હીરાભાઈ ધનજીભાઈ વાઘેલાની જે જુબાની છે તે જુબાનીમાં આરોપી ભવાન પ્રેમજી,હરીભાઈ પ્રમજી, શાંતી પ્રેમજી, બોઘા પેંમજી તેમના દિકરાને ધમકી આપતા હતા અને એવુ કહેતા હતા કે તુ અમોને કામમાં નડીશ નહી નહીતર તને મારી નાખીશ અને સદર સાહેદે તેમની જુબાનીમાં ઉપર જણાવેલ આરોપીઓ તેમના બીજા દિકરા ભરતભાઈને સાથે લઈને થાન ગયેલા અને દિકરા ભરતને એવુ કહેલ કે તુ અમારી સાથે ચાલ તારા ભાઈ સાથે ચા પાણી પી અને સમજુતી કરવી છે જેથી તેઓ ત્યા્ બોલેરો ગાડીમાં ગયેલા અને સમજુતી કરી પાછા આવીશુ તેમ જણાવેલ તેવુ જણાવેલ છે. સાહેદે તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે તેવી જ વીગત તેમણે પોલીસ રુબરુના નિવેદનમાં જણાવેલ નથી તેવુ પોલીસ અધિકારીની જુબાનીમાં માલુમ પડે છે. સદર સાહેદની જે જુબાની છે તેનાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો નથી સદર કામમાં બનાવવાળી જગ્યાનુ પંચનામુ જોતા મુળ ફરીયાદીએ બનાવવાળી જગ્યા બતાવેલી હોય તેવુ માલુમ પડે છે પંરતુ ઉપર જણાવેલ તે મુજબ બનાવવાળી જગ્યા ફરીયાદીએ બતાવેલી પરંતુ તે ગુજરી ગયેલ છે અને સદર કામમાં પંચો પણ પંચનામાની વિગતને સમર્થન આપતા નથી.

(૩૨) સદર કામમાં સાહેદ હીરાભાઈની જુબાની જોતા તેમની જુબાનીમાં જણાવેલ છે કે જેથી અમો ત્યાં જતા પાંચ સાત પોલીસ વાળા તથા પી.એસ.આઈ. ગઢવી હાજર હતા અને અમોને બહાર બેસવાનુ કહેતા અમો બહાર બેઠેલા ત્યાર પછી અમો પોલીસના કહેવાથી પોલીસની સાથે વઢવાણ આવેલા અને ત્યાં આરોપીનુ ઘર મે બતાવેલુ ત્યાં પોલીસે તપાસ કરતા આરોપી મળી આવેલ નહી પરંતુ લોહી વાળા કપડા લટકતા હતા તે પોલીસે કબજે કરેલા અને ત્યાર બાદ આરોપીની બોલેરો ગાડી સાહેદ હીરાભાઈએ બતાવેલી જે ગાડીમાં છરી ધોકા જેવા હથિયારો અને લોહી વાળી ગાડી હતી જે ગાડી પોલીસે સાથે લઈ લીધેલ અને ત્યાર બાદ થાન દવાખાન પાછા આવેલા તેમ જુબાનીમાં જણાવેલ છે તેવી કોઈ વિગત સાહેદે પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી. સદર કામે ગાડી રીકવર કર્યાનુ જે પંચનામુ છે તે પંચાનામુ જોતા આંક ૩૬ ના પંચનામામાં પોલીસે પંચનામુ ગાડીનુ કરેલુ હોય તેવુ માલુમ પડે છે એટલે સદર સાહેદ હીરાભાઈ ત્યાં્ હાજર હોય અને પોલીસ સાથે તેમણે જગ્યા બતાવેલ હોય તેવુ પણ માલુમ પડતુ નથી. સદર કામે જો ભરતભાઈ સ્થળપર બારણા પાસે લાકડી લઈને હાજર હોય તો સાહેદોએ જે તેમની જુબાનીમાં જણાવેલ છે કે ભરતા સામેથી આવતા આરોપીઓએ કહેલ કે તુ બેસી જા નહીતર કનુભાઈ જેવી હાલત થશે કનુભાઈની તો લાશ મળેલી પરંતુ તારીતો લાસ પણ નહી મળે તેવી વિગતમાં વિરોધાભાસ જણાઈ આવે છે અને સદર હકીકત ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે.

(૩૩) સદર કામમાં ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ મેહુલભાઈ કે જે સ્થળ પર હાજર હતા તેઓની જે જુબાની છે તે જોતા તેમણે જુબાનીમા જણાવેલ છે કે, તેઓ તેમના કાકા કનુભાઈ,મુળજીભાઈ તથા જેઠાબાપુ અને તેમની બહેન તથા તેમના દાદીમા રુમમાં હતા અને સુતેલા હતા ત્યારે ૩ સાડાત્રણ વાગ્યાના ગાળામો તેમના મુળજી કાકા રાડુ પાડવા લાગેલા જેથી અમો બધા રુમમાંથી જાગી ગયેલા જોયુ તો વઢવાણ ગામના પ્રેમજીના હાથમાં છરી હતી તેમની સાથે ૩ આવેલ વ્યકિતએ કનુભાઈને પકડી રાખેલા જેમાં હરી પ્રેમજી,બોઘા પ્રમજી, શાંતી પ્રેમજીએ પકડી

રાખેલા અને ભવાન પ્રેમજીએ છરીના કનુભાઈને છાતીપર તથા હાથ પર મારેલા અને મારા કાકા મુળજીભાઈને પણ હાથે છરી મારેલી તેઓ છોડાવવા વચ્ચે પડેલા અને તે વખતે મેહુલભાઈ બી ગયેલ હોય અને વચ્ચે પડેલ નહી તેવુ જણાવેલ છે. એટલે સદર કામે મેહુલભાઈનુ જે વર્તન છે તે બનાવ વખતે સ્થળ પર હાજરી હોય અને તેમના કાકાને બીજા પક્ષવાળા પકડી રાખીને મારતા હોય અને બી જવાથી વચ્ચે પડેલ નહી તેવુ જે જણાવેલ છે તે વતર્ણુંક કુદરતી જણાઈ આવતી નથી.સદર કામે બીજા સાહેદો કે જે ત્યાં સ્થળ પર હાજર હતા તેમાંથી કનુભાઈનુ મૃત્યુ થયેલુ છે મુળજીભાઈ ચાલુ કામે ગુજરી ગયેલા છે નાનુબેન ઓરડામાં હતા, તથા તેમની બહેન તે પણ ઓરડામાં સુતા હતા અને સદર કામમાં ઈલાબેન હીમતભાઈની જે જુબાની છે તેમાં તેમણે ભવાનભાઈ, હીરભાઈ,બોધાભાઈ અને શાંતીલાલ એ બધાએ તેમના ભાઈ કનુભાઈને મારી નાખ્યો તેવુ જણાવેલ છે અને ભાવાનભાઈના હાથમાં છરી હતી હરીભાઈના હાથમાં કુડલીવાળી લાકડી હતી શાંતી પ્રેમજીના હાથમાં છરી હતી બોધા પ્રેંમજીભાના હાથમા ધોકો હતો તેવુ જણાવેલ છે. બનાવ વખતે તેમના કાકા બહાર રાડો નાખતા હતા અને કનુભાઈ પાણી ભરેલ બેડા સાથે અથડાયેલ જેથી અવાજ થતા ઘરની બહાર આવેલ અને ચારેને ખુન કરતા જોઈ પકડવા ગયેલા તો બધા ભાગી ગયેલા તેવુ જણાવેલ છે. નાનુબેનની જે જુબાની છે તે જુબાનીમાં જે છે તે અન્ય સાહેદ જણાવતા નથી તેવી વિગત જણાવેલ છે અને તેમાં ભાવન પેંમજીએ છરી મારેલાનુ બીજા નંબરના ભાઈએ ધોકો માથામાં કનુભાઈને મારેલાને કાંતીના હાથમાં છરી હતી જેને કનુભાઈ ઉપર ધા કરેલો અને બોલતા હતા કે મારો મારો અને મારીને આ લોકો ભાગવા લાગેલ ત્યારે તેમણે કહેલ કે તમો સગા થાવ છો શા માટે આવુ કરો છો તો ભવાન પ્રેમજીએ મુળજીભાઈને એવુ કહેલ કે જો કેસ કરશો તો જેમ કનુનુ મર્ડર કરેલ છે તેનાથી ભુડી રીતે તારુ મર્ડર થશે.નાનુબેને જે વિગત જણાવેલ છે તે ત્યાં હાજર હોય તે ઈલાબેને તેવી કોઈ વિગત જણાવેલી નથી તેમજ મેહુલભાઈની જુબાનીમાં પણ તેવી વિગત જણાવતા નથી એટલે સદર કામે સાહેદોની જુબાનીમાં એકરુપતા જણાઈ આવતી નથી.સાહેદ ઈલાબેને મુદ્દામાલ આટી.નં.૨૬ કે જે લાકડી તે બતાવતા લાકડી હતી જ નહી છરી હતી તેવુ જણાવેલ છે. સદર કામે જે મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તેમાં એક છરી કબજે કરેલી હોય તેવુ માલુમ પડે છે. સદર કામે હીરાબેનની જુબાનીમાં ભરતભાઈ સામેથી આવતા હતા ત્યારે લોકોએ તેમને પકડીને ધમકી આપેલી હોય તેવુ જણાવેલ છે અને મુળજીભાઈએ તેમને વાત કરેલી કે, મુળજીભાઈ,મેહુલ,કનુભાઈ અને જેઠાભાઈ ઓસરીમાં સુતા હતા અને આ ચારેય આરોપીઓ આવીને તેને મારવા માંડેલ જેથી કનુ મેહુલ ઉપર પડેલ અને ઉભો થઈ ભીત બાજુ જતા આ લોકો પોતાને છોડી મુકવા માટે હાથ જોડેલ તો આ લોકોએ કહેલ કે તને તો પતાવી જ દેવો છે તેવુ જણાવેલ પરંતુ બીજા લોકોને આવી વાત એટલે કે ભીત બાજુ જતા છોડી મુકવા હાથ જોડેલાનુ જણાવેલ નથી. સદર કામે હેતલબેન હીરાભાઈ વાઘેલાની જે જુબાની છે તેમાં ચાર ઈસમો સુતેલા હતા અને તેના મામાના દિકરા મેહુલે ગોદડુ ઓઢેલ હતુ ત્યાં છરીનો ધા મારેલો ત્યાર બાદ કનુભાઈનુ ગોદડુ ખેચી તેના મોઢા ઉપર ઓસીકુ દાબી છરીના ધા મારવા લાગેલા જેથી ત્યાં વાસણ પડેલ હોય અવાજ થતા તેમના મામા જાગી ગયેલા અને તેમનો ભાઈ કનુ ખળભરવા લાગેલા અને આ બધા જાગી લોકોને પકડવા જતા આ લોકો ભાગી ગયેલા અને કનુભાઈની હાલત એટલી ખરાબ હતી કે કશુ બોલી શકતો નથી તેવુ તેમના મામા મુળજીભાઈએ કીધેલુ પરંતુ સદર કામે બીજા અન્ય સાહેદોની જુબાની અને સદર સાહેદની જુબાનીમાં પણ એકરુપતા જણાઈ આવતી નથી. અને ત.ક.

અમલદારે પણ તેમની ઉલટ તપાસમાં તે વાતનો સ્વીકાર કરેલ છે કે મોઢા ઉપર ઓસીકુ દાબી હાથપગ પકડી રાખી છરીના ઘા મારવા મંડેલ એવુ નિવેદનમાં જણાવેલ નથી.

(૩૪) સદર કામે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવ બનવાનુ કારણ જણાવેલ છે તેમાં આરોપીઓ રોડ બાંધવાના કોન્ટ્રાકનુ કામ રાખતા હતા આરોપીઓ તથા ગુજ. તેમની સાથે કામે જતો હતો અને પછી ગુજરનારે રોડનુ કામ રાખવા મંડેલ જે આરોપીઓને ખટકવા માંડયુ અને ધંધાની અદાવતને કારણે બનાવ બનેલ હોય તેવુ જણાવેલ છે સદર કામમો ફરીયાદપક્ષે તપાસેલ સાહેદો પરસોતભાઈ આલજીભાઈ મકવાણાની જુબાની જોતા પણ ધંધાના બાબતેની તકરાર હોવાને કારણે બનાવ બનેલ હોવાનુ જણાવેલ છે તેમજ સદર કામમાં હીરાબેન હીરાભાઈ વાઘેલાની જે જુબાની છે તેમાં પણ સરતપાસમાં તેમનો દિકરો કનુભાઈ સી.સી. રોડના આર.સી.સી. કામ કરતો હતો પહેલા તેમનો દિકરો આરોપીઓ સાથે કામે જતો હતો પરંતુ ત્યાર બાદ તે જાતે કામ રાખવા માંડેલ જેથી આરોપીઓને ગમેલ નહી ત્યારથી મનદુઃખ ચાલતુ હતુ આ અંગે અમે અમારા દિકરાને કામ મુકાવી દીધેલ તેવુ જણાવેલ છે. બીજા સાહેદોની જે જુબાની છે તે જુબાનીમાં રોડનુ કામ રાખવા બાબતે મનદુઃખને કારણે બનાવ બનેલો તેવુ જણાઈ આવે છે. સદર કામે હીરાબેનની જુબાની જોતા તેમના દિકરા પાસેથી તેવુકામ મુકાવી દીધેલ હોય તો કોઈ બનાવ બનવાનુ કારણ રહે નહી પરંતુ સદર કામમાં જે ફરીયાદપક્ષે જે પુરાવો રજુ કરેલ છે તે પુરાવામાં પણ આરોપીઓ અને મરણજનાર વચ્ચે રોડના બાંધકામ અંગે મનદુઃખ હોય તે અંગેનો કોઈ પુરાવો કે બાંધકામ અંગેનો કોઈ પુરાવો રજુ કરેલો નથી જેથી પણ તે અંગે શંકા ઉત્પન્ન થાય.

(૩૫) સદર કામમાં ફરીયાદપક્ષે જે નાનજીભાઈ ધનાભાઈ વાઘેલાની તપાસેલ છે તેઓની જુબાનીમાં મરનાર ઓસરીમાં સુતો હતો અને દરવાજો હતો નહી જેને પણ અન્ય સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. સદર કામે કલ્યાંણભાઈ માવજીભાઈ વાણીયાએ ફરીયાદપક્ષના કેસ મુજબ ગુજ. કનુભાઈને હોસ્પિ.માં લઈ જવા માટે મુળજીભાઈ બોલાવવા આવેલ હોય અને સાથે ગયેલ હોય તેવુ માલુમ પડતુ નથી.અને સદર સાહેદે ફરીયાદપક્ષને સમર્થન આપે તેવો પુરાવો આપેલ નથી.

(૩૬) સદર કામે સાહેદ જીવણભાઈ ડુંગરભાઈ ચીહલાની જે જુબાની છે કે તેમણે બનાવ વાળી જગ્યાનો નકશો કરેલો હોય તેવુ માલુમ પડે છે. સદર કામમાં રમણભાઈ કચરાભાઈ પરમાર કે જેઓ એફ.એસ.એલ. અધિ. છે તેમણે સ્થળપર જઈને પરીક્ષણ કરીને પોતાનો રીપોર્ટ આપેલાનુ માલુમ પડે છે. સાહેદ પ્રફુલાબેન પ્રફુલચંદ્ર મકવાણાની જુબાની જોતા તેમણે પોલીસે જે નમુના એફ.એસ. એલ.મો પૃથ્થકરણ માટે મોકલેલા તેનુ પૃથ્થકરણ કરેલુ હોય અને સીરોલોજીકલ રીપોર્ટ આવતા મોકલી આપેલ હોય તેવુ માલુમ પડે છે. સદર કામે જે સીરોલોજીકલ રીપોર્ટ છે તેમાં સેતરંજી,પ્લાટરના ટુંકડા,છરી લાકડી, ગંજી પેન્ટ ઉપર લોહી એકજ ગ્રુપનુ મળેલ તેવુ માલુમ પડે છે. આર્ટી. નં. એચ–૧,એચ.–ર મા લોહીનુ ગ્રુપ બી હોય તેવુ માલુમ પડે છે. અને એચ–૧ અને એચ–ર એ ફરીયાદીના કપડા હોય અને તેની ઉપર લોહી મળેલુ હોય તેવુ માલમુ પડે છે જયારે બીજા કોઈ નમુનાઓ પર અન્ય આરોપીઓના કપડા ઉપર બ્લડગ્રુપ અપુરતુ હોય તેવુ માલુમ પડે છે. તથા જે બોલેરો ગાડીમાથી નમુના લીધેલા તે પણ અપુરતુ રુધીર હોય તેવુ માલુમ પડે છે.સદર

કામમાં ફરીયાદપક્ષે તપાસેલ બીજા પંચ સાહેદો કે જેઓ પંચનામાના પંચ છે તેમણે પંચનામાની વિગતને સમર્થન આપેલ નથી.

(૩૭) સદર કામે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે જે સાહેદોને તપાસેલ તેમના પુરાવામાં એકરુપતા જણાતી નથી. તથા જે સાહેદો હાજર હતા તે નાનુબેન અને ઈલાબેન રુમમાં હતા અને અવાજ સાંભળતા બહાર આવેલા તેવુ માલુમ પડે છે. મેહુલભાઈ હાજર હતા પંરતુ તેઓ બી ગયેલા હોય અને વચ્ચે છોડવવા પડેલ નહી તેવુ જણાવેલ છે. સદર કામે મેડીકલઓફિસરશ્રીને તપાસવામાં આવેલા છે તેઓની જુબાનીથી તેમણે મરણ જનારનુ પી.એમ. પેનલમાં કરેલુ હોય અને જે ઈજાઓ જોયેલી તે પી.એમ. પહેલાની હતી અને મૃત્યુ પહેલાની હતી તેવુ જણાવેલ છે. છરી તથા ધારદાર હથિયારથી થઈ શકે તેવી ઈજા હોવાનુ જણાવેલ છે. સદર મેડીકલ એવીડન્સથી આરોપીઓને સાકળતો કોઈ પુરાવો મળેલ નથી. સદર કામે જે પોલીસે તપાસ કરેલી છે તેમાં સ્થળ ઉપર છરી હોય તો તે છરીને ફીગરપ્રિન્ટ એક્ષપર્ટને ફિંગરપ્રિન્ટ આરોપીના લેવા માટે અને તેની સરખામણી માટે મોકલવામાં આવેલા હોય તેવુ માલુમ પડતુ નથી જે મોટી ક્ષતી ગણાય, સદર કામે સાહેદોના પુરાવામાં પણ એકરુપતા જણાઈ આવતી નથી મુળજીભાઈએ જે વાત કરેલી હોય મુળજીભાઈ ગુજરી ગયેલા છે જેથી તે અંગેનો કોઈ કોન્ટ્રાડીકસન કે ઓમીસન પણ સાબીત થઈ શકેલ નથી.તેમજ ત.ક. અમલદારની જુબાનીમાં જે વિગતો સાહેદોએ તેમના રુબરુ જણાવેલ નથી તેવી વિગત કોર્ટ રુબરુ જણાવેલાનુ માલુમ પડે છે. પંચનામાના પંચોને તપાસવામાં આવેલા છે. ત.ક. અમલદારની જુબાની મુજબ પંચો રુબરુ પ્રચનામા કરવામાં આવેલા હોય પંરતુ પંચ સાહેદોએ તેમની જુબાનીથી સમર્થન આપેલ નથી. સદર કામમાં જે બનાવવાળી જગ્યાનુ પંચનામુ છે તે મુળજીભાઈએ જગ્યા બતાવેલ હોય પરંતુ તેને પણ પંચોએ સમર્થન આપેલ નથી આરોપીઓના કપડા કબજે કરવામાં આવેલા હોય, અટક કરવામાં આવેલા હોય તે પંચનામાના પંચો પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી સદર કામની હકીકત જોતા સદર કામમાં આરોપી નં. ૫ ભરતભાઈ હરીભાઈ સ્થળપર હાજર હોય તે અંગે પણ સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી તેમજ સદર કામમાં મુળ ફરીયાદીની ફરીયાદનુ જે કથન છે તે જોતા તેને સાહેદોની જુબાનીથી પણ સમર્થન મળતુ નથી. સદર કામે ત. ક. અમલદારની જુબાનીમાં બોલેરો ગાડીમાંથી ફીગરપ્રીન્ટના નમુના લીધેલ નથી તેવુ જણાવેલ છે. સદર કામે સાહેદોએ ભવાન પ્રેમજી એ છરી મારેલી હોય ભાવન પ્રેમજીના બીજા ભાઈ હરીભાઈના હાથમા કુંડલી વાળી લાકડી હતી કાંતીભાઈના હાથમાં છરી હોવાનુ જણાવેલ છે અને કનુભાઈને માર્યાનુ જણાવેલ છે તેવી વિગત નાનુબેનની જુબાની સીવાય જણાય આવતી નથી અને તેવી વિગત ત.ક. અમલદાર રુબરુ લખાવેલ નથી તેવુ માલુમ પડે છે. તેમજ હીરાબેને તેમની જુબાનીમો જે આરોપીઓએ તા. ૧૨ ના રાતેં આઠ વાગ્યે બોલાવીને કાઠલો જાલીને ધમકી આપેલી તેવુ જે જણાવેલ છે તેવુ પણ ત.ક. અમલદાર રુબરુ જણાવેલ નથી.આમ સદર કામે જે પુરાવા રજુ થયેલા છે તે જોતા અને નામ. સુપ્રિમ કોર્ટના જે ચુકાદા છે તેમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ પણ જો સાહેદો ફરીયાદપક્ષના કેસને સંપુર્ણ સમર્થન આપતા ન હોય તો પણ જેટલી વિગત ફરીયાદને સમર્થન આપતા હોય તો તેની ઉપર આધાર રાખીને સજા કરી શકાય અને તે પુરાવો નહી માનવાને કોઈ કારણ રહે નહી તે મલતબના ચુકાદા છે હાલના કામે બનાવ વખતે જે હાજર હતા તે મેહુલભાઈની જુબાનીથી તેમણે મરણજનારને છોડાવવા વચ્ચે પડેલ હોય તેવુ પણ માલુમ પડતુ નથી તેમજ બીજા સાહેદો કે જે રુમમાં હતા અને તેઓ અવાજ સાંભળતા

બહાર આવેલા અને મેહુલભાઈ પણ મુળજીભાઈની રાડો સાંભળી જાગી જાગેલા હોય તેવુ માલુમ પડે છે તેમજ સદર કામમાં નજરે જોનાર સાહેદ મુળજીભાઈ કે જેઓ ચાલુ કામે મૈયત થયેલ છે તેવુ માલુમ પડે છે. એટલે ફરીયાદમાં જે વિગત જણાવેલ છે તે વિગતને સમર્થનકારી પુરાવો હાલના કામે રજુ થયેલ નથી.જેથી સદર કામમાં જે સ્ટે.ડા. એન્ટ્રીને નમુનાને સી.આર.સી.પી કલમ ૧૫૪ ને તથા તપાસના ડેપ્યુટ હુકમને જે ટેન્ટેટીવ આંક આપવામાં આવેલ છે તે ચુકાદામાં જણાવેલ ચર્ચા મુજબ કાયમી આંક ગણવામાં આવે છે. ત.ક. અમલદારની જુબાની અને બીજા પોલીસ સાહેદોની જે જુબાની છે તેમાં તેમણે નિયમ મુજબ કાર્યવાહી કરેલી હોય તેવુ માલુમ પડે છે પરંતુ સ્થળ પર પડેલ ચપ્પુ તથા બોલેરો ગાડીમાંથી જે ફીગરપ્રિંન્ટ પડેલ હોય તેની છાપ મેળવવા અને તેની ખરાઈ કરવા હસ્તાક્ષાર નિષ્ણાંતને બોલાવી તેની સરખામણી કરેલી હોય તેવુ માલુમ પડતુ નથી એટલે સદર કામે ઉપરોકત ચુકાવામાં ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે જે સાહેદો તપાસેલા છે અને જે મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તેનાથી ફરીયાદપક્ષ નિઃશંકપણે આરોપીઓ સામેનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે અને જયારે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબીત કરવામાં નિષ્ફળ જાય ત્યારે તેનો લાભ આરોપીઓને મળે તેવો કાયદાનો પ્રસ્થાપીત સિધ્ધાંત છે સદર કામની હકીકત જોતા સદર કામમાં સરકાર તરફે જે દલીલો કરેલી છે તેવી દલીલો સામે સહમત થઈ શકાય નહી અને સદર કામે સદર ચુકાદામાં બચાવપક્ષ તરફથી જે ન્યાય નિર્ણય રજુ થયેલ છે તે જોતા તેમાં જે સિધ્ધાંત પ્રતિપાદિત થયેલ છે તે અત્રેની કોર્ટને બંધન કરતા રહે. સદર કામમાં ફરીયાદી તથા સાહેદોના પુરાવામાં વિસંગતતા રહેલી હોય સદર ચુકાદો ધ્યાને લેતા મુદ્દા નં. ૧ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેવુ માનેલ હોય,સદર કામમાં મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આવે છે અને અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ ન્યાયના હીતમાં કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

૧) ક્રિ.પ્રો.કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી ૧.ભવાનભાઈ પ્રેમજીભાઈ વાઘેલા ૨. હરીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા ૩.શાંતીભાઈ પ્રેમજીભાઈ વાઘેલા ૪.બોઘાભાઈ ઉર્ફે મુન્નો પ્રેમજીભાઈ વાઘેલા ૫.ભરતભાઈ હીરાભાઈ વાઘેલા રહે. આરોપી નં.૧,૨,૩,૫ વઢવાણ જી. સુરેન્દ્રનગર તથા આરોપી નં. ૪ રહે. સાયલાવાળાને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨, ૧૪૭,૧૪૮,૧૪૯,૩૨૪,૫૦૪,૫૦૬(૨),૧૨૦ બી, ૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

૨) અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ બીન કિંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ સી.આર.પી.સી.ની કલમ–૪૫૨ મુજબ કરવામાં આવે છે. તેમજ સદર કામે પોલીસ કબજે કરેલમુદ્દામાલ બોલેરો ગાડી નં.જીજે ૧૩સીસી ૮૮૫૦ નો જે વચગાળાની કસ્ટડીએ પરત સોપવાનો તા.૮/૮/૧૩ ના રોજ નીચેની અદાલતે હુકમ કરેલ છે તે કાયમી કરવામાં આવે છે. તેમજ કબજે કરેલ બાકીના મુદ્દામાલ મોબાઈલની નીચેની અદાલતે ઈન્કવાયરી કરીને નીકાલ કરવો.

૩) દરેક આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ અદાલતમાં હાજર રહેવાની ખાતરી માટે રૂા.૧૦,૦૦૦/– નાં જાત તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪) આરોપીઓ જો અન્ય ગુનાના કામે જેલમાં ન હોય તો જેલ મુકત કરવા જેલ યાદી કરવી.

ચૂકાદો આજરોજ તારીખઃ ૮મી, માહે જાન્યુઆરી, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સુરેન્દ્રનગર.
તા.૦૮/૦૧/૨૦૧૯

(**હીરેનકુમાર ભવાની શંકર પાનેરી**)
એડિશનલ સેશન્સ જજ,
સુરેન્દ્રનગર.
જજ કોડ નં. GJ-00368